સળંગ અંક ૪૬ ફેબ્રુઆરી-૨૦૧૧ કિંમત રૂા. ૫-૦૦

# શ્રી સ્વામિનારાયણ

માસિક



શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
ઉદ્‌ઘાટન મહોત્સવના ઉપલક્ષમાં
પ.પૂ. મોટા મહારાજશ્રી તથા
પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હ
વિજય સ્તંભ સ્થાપન પૂજન વિધિ

શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧






















(૧). દહેગામ મંદિરમાં પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે શાકોત્સવ સાથે મહંત સ્વામી અને બ્ર.રાજુ સ્વામી (૨). માણેકપુર મંદિરમાં પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે શાકોત્સવ સાથે બ્ર.રાજુ સ્વામી અને મુનિ સ્વામી (૩). મકાખાડ મંદિરમાં શાકોત્સવનો વઘાર કરતા પ.પૂ.મહારાજશ્રી સાથે શા.શ્રીજીપ્રકાશદાસજી સ્વામી (૪). આપણા લેકલેન્ડ મંદિરમાં ઠાકોરજી સમક્ષ શાકોત્સવ દર્શન કરતા હરિભક્તો. (૫). આપણા ટોરન્ટો મંદિરમાં ઠાકોરજી સમક્ષ શાકોત્સવ દર્શન. (૬). આપણા લેસ્ટર મંદિરમાં ધનુર્માસમાં ધૂન કરતાં સંત-હરિભક્તો. (૭). આપણા શિકાગો મંદિરમાં ધનુર્માસમાં ઠાકોરજીની આરતી ઉતારતા પૂજારી સ્વામી અને ઉતરાયણ નિમિત્તે સભામાં ઝોળી ફેરવતા શા.ધર્મવલ્લભદાસજી સ્વામી

# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૪ અંક : ૪૬ ફેબ્રુઆરી-૨૦૧૧


## અ નુ ક્ર મ ણિ કા


૦૧. અસ્મદીયમ્ ૦૨

૦૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૦૩

૦૩. "જપમાળા" ૦૪

૦૪. "નિંદત નહિં કોઈ દેવકું" ૦૭

૦૫. સૌથી મોટી પદવી ૦૮

૦૬. સત્સંગની અનોખી વ્યાખ્યા અને તેનું વિવેચન ૧૦

૦૭. શિક્ષાપત્રી એક અદ્‌ભુત અંજનશલાકા ૧૨

૦૮. શ્રી સ્વામિનારાયણ મંદિર લોસ એંજલસ દશાબ્દી મહોત્સવની એક ઝાંખી ૧૪

૦૯. શાકોત્સવનો સમૈયો "બાપુનગરમાં" ૧૬

૧૦. આનંદની હેલી ૨૧

૧૧. સત્સંગ બાલવાટિકા ૨૨

૧૨. ભક્તિ સુધા ૨૪

૧૩. પ્રશ્ન પેટી ૨૭

૧૪. સત્સંગ સમાચાર ૨૮





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭

ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

**www.swaminarayanmuseum.com**

**ફોન**

૨૨૧૩૩૮૩૫ (મંદિર)

૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)

ફેક્સ : ૦૭૯ - ૨૭૪૫૨૧૪૫

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**

**પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮**

**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**

**આજ્ઞાથી**

તંત્રીશ્રી

શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.

ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.

**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા

**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ**

વાર્ષિક રૂા. ૫૦-૦૦

વંશપરંપરાગત

દેશમાં રૂ.. ૫૦૧-૦૦

વિદેશમાં : રૂા. ૧૦,૦૦૦-૦૦

છુટક નકલ : રૂા. ૫-૦૦

# અસ્મદીયમ

આપણે સૌ ઘણા સમયથી જેની પ્રતિક્ષા કરતા હતા કે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિય મઉદ્દ્ઘાટન મહોત્સવ ક્યારે આવે અને આપણા ઈષ્ટદેવ આપણા મોક્ષ અને કલ્યાણના કરતલ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને આજથી ૨૩૦ વર્ષ પૂર્વે આ ધરા પર જ્યાં જ્યાં વિચરણ કર્યું, કોઈ સંત કે ભક્ત પર અઢળક ઢળ્યા, કોઈ ગરીબ ભક્ત ઉપર અતિ રાજી થયા, એવી રીતે ગામો ગામ અને નગરે નગર વિચરણ કરીને પોતે જે વસ્તુનો ઉપયોગ કરતા તે દિવ્યાતિ દિવ્ય અને અલૌકિક જેની કોઈ કિંમત આંકી ન શકાય તેવી પ્રસાદીની વસ્તુઓ, પોતાના ચરણારવિંદ, સંપ્રદાયમાં માત્રને માત્ર સ્વયંના હસ્તાક્ષરનો એકજ પત્ર, વસ્ત્ર, આભૂષણ, વાસણ પદાર્થ, રજાઈ, નખ, અસ્થિ, દાઢ આવી મહાનથી પણ અતિ મહાન સમગ્ર બ્રહ્માંડના અધિપતિના સ્પર્શવાળી તમામ વસ્તુઓનું શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમ આપણા પરમ વંદનીય પરમ શ્રધ્ધેય શ્રીહરિના છઠ્ઠા વંશજ પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ સંકલ્પથી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ પ્રેરણા-આજ્ઞાથી અને દેશ વિદેશના સંત-હરિભક્તોના તન, મન અને ધનના સહયોગથી પૂર્ણ થયું છે. જેનું શુભ ઉદ્દ્ઘાટન તા. ૮-૩-૨૦૧૧ ફાગણ સુદ-૩ ના રોજ શ્રી નરનારાયણદેવના ૧૮૯ માં પાટોત્સવના શુભ મંગલ દિને સૌના દર્શનાર્થે ખુલ્લું મૂકવામાં આવશે. જે આપ સૌને વિદિત છે જ. આપણા ઈષ્ટદેવ સર્વોપરિ શ્રીહરિને એજ પ્રાર્થના કે આવા મહા મહોત્સવ દ્વારા અને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના મંગલ ઉદ્દ્ઘાટન પર્વે અમને એવું બળ આપજો કે અમારા નિયમ, નિશ્ચય અને પક્ષનો પાયો ખૂબજ દ્રઢ અને મજબૂત બને.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ



### (જાન્યુઆરી-૨૦૧૧)

૫. પ.ભ. હરેશકુમાર ભાવસારને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, નવાવાડજ.
શ્રી સ્વામિનારાયણ મંદિર માણેકપુર શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૬. શ્રી સ્વામિનારાયણ મંદિર મકાખાડ શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૭. કુંડાળ ગામે પ.ભ. અમૃતભાઈ સેંધાભાઈ પટેલને ત્યાં કથા પ્રસંગે પધરામણી.
૯. શ્રી સ્વામિનારાયણ મંદિર નવાવાડજ શાકોત્સવ પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર દેલવાડા શાકોત્સવ પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર કર્મશક્તિ બાપુનગર શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૧૦. શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૧૧. બાલવા ગામે પ.ભ. શીવાભાઈ રામાભાઈ ચૌધરીને ત્યાં કથા પ્રસંગે પધરામણી.
૧૨. શ્રી સ્વામિનારાયણ મંદિર મણીયોર (ઈડર દેશ) શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૧૩. શ્રી સ્વામિનારાયણ મંદિર ઝોલાપુર (તા. સાણંદ) શાકોત્સવ પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર દહેગામ (ટેબલા ફળી) શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૧૫. શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ ધનુર્માસ ધૂનની પૂર્ણાહુતિ પોતાના સાનિધ્યમાં થઈ.
૧૬. પ.ભ. ધીરૂભાઈ હિરજીભાઈ ખોખરને ત્યાં પધરામણી, નિકોલ ગામરોડ.
૧૭. શ્રી સ્વામિનારાયણ મંદિર સૂર્યનગર (મૂળીદેશ) ધૂન પ્રસંગે પધરામણી.
૧૯. શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી મહાપૂજા પ્રસંગે પધરામણી.
૨૦. પ.ભ. ચિમનભાઈ બબલદાસ ગજ્જરને ત્યાં પધરામણી, બારડોલપુરા.
પ.ભ. કમલેશભાઈ બચુભાઈ પટેલ (ડિંગુચાવાળા)ને ત્યાં પધરામણી, નારણપુરા.
પોર (જી. ગાંધીનગર) ગામે કથા પ્રસંગે પધરામણી.
૨૧. બાયડ ગામે પ.ભ. રમણભાઈ શામળભાઈ પટેલને ત્યાં પધરામણી.
૨૨. શ્રી સ્વામિનારાયણ મંદિર મેઉ શાકોત્સવ પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડીયા શ્રી જનમંગલ સમૂહ પાઠ પ્રસંગે પધરામણી.
૨૩. મેડા ગામે પ.ભ. ખીમજીભાઈ ભગવાનદાસ પટેલ પરિવાર દ્વારા આયોજીત ગુરુ મંત્ર મહોત્સવ પ્રસંગે પધરામણી.
૩૦. શ્રી પ્રભા હનુમાનજી મંદિર જમીયતપુરા પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૨૧-૧૧-૧૦ પ.ભ. પિનાકીનભાઈ કાંતિભાઈ પટેલના નવા નિવાસ સ્થાન સાયન્સ સીટી સિન્ટોસાગ્રીન લેન્ડમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પધરામણી કરીને આશીર્વાદ આપી તેમના પરિવાર પર ખૂબજ પ્રસન્ન થયા હતા.

### પ.પૂ. લાલજી મહારાજશ્રીની પધરામણી

૧. શ્રી સ્વામિનારાયણ મંદિર ઝુંડાલ પારાયણ પ્રસંગે પધરામણી.
૨. શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ શાકોત્સવ પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર મોટેરા શાકોત્સવ પ્રસંગે પધરામણી.



# "જયમાળા"

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

આધ્યાત્મિક માર્ગની સિધ્ધિ માટે આપણી વૈદિક પરંપરામાં માળાને મંત્રની સિધ્ધિ અને ઈષ્ટદેવના પ્રતિક તરીકે માનવા પૂજવામાં આવે છે. જે સમયમાં મૂર્તિ અને મૂર્તિપૂજા સાધક માટે સહજ ન હતી તેવા સંજોગોમાં માળાથી મુમુક્ષુઓને સંતોષ માનવો પડતો.

માળા બે પ્રકારની છે એક ધારણ કરવાની જેને (કંઠી) કહીએ છીએ. બીજી જપ માળા. શિક્ષાપત્રી શ્લોક ૪૧ માં શ્રીહરિ લખે છે કે, ધર્મવંશી ગુરુ થકી શ્રીકૃષ્ણની દીક્ષાને પામ્યા એવા જે બ્રાહ્મણ, ક્ષત્રિય, અને વૈશ્ય એ ત્રણ વર્ણના અમારા સત્સંગી તેમણે કંઠને વિષે તુલસીની બેવડી માળા નિત્યે ધારવી.

બેવડી કંઠી વૈષ્ણવી રામાનુજી પરંપરામાં શ્રી સહિત શ્રીકૃષ્ણ સ્વરૂપે અને આત્મા-પરમાત્માના પ્રતિક રૂપે માનવામાં આવે છે. સ્વયંને બ્રહ્મરૂપ-અક્ષરરૂપના પ્રતિક અને પરબ્રહ્મના સ્વરૂપના પ્રતિક રૂપે બેવડી કંઠી જે સ્વામી-સેવકની ભાવના સિધ્ધ થાય છે. શિક્ષાપત્રી શ્લોક ૧૧૬ માં શ્રીહરિ લખે છે કે ત્રણ દેહ થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા તેને બ્રહ્મરૂપની ભાવના કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ જે તે સર્વ કાળને વિષે કરવી.

બ્રહ્મ સંબંધકારક આ જીવને મુક્તિ માટે પોતાના આત્માને બ્રહ્મરૂપે સિધ્ધ કરવો અને તે થકી પરબ્રહ્મની પ્રાપ્તિ કરવી તે હેતુથી બેવડી કંઠી ધારણ કરવાનો નિયમ થયો. શતાનંદ સ્વામી **સત્સંગિજીવન પ્રકરણ-૪ ના અધ્યાય-૮૧ માં લખ્યું છે કે, ગઢપુરમાં બન્ને આચાર્ય મહારાજશ્રીએ દીક્ષા વિધિ અંગે શ્રીહરિને પ્રશ્ન પૂછતાં જવાબમાં શ્રીહરિએ કહ્યું કે સ્નાનાદિક કર્મથી પવિત્ર થઈને** શિષ્ય મુમુક્ષુ હાથમાં શ્રીફળ લઈ ધર્મવંશી ગુરુને શરણે જાય અને પ્રણામ કરીને કહે કે સંસારનાથી ભય પામેલો હું આપના શરણે આવેલો છું. મારી રક્ષા કરો. ત્યારે ગુરુ અભયદાન આપી સંકલ્પ કરાવે કે, કાળ, માયા, પાપકર્મ, યમદૂત આ બધાના ભયથી હું શ્રીકૃષ્ણના શરણે આવેલો છું તે પરમાત્મા મારુ રક્ષણ કરો.

काल माया पापकर्म यमदूत भयादहम् ।

श्रीकृष्णस्वाहं शरणं प्रपन्नोस्मि स पातुमाम् ॥२७॥

આ પ્રમાણે હાથમાં જળ લેવડાવી સંકલ્પ કરાવીને ગુરુ શ્રીકૃષ્ણની પ્રસાદીભૂત કેશર કપૂરાદિથી યુક્ત ચંદન વડે અથવા ગોપીચંદન વડે ઉર્ધ્વપુંણ્ડ્રતિલક કરાવીને શિષ્યને ભગવાનના ચરણારવિંદના સ્પર્શવાળી તુલસી કાષ્ટની બેવડી માળા (કંઠી) પહેરાવે.

કંઠ ધારણ કરવાની માળા તેને કંઠી તરીકે પણ કહેવામાં આવે છે. ગુરુએ આપેલ ભગવાનના નામની દીક્ષાના પ્રતિક રૂપે મંત્ર અને માળા રાખવામાં આવે છે.

તે કંઠમાં ધારણ કરેલી માળાને સદાય સર્વદા સર્વ ક્રિયામાં ધારવી. કદાચ સૂત્ર દોરો જીર્ણ થાય તો નવો બદલવો પણ કંઠીના મણકાને એજ રાખવા. અનિવાર્ય સંજોગોમાં માળા પણ પડી જાય તો ગુરુ પાસે જઈને માળાને સ્નાન તિલક અક્ષતપુષ્પ વિગેરેથી પૂજા કરીને નવી માળા ધારવી. પણ પોતાની હાથે કંઠી ધારણ કરી લેવી નહિ. કંઠીની લંબાઈ હૃદય સુધીની રાખવી તેથી લાંબી રાખવી નહી. કંઠમાંથી પસાર થતી મહત્વની રક્ત વાહીની નળીઓ પર માળાનો સ્પર્શ રહેવાથી રક્ત પર સદાય પ્રભાવ રહે છે. તેથી તુલસી કાષ્ટની માળા પરબ્રહ્માની પ્રસન્નતાનું પ્રતિક છે.

સ્કન્દ પુરાણમાં કહ્યું છે કે; शयने भोजने स्नाने तथा चोत्सर्गकर्मणि । न त्यजेतुलशीमालां त्यजंस्ता दोष भाग भवेत् ॥ શયન, ભોજન, સ્નાન, મલમૂત્ર, ત્યાગ કરવામાં પણ તુલસીની કંઠીનો ત્યાગ ન કરવો. સ્કન્દપુરાણ धारणीया कंठदेशे तुलशी मालिका गले । वैष्णवेन विशेषण भगवत्प्रीति वर्धन्ति ॥ તુલસીની માળા કંઠમાં ધારણ કરવાથી ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. પદ્મ પુરાણમાં કહ્યું છે કે, જે કંઠમાં માળા ધારણ નથી કરતાં તેનું ભોજન અભક્ષ્ય સમાન અને જળ મદિરા સમાન જાણવું.

જેમ યજ્ઞોપવિત સદાય ધારણ કરવાની હોય તેમ

માળાને પણ સદાય સર્વદા ધારણ કરવી.

ગરુડ પુરાણમાં વચન છે કે,

तुलशीकण्ड संलग्नां विसर्गाद्येऽपि न त्येजत् ।

ना शौचं धारणे तस्यो यतः सा ब्रह्मरुपिणी ॥

पूजाकाले तथा ध्याने संध्यार्दो नित्य कर्मणि ।

तुलसी दधते कण्ठे ते भक्ताः हरि वल्लभाः ॥

એટલે કે, તુલસી માળાનો મૂત્ર મળ વિસર્ગાદિમાં પણ ત્યાગ ન કરવો, અને પૂજા, ધ્યાન, નિત્ય કર્મમાં માળા ધારણ કરનાર ભગવાનના પ્રિય પાત્ર બને છે.




એક માળા ધારણ કરવાની અને બીજી જપમાળા તરીકે મંત્ર જાપ કરવા રાખવામાં આવે છે. બન્ને માળા પરમાત્માના સ્વરૂપ તરીકે છે. જેવી પ્રતિષ્ઠિત થયેલ મૂર્તિની મર્યાદા જેટલી જ બન્ને માળાની મર્યાદા રાખવાની હોય છે.

જપ માળા ૧૦૮ મણકાની ઉત્તમ૫૪ મણકાની મધ્યમ૨૭ મણકાની કનિષ્ઠ માળા છે તથા કરમાળા પણ જપમાં લેવાય છે.

માળાઓના પ્રકાર : તુલસી - સર્વ સિધ્ધ દાયક, ચાંદી - કામના પૂર્તિ, રુદ્રાક્ષ - સિધ્ધિ. મોતી - આકર્ષણ, દર્ભ - પાપમુક્તિ, શંખ - સમૃધ્ધિ, કમળ કાકડી - શત્રુનાશ, હળદર - શત્રુ વિજય, બહેડા - લક્ષ્મી પ્રાપ્તિ, ચંદન -શાંતિ, વૈજયન્તી - સુંદરતા.

આ સિવાય મંત્ર જપવા યંત્રનો ઉપયોગ સર્વથા કરવો નહિ. યંત્ર કોઈ માળાનો વિકલ્પ નથી. માળા એ તો ભગવાન છે, જપની ગણના કરવા ધાન્ય ફળ ફુલ વિગેરે દ્વારા પણ કરવી નહિ. માળા માત્ર ગણના કરવા માટે નથી. તે અવશ્ય ધ્યાનમાં રાખવું.

માળા વડે મંત્ર જપવાના કેટલાક નિયમો છે. માળા હાલતા ચાલતાં જપવાનો નિષેધ છે. કદાચ હરતાં ફરતાં મંત્ર જપવો હોય તો મનથી જપી શકાય છે. એકાસને બેસી માળા જપવી. આસન વગર ફળ મળતુ નથી. માળા ગૌમુખીમાં રાખીને ફેરવવી. મંત્ર જાપ હમેશાં ગુપ્ત રાખવું. અથવા વસ્ત્રથી ઢાંકીને ફેરવવી. શાસ્ત્રોના વચન છે કે, માળા અને મુંદ્રા (ધન) ગુરુને પણ દેખાડવી. ગાયના મુખ જેવી તે ગૌમુખી કહેવાય છે. કોથળી જેવા આકાર વાળી ન રાખવી. ખુલ્લી માળા વડે જપ કરનારાના મંત્રનું ફળ દેવ-દાનવો ચોરી જાય છે. અને જપ દૂષિત થતાં ફળ નિષ્ફળ થઈ જાય છે.

માળાને પ્રાતઃ કાળે નાભિ કમળે રાખીને, મધ્યાન્હ કાળે હ્રદયે રાખીને, સાંયનકાળે નાસિકાગ્ર પાસે રાખીને જપ કરવો. જપ શિઘ્રતા ઉતાવળા ન કરવો. શિરકમ્પન માંથુ ધુણાવતાં ન કરવો. માળા જપવાના પહેલાં માળાના મેરુને સ્પર્શ કરી વંદન કરી શરૂ કરવો. અને એક માળા પૂર્ણ થતાં મેરુને આંખે સંપૂર્ણ સ્પર્શ કરવો. મેરુનું ઉલ્લંઘન કરવું નહિ. માળા જપતાં જપતાં વચમાં બોલવું કે કોઈપણ પ્રકારનો શરીરથી ઈસારો (સંકેત) કરવો નહિ, સમ્પૂર્ણ આર્યમૌન રાખવું. ભગવાનના એક એક અંગને નિરખીને અથવા અર્ન્તવૃતિ રાખીને માળા જપવી. પથારીમાં સૂતાં સૂતાં જપ ન કરવો. સ્નાનાદિ ક્રિયાથી પવિત્ર થઈને જપ કરવો. માળા જપની ગણત્રી કરવા બેરખો રાખવો પણ મનથી ગણત્રી કરવા જતાં મન માળા જપમાં લાગતું નથી. જપ પૂર્ણ થતાં માળાને ઘર મંદિરમાં મૂકવી. પૂજવાની મૂર્તિની મર્યાદાથી જરાય ઓછી મર્યાદા માળાની રાખવી નહિ.

માળા જમણા હાથે મધ્યમાં આંગળી પર રાખીને અંગુઠા વડે એક એક મણકાને ફેરવવો. અંગુઠાની બાજુની તર્જની આંગળીનો સ્પર્શ થવા દેવો નહિ. એ વાયુતત્વ

પ્રધાન હોવાથી જપને દૂષિત કરનાર છે.

માળા જપ માટે સ્થાનની શ્રેષ્ઠતાની તારતમ્યતા ખૂબજ મહત્વની છે. ઘર કરતાં ગૌશાળામાં સો ઘણું તેથી જંગલ વનમાં તીરથમાં હજાર ઘણું, પર્વત પર દશ હજાર ઘણું, નદી કિનારે લાખ ઘણું, દેવાલયમાં કરોડઘણું, અને ભગવાનની પ્રતિમા મૂર્તિ સામે અનંત ઘણું પુણ્ય મળે છે.

માળા ખરીદીને પ્રસાદીની કરાવીને પૂજન કરવુ અને નીચેના મંત્ર બોલવા.

ॐ अक्षमालाधिपतये सु सिध्धिदेही देही सर्व मंत्रार्थ

साधीनी साधय साधय सर्व सिध्धि परकल्पय

परिकल्पय मे स्वाहाः ।

जपकाले च सिध्धर्यं प्रसीद मम सिध्धये । अविध्नं

कुरु मालेः त्वं गृहणामिदक्षिणे करे ॥

જપ ત્રણ પ્રકારના છે. નૃસિંહપુરાણમાં કહ્યું છે કે, વાચિક, ઉપાશુ અને માનસિક, વાચિક એટલે ધીરે ધીરે બોલવું, ઉપાસું એટલે બીજાને ન સંભાળાય તેમ બોલવું અને માનસિક એટલે જીભ હોઠ હલે નહિ તેમ મનથી જપ કરવો. જપ કરતાં કરતાં માળા નીચે પડી જાય તો ૧૦૮ વાર મંત્ર જાપ કરીને ક્ષમાયાચના કરવી. કદાચ પગ પર અડી જાય તો તે માળાને પવિત્ર જળથી પ્રક્ષાલન કરી બે માળાનો જપ ક્ષમા યાચના માટે કરવો, એમ નૃસિંહ પરિચર્યા ગ્રન્થમાં લખ્યું છે.

જપ કરતાં કરતાં અંગુલીઓનો અગ્રભાગનો સ્પર્શ થાય અથવા મેરુનું ઉલ્લંઘન થઈ જાય તો જપ નિષ્ફળ થાય છે.

यस्मिन् स्थाने जपंकुर्यातछक्रा दिन तत्प्सलभाग भवेत।

तन्मृदालक्ष्म कुर्वीत ललाटे तिलका कृतिम् ॥

અર્થાત્ - જે સ્થાનમાં બેસીને માળાથી જપ કર્યા તે સ્થાનની મૃત્તિકા (માટી) જપ પૂર્ણ થયા બાદ ભૂઃ ભૂવઃ સ્વઃ એમ ત્રણ વાર બોલીને ત્રણવાર મસ્તકને સ્પર્શ કરવો. જપ પુરો કરીને ભૂમિની મૃતિકાને મસ્તકે ન ચડાવવાથી તે જપનું ફળ ઈન્દ્રાદિદેવો લઈ જાય છે. કદાચ પાકા ઘરમાં બેસીને જપ કર્યો હોય તો આસનની નીચે હાથથી ત્રણ વાર સ્પર્શ કરી પગે લાગવું.

વિશેષ નિયમો માટે અધુરા જપ રાખીને ઉભા થવાના સંજોગ બને તો પહેલાં આસન નીચેની ભૂમિને ત્રણ વાર સ્પર્શ કરીને જ ઉભા થવું. જો શક્ય હોય તો એક પાણીની આચમની આસન નીચે મુકીને તે જળનો ત્રણવાર સ્પર્શ કરી માથે ચડાવવું. આ કામ દરરોજ પૂજા પૂર્ણ થવાના સમયે પણ અવશ્ય કરવું. આકાશમાં દેવતાઓ આવા સત્કર્મનું ફળ લેવા રાહ જોઈ રહ્યા હોય છે. આપણી શરત ચૂકનો તેઓને સહજ લાભ મળી જાય છે.

માળા જપ એક પ્રકારની યોગ સાધના છે. તે સમય પસાર કરવાની વસ્તુ નથી કે ૧૦૦-૨૦૦ માળાઓના નિયમને ગમે તેમ કરીને પુરો કરવો એનું કોઈ ફળ નથી. કેટલીકવાર સભા પ્રસંગમાં કથા કીર્તનમાં લોકો માળાના નિયમ પુરા કરવાના પ્રયાસ કરતા હોય છે. તો તેમાં ન તો કથા કીર્તનમાં મન લાગે ન તો માળામાં મન લાગે, નાભિ-હૃદય-નાસિકાગ્ર રાખવી એ જ યોગા છે.

આપણા જ્યોતિષ શાસ્ત્રમાં ભૂત-ભવિષ્ય વર્તમાનને જાણવા ૨૭ નક્ષત્રો ૧૨ રાશી અને નવ ગ્રહોની સ્થિતિના આધારે જોવાય છે. તેથી એક દિશામાં ૨૭ નક્ષત્રો રહ્યા છે. ૪ દિશાના મળીને ૧૦૮ થાય તેના આધારે માળાના ૧૦૮ મણકા રાખવામાં આવેલ છે. તેમાં એકાદ-બે ઓછા કે વધુ રાખી શકાતા નથી.

કરમાળા કેમ જપવી તેનો ગ્રાફ આ સાથે દર્શાવેલ છે.

શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ

www.swaminarayan.in

ભારતીય સમય મુજબ આરતી દર્શન : મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૩૦ ● શયન આરતી ૨૦-૩૦

# "નિંદત નહિં કોઈ દેવકું"

- શાસ્ત્રી અભયપ્રકાશદાસજી
ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ)

ભગવાન સ્વામિનારાયણના પરમ પ્રેમ મૂર્તિ સંત સ.ગુ. પ્રેમાનંદ સ્વામી હવે નવમો નિયમ "નિંદત નહિ કોઈ દેવકું" બતાવી રહ્યા છે.

સ્વામી અહીંયા "દેવનિંદા"નો નિષેધ બતાવી રહ્યા છે. પ્રથમતો નિંદા એટલે શું ? આ પ્રશ્નના ઉત્તરમાં આપણને જે ન ગમતા હોય, જેને ન માનતા હોય, તેના દોષો શોધી. ગમે તેમ કરી બીજા આગળ ગાયો કરવા તેનું નામ નિંદા.

આ નિંદા હલકી વૃત્તિ, ઈર્ષા કે દ્વેષમાંથી જન્મતી હોય છે. કેટલાક વ્યક્તિઓની વૃત્તિ તેવી હોય છે. કે પોતે જેને ઈષ્ટ માન્યા તેતો બરોબર. પણ જે દેવને પોતે ન માનતો હોય. તેની અવગણના તિરસ્કાર કર્યા કરે. આવી હલકી વૃત્તિ ન થાય માટે ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રીના "૨૩" માં શ્લોકમાં બતાવ્યું છે કે, "માર્ગને વિશે, શિવાલયાદિક જે દેવ મંદિરો આવે તેને જોઈને નમસ્કાર કરવા અને આદર થકી તે દેવનું દર્શન કરવું. "૮૪" માં શ્લોકમાં કહ્યું છે કે વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય એ પાંચ દેવ જે તે પૂજ્યપણે કરીને માનવા.

અને એથીય વિશેષ નવ નવ ધામોમાં શ્રીનરનારાયણ આદિક દેવોની સ્થાપના કરી આપી. પણ ઘણાય અવળી બુધ્ધિવાળા એવા હોય છે કે જેને પોતાના ઈષ્ટદેવ માને છે એવા સ્વયં શ્રીહરિ એ જ જે દેવોની પ્રતિષ્ઠા કરી છે. અને જેને પોતાનું જ સ્વરૂપ કહ્યું છે. તેવા દેવોની નિંદા કરતા હોય છે. પણ શું એ લોકો શ્રીહરિના વચનને વેગળા મુકી પોતાની તાર્કિક બુદ્ધિથી શ્રીહરિએ પધરાવેલ કે અન્ય દેવોની નિંદા કરી શું એ શ્રીહરિને રાજી કરી શકવાના ખરા? ક્યારેય નહિ.

માટે જીવનમાં ક્યારેય કોઈપણ દેવની નિંદા તો ન જ કરવી.

માત્ર દેવોની જ નહિં પણ શ્રીહરિ શિક્ષાપત્રીના "૨૧" માં શ્લોકમાં વર્ણવે છે કે,

"देवतातीर्थविप्राणां साध्वीनां च सतामपि ।

वेदानां च न कर्तव्या निन्दा श्रव्या न च कचित् ॥

અને દેવતા, તીર્થ બ્રાહ્મણ, પતિવ્રતા, સાધુ અને વેદ એમની નિંદા ક્યારેય ન કરવી અને ન સાંભળવી.

શ્રીહરિએ નિંદા કરવાની તો ના પાડી પણ સાથે સાંભળવાની પણ ના કહી. કારણ કે સાંભળવામાં રુચિ બતાવવી તે પણ નિંદાનું અનુમોદન જ છે. અને તેથી નિંદા કરવા બરાબર જ કહેવાય છે.

જેમ દેવોની નિંદા ન કરવી તેવી જ રીતે તીર્થોમાં પણ પવિત્રતાનો ભાવ રહેલો છે. તેની પણ નિંદા ન કરવી. પછી વિપ્રો જે વેદાધ્યનથી સમાજના સંસ્કારોને જમાનાથી જાળવતા આવ્યા છે. જેથી જે "ભૂદેવ" કહેવાય તે પણ સમાજની પવિત્ર મૂડી છે. તેની પણ નિંદા ન કરવી. તેમજ પતિવ્રતા સ્ત્રી એ પણ સમાજના શુભ સંસ્કાર અને પવિત્રતાની મૂર્તિરૂપિ છે. અને સત્પુરુષો જે સમાજમાં સાધુતા અને સજ્જનતાના પ્રતિક રૂપ છે. વળી વેદો કે જે સર્વ જ્ઞાન-વિજ્ઞાનનું મૂળ છે. અને જે પરમેશ્વરની પરમ પવિત્ર વાણી છે. તેની પણ નિંદા કરાય કે સંભળાય નહિં.

માર્કંડેય પુરાણમાં પણ કહ્યું છે, હે પુત્ર, દેવ, વેદ, દ્વિજ, સાધુ, તીર્થ મહાત્મા પુરુષ, ગુરુ, પતિવ્રતા સ્ત્રીઓ આદિકની નિંદા તો હાસ્ય-વિનોદમાં પણ ન કરવી. તેમજ અવિનયવાળા પુરુષો એમની નિંદા કરતા હોય તો તે નિંદા ક્યારેય સાંભળવી પણ નહિ.

વળી સ્કંદ પુરાણમાં પણ કહ્યું છે,

"श्रुति भूदेव देवानां नृप साधु तपस्विनाम् ।

पतिव्रतानां नारीणां निन्दांकुर्यान्न कर्हिचित् ॥

અને વાસુદેવ માહાત્મ્ય માં તો ત્યાં સુધી લખ્યું છે કે,

"तीर्थानि देवप्रतिमा निन्देयुर्ये कुबुद्धयः ।

तेषां तु जारजातानां वंशच्छेदो भवेद्ध्रुवम् ॥

"કુબુદ્ધિવાળા તથા વર્ણશંકર એવા જે મનુષ્યો તીર્થોની તથા દેવ પ્રતિમાની નિંદા કરે છે. તેમના વંશનો નિશ્ચે ઉચ્છેદ થાય છે.

માટે જીવનમાં ભૂલથી પણ કોઈ દેવાદિકની નિંદા ન થાય તેનું ધ્યાન રાખવું.

# સૌથી મોટી પદવી

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ, જમીયતપુરા
(મહંત સ્વામી, માણસા)



સત્તા ભૂખ્યા સમાજમાં મોટપ માટે ખેંચાખેંચીની હોડમાં પાગલ બની સૌ આમથી તેમદોડતા ફરે છે. નોકરમાંથી શેઠ, શેઠમાંથી શાહુકાર અમલદારને નેતાગીરીથી ઉપરી હોદ્દાની ખુરશી સર કરવા સૌ મથી રહ્યા છે. તર્ક વિતર્ક, ફૂડ, કપટ, લાંચ રુશ્વત અને ખૂન ખરાબા સુધી હરિફાઈઓ જામી રહી છે. સંતોષી ઓડકાર બહુધા તો શમી ગયો છે. અને રહ્યો સહ્યો કોઈક સાત્વિક કંઠમાંથી બહાર આવવા મથે તો તે અતૃપ્ત અંજપાના કોલાહલમાં સંભળાતો નથી. આવા વિષમ સમયમાં ભગવાન સ્વામિનારાયણ તેઓશ્રીના શ્રીમુખે ઉદ્‌ગારેલા વચનામૃત વડતાલ પ્રકરણના ૧૬ માં કહે છે કે, "મોટા માણસ સાથે અમારે ઝાઝું બને નહિ, શા માટે જે એને રાજ્યનો ને ધનનો મદ હોય છે અને અમારે ત્યાગનો ને ભક્તિનો મદ હોય. માટે કોઈક કેને નમી દે એવું કામ નથી.......

જાકુ કછું ન ચાહિએ વો શાહનકે શાહ અહીં શહેનશાહના શહેનશાહ સ્વયં ત્યાગ અને ભક્તિના મદસ્વી સમ્રાટ સર્વોપરી શ્રીહરિ કે જેની પાસે અનંત કોટી બ્રહ્માંડોની ગણતી નથી.

"જેના રોમ સુછિદ્રમાં અણુંસમા બ્રહ્માંડ કોટી ફરે"

દેવ ઈશ્વરો સદા સર્વદા જેની આજ્ઞામાં નત મસ્તકે રહે છે. અવતારો જેનું આપ્યું ઐશ્વર્ય ભોગવે છે તે રાજાધિરાજની મોટપ આગળ અન્ય સૌ કોઈ અતિ અતિ વામણા લાગે તે સ્વાભાવિક છે. ને ભક્તો એ સર્વોપરિ સુખદાયક ચરણોની એ ભાવથી સ્તુતિ કરે છે છતાં એ સ્તુતિથી નથી તો પ્રભુ મુસ્કુરાતા કે નથી રાજીપા ભરી પ્રસન્નતા વરસાવતા. તેઓ તો કહે છે હજુ તમો એ માત્ર એક જ ડગલું અમારા ભણી ઉપાડ્યું છે. બીજું પગલું ઉપાડો ત્યારે જ પહોચોં અમારા ચરણો સમીપે ! આવા મોટાને ભગવાન જે અમે તે અમોને આખે આખા પોતાના હૃદયને વિશે અખંડ સમાવી લઈ સામાન્ય માણસો ભેળા મળી ઘરોઘર ફરતા સંતના દર્શનને તો અમે પણ ઈચ્છીએ છીએ ને એને દુઃખવતા અમો પણ મનમાં બીક રાખીએ છીએ. આવું આર્ત ભાવે ભગવાન શ્રીહરિએ ગ.પ્ર. ૩૭ ના વચનામૃતમાં સ્વમુખે સંતને વશ થઈ આ શબ્દોનું ઉચ્ચારણ કરે છે.

વળી ગ.મ.પ્ર. ૨૮ માં વચનામૃતમાં તો કહે છે કે કોઈ ભગવાનનો ખરેખરો ભક્ત હોય તો હું તો તે ભગવાનના ભક્તનો પણ ભક્ત છું અને હું ભગવાનના ભક્તની ભક્તિ કરું છું એ જ મારે વિશે મોટો ગુણ છે. અને એટલો ગુણ જેમાં ન હોય તો તેમાં કોઈ જાતની મોટપ શોભે નહીં."

"બેઠા બેઠા ગાય ત્યાં હું ઉભો ઉભો સાંભળુ ને ઉભા ઉભા ગાય ત્યાં હું નાચુ. પ્રાણ થકી મને વૈષ્ણવ વાલા....

જો મેરે સંત કો રતિ એક દુએ તેહી જડદારૂ મૈં ખોઈ નારદ મેરે સંત સે અધિક ન કોઈ."

અવા રસીયા વાલમ ભગવાને પોતાનું સમગ્ર અસ્તિત્વ સાચા નંદ સંતમાં દેખાડ્યું. પોતાને સંતના દાસભાવે મૂલવી દીધા. "હર તકદીર બનાને સે પહેલે ખુદા અપને બંદે સે પૂછે, બતા તેરી રજા ક્યા હે. મહારાજે કોઈને ધામમાં તેડી જવા વિરાભક્તને પૂછીને નિર્ણય કરવાનું એક ચરિત્ર પણ કર્યું હતું. ગમે તેમ પણ પ્રભુ પોતાની સુખદાયક સુવાસ કહીએ કે માન સન્માન ભરી મોટપ છુપાવી છે સંતમાં. એમાં બે મત નથી. લો ને શ્રીમુખના વચનો જ વાગોળીએ વ.ગ.મ. ૨૨ માં ચોખ્ખે ચોખ્ખું સમજાવે છે કે "અને જ્યારે એ ભગવાનને ભજીને આવી રીતનો સાધુ થયો ત્યારે સાધુ થકી કોઈ મોટી પદવી નથી. જેમ રાજા હોય ને તેની રાણી હોય તે જેટલામાં રાજાનું રાજ્ય છે તેટલામાં રાણીનું રાજ્ય પણ કહેવાય અને જેવો રાજાનો હુકમ ચાલે તેવો જ રાણીનો પણ હુકમ ચાલે. તેમ ભગવાનનો જેવો પ્રતાપ છે તેવોજ સાધુનો પણ પ્રતાપ છે.

મોક્ષને ઈચ્છતા તમામે તમામ મુમુક્ષુઓ માટે ભગવી કંપા ને સુખ, શાંતિ અને મોક્ષ પ્રાપ્તિનો સુખદ છાંયડો

આપી દીધો.

પણ હા, સાધુ સમાજે પણ જરા સાવધાન ! સાધુતાનો માર્ગ શ્રીહરિએ સોયના નાકાથી પણ સાંકડો રાખીને તેમાંથી આપણને પસાર કર્યા છે. સંતો નો પથ દર્શાવતા ભગવાન શ્રીહરિ લખે છે. "એકાંતિક ભક્ત હોય તે પોતાનું રૂપ દેહ માને નહિ ને પોતાને ચૈતન્યરૂપ માને અને સ્વધર્મ, જ્ઞાન ને વૈરાગ્ય તેણે સહિત ભગવાનની ભક્તિ કરે ને તે ભગવાન વિના બીજા કોઈ પદાર્થની વાસના રાખે નહિ તે આ પદવીનો અધિકારી સંત છે. વળી વ.ગ.પ્ર. ૪૪ માં તો ઉડીને આંખે વળગે એવી ઓળખાણ કરાવતા લખે છે કે "જ્યાં સુધી દેહને પોતાનું રૂપ માને છે ત્યાં સુધી એની સર્વે સમજણ વૃથા છે. અને જ્યાં સુધી વર્ણ કે આશ્રમનું માન લઈને ફરે છે ત્યાં સુધી તેને વિશે સાધુપણું આવતું નથી. માટે દેહને દેહના સંબંધીને વિશે અહંમ મમત્વનો ત્યાગ કરીને પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને તે સર્વ વાસનાનો ત્યાગ કરીને સ્વધર્મમાં રહ્યો થકો જે ભગવાનને ભજે છે તે સાધુ કહેવાય......

માટે હે "જડબુદ્ધિ જીવ, પ્રભુપદને ઈચ્છે તો કર સંતનું પારખું, રંગ પિત્ત પળે રંગ પિત્ત પળે, સોનુંને પિત્તળ નવ હોય એક સરખું." પર્વતે પર્વતે કલ્પવૃક્ષ ન મળે. ને દરેક હાથીના ગંડ સ્થળે માણેક ન હોય. તેમ ભગવે ભગવે ભગવાન ભળવા કરતા ગુણાઃ પૂજા સ્થાનમ્ ગુણેષુ, તેમને પૂજવા યોગ્ય બનાવે છે. નહી કે જ્ઞાતિ-જાતિ-ઉંમર કે સત્તાના હોદો ! શ્રીહરિ આવા એકાંતિક પુરૂષો ના વૃંદ સાથે લઈને આવ્યા અને તેઓ માટે લખ્યું કે "જેને આવું સાધુપણું આવ્યું તેને ને ભગવાનને કાંઈ છેટું રહેતું નથી.

હાલના સમયમાં સાધુ માટે શ્રીહરિના બાંધેલ દિવ્ય મંદિરોમાં રહી સેવા-ભક્તિ કરવી. **તેમજ ધર્મવંશી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાએ શ્રીહરિની આજ્ઞા માની શિર માન્ય રાખવી એ મોટામાં મોટી સાધુતા છે. સાધુના પંચવર્તમાન સહેજેજ આમાં આવી જાય છે. તેમ લાગે છે.** બીજું સર્વે થાય પણ આવી સાધુતા આવવી તો ઘણી કઠણ છે. જો આવી સાધુતા આવે તો એમના રાજીપે પ્રભુને રાજીપોને એમના વરદાને વહાલાનું વરદાન. હે ભક્તો સર્વ સુખીનઃ સતો સાધવો હૃદયઃ મમ સાધવો હૃદયઃ મમઃ સાધુ થકી કોઈ મોટી પદવી નથી.

## ગૌરવપદ સમાચાર

આપણા શ્રી નરનારાયણદેવના અનન્ય આશ્રિત મૂળ ઉનાવા (જી. ગાંધીનગર) ના વતની અને સાબરમતી મંદિરના કોઠારી પ.ભ. નારાણભાઈ બકોરભાઈ પટેલને તેમની માનવ સેવાની વિવિધ પ્રવૃતિ જેવી કે, આરોગ્ય, કેળવણી જેવા ક્ષેત્રોમાં બહુ મોટું યોગદાન હોવાથી તેઓશ્રીને આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ગુજરાતના મહા મહિમ રાજ્યપાલ શ્રીમતી કમલાજીના હસ્તે સન્માનિત કરી ૨૦૧૦-૧૧ નો 'ધરતી રત્ન' એવોર્ડ એનાયત કર્યો હતો. તેમની આ સિધ્ધિ બદલ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી અંતઃકરણ પૂર્વકના આશીર્વાદ પાઠવે છે.

## આપણા આગામી ઉત્સવો

**આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરોના પાટોત્સવ**

મહા વદ-૧/૨ : શનિવાર તા. ૧૯-૨-૨૦૧૧ **મહેસાણા**

મહા વદ-૩ : રવિવાર તા. ૨૦-૨-૨૦૧૧ **લીંબડી**

મહા વદ-૫ : મંગળવાર તા. ૨૨-૨-૨૦૧૧ **નારાયણઘાટ** (અમદાવાદ)

મહા વદ-૬ : બુધવાર તા. ૨૩-૨-૨૦૧૧ **મોરબી**

ફાગણ સુદ-૨ : રવિવાર તા. ૬-૩-૨૦૧૧ **ચરાડવા અને ભુજ શ્રીહરિકૃષ્ણ મહારાજ**નો પાટોત્સવ.

**તા. ૫-૩-૨૦૧૧ થી તા. ૯-૩-૨૦૧૧**

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્‌ઘાટન મહોત્સવ**

ફાગણ સુદ-૩ : મંગળવાર તા. ૮-૩-૨૦૧૧ શ્રી સ્વામિનારાયણ મંદિર **અમદાવાદ શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ મહોત્સવ**

ફાગણ સુદ-૪ : બુધવાર તા. ૯-૩-૨૦૧૧ **સાપાવાડા**

ફાગણ સુદ-૫ : ગુરુવાર તા. ૧૦-૩-૨૦૧૧ **કાંકરિયા**

ફાગણ સુદ-૮ : રવિવાર તા. ૧૩-૩-૨૦૧૧ **એપ્રોચ** (બાપુનગર)

ફાગણ સુદ-૧૫ : શનિવાર તા. ૧૯-૩-૨૦૧૧ મુકુટોત્સવ પૂનમ, **શ્રી નરનારાયણ જયંતી ફુલદોલોત્સવ** બપોરે ૧૨-૦૦ કલાકે

# સત્સંગની અનોખી વ્યાખ્યા અને તેનું વિવેચન



- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન કહે છે, અમારે તો પાંદડે પાંદડે સત્સંગ કરાવવો છે. શ્રીહરિએ સંપ્રદાયમાં ઉત્સવો પણ એવા આપ્યા છે કે જે ઉત્સવોના માધ્યમથી સહેજે સહેજે પાંદડે પાંદડે સત્સંગ થઈ શકે. ઉત્સવ-સમૈયામાં હજારો લાખો લોકો ભેગા થાય, દરેકને સહેજે સહેજે શ્રીહરિની સ્મૃતિ થાય. આવો જ એક ઉત્સવ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-બાપુનગરના આયોજનથી પૂર્વ વિસ્તાર બાપુનગરના દરેક સ્વામિનારાયણ મંદિરોના સંયુક્ત ઉપક્રમે તા. ૯-૧-૧૧ ને રવિવારના રોજ ઉજવાઈ ગયો. આ ઉત્સવનું નામ હતું શાકોત્સવ.

શ્રીહરિએ લોયામાં જે શાકોત્સવ કર્યો હતો, તે શ્રીહરિના લીલા ચરિત્રની સ્મૃતિ કરાવતા આ શાકોત્સવમાં પણ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સહિત સમગ્ર ધર્મકુળ પધાર્યું હતું. શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના હસ્તે રીંગણાના શાકનો વધાર થયો હતો. તેમજ સભામાં શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોએ આશીર્વચન આપ્યા હતા. આ શાકોત્સવની વિશેષતા એ હતી કે જેમાં એક સાથે ૫૧,૦૦૦ ભાઈઓ-બહેનોએ શાકોત્સવનો પ્રસાદ લીધો હતો.

**વિશાળ સભા નિહાળીને પ.પૂ. મોટા મહારાજશ્રીએ આશીર્વચનમાં કહ્યું હતું કે, આને શાકનો ઉત્સવ કહેવો કે શાકનો સમૈયો કહેવો !!! સભામાં સત્સંગની વ્યાખ્યા કરતા પ.પૂ. મોટા મહારાજશ્રીએ કહ્યું હતુ કે, સત્સંગની વ્યાખ્યા ઘણા વિદ્વાનો ઘણી રીતે કરતા હોય છે, પરંતુ અમારી દ્રષ્ટિએ જો વ્યાખ્યા કરીએ તો જે પ્રવૃતિમાં ભગવાનની સ્મૃતિ રહે તેનું નામ સત્સંગ અને જે પ્રવૃત્તિમાં ભગવાન ભૂલાય તેનું નામ કુસંગ.**

પ.પૂ. મોટા મહારાજશ્રીએ કરેલ આ વ્યાખ્યા પર વિચાર કરીએ તો આ એક જ વાકય આપણને ઘણું બધું કહી જાય છે. ઉત્સવ સમૈયાનો હેતુ જ ભગવાનની અખંડ સ્મૃતિ રહે તે જ હોઈ શકે, ભગવાનની સ્મૃતિ વિના તો સામાન્ય જન સમાજમાં મોટા ભાગના ઉત્સવો મેળાવડા બની જતા હોય છે. આપણા ઉત્સવ સમૈયામાં સામાન્યતઃ કથા-પારાયણ, વિષ્ણુયાગ (યજ્ઞ), ધૂન-કીર્તન, સભા, ઠાકોરજીને અભિષેક તથા અન્નકૂટ, સમૂહ મહાપૂજા, સમૂહ મહાપ્રસાદ તથા શ્રીહરિ રાજી થાય તેવા લોકસેવાના કાર્યક્રમોનું આયોજન થતું હોય છે. દરેક કાર્યક્રમમાં શ્રીહરિ કેન્દ્ર સ્થાને હોય છે. જે પણ ઉત્સવ સમૈયાનું આયોજન હોય તેમાં શ્રીહરિની મૂર્તિ, શ્રીહરિનું નામ અને શ્રીહરિની આજ્ઞાનું અનુસંધાન તથા સ્મૃતિ રાખીએ એટલે એ ઉત્સવ સાર્થક બને છે.

ઉત્સવ સમૈયા સિવાયની જે પણ વ્યક્તિગત પ્રવૃતિ કરીએ તેમાં શ્રીહરિની અખંડ સ્મૃતિ રાખીએ. સવારમાં ઉઠીએ એટલે હૃદયમાં શ્રીહરિની માધુરી મૂર્તિનું ધ્યાન ધરીને શ્રીહરિનું નામ લેતા લેતા પથારી છોડીએ સ્નાન કરતા કરતા શ્રીહરિના મંગળકારી નામોનો ઉચ્ચાર કરીએ તથા શ્રીહરિએ સ્નાન કરેલા પવિત્ર તીર્થોના જળાશયોનું સ્મૃતિએ સહિત નામ લઈએ. જે રૂમમાં પ્રાતઃ પૂજા કરવાની હોય તે રૂમમાં અવશ્ય કચરા પોતું કરીને પૃથ્વીના તેટલા ભાગને પવિત્ર કરીએ. શ્રીહરિની અખંડ સ્મૃતિ સહ પૂજા પાઠ કરીએ. ઘેર કે મંદિરમાં શ્રીહરિની નવધા પ્રકારની ભક્તિ શ્રીહરિની મૂર્તિનું સ્મરણ કરતા કરતા જ કરીએ. નિત્ય નિયમ ચેષ્ટાના પદો પણ મનને સ્થિર રાખીને શ્રીહરિની સ્મૃતિએ સહિત બોલીએ.

રસોઈ કરતી વખતે પણ આપણા ઈષ્ટદેવને થાળ કરવાનો છે એવા ભાવથી પવિત્ર પણે શ્રીહરિની સ્મૃતિએ સહિત થાળ તૈયાર કરીએ, થાળ શ્રીહરિને અચૂક ધરાવીએ. તથા થાળની પ્રસાદી શ્રીહરિની સ્મૃતિએ સહિત જમીએ. અર્થોપાર્જનની પ્રવૃતિમાં નીતિથી ધન કમાઈએ, દશાંશ-વિશાંશ ધર્માદો ઈષ્ટદેવને અર્પણ કરીએ તથા નોકરી-ધંધામાં પણ શકય તેટલું વધારે "સ્વામિનારાયણ" નામ લેતા રહેવું. દરેક પ્રવૃતિમાં શિક્ષાપત્રીની આજ્ઞાઓનું અનુસંધાન ડગલેને પગલે

રાખવું. શિક્ષાપત્રીની આજ્ઞાઓ પાળીએ એટલે એ શ્રીહરિની સ્મૃતિ જ ગણાય. મારા ઈષ્ટદેવની આજ્ઞા છે એટલે હું આમ કરું છું અને આમ નથી કરતો તે પ્રકારની દ્રઢતા એ શ્રીહરિનું જ એક પ્રકારે સ્મરણ કહેવાય.

ભગવાનની વાત વિના કે અન્ય જરૂરી કાર્ય-પ્રયોજન વિના અન્ય લોકો સાથે વ્યર્થ વાતો કરીએ, લોકોની નિંદા કરીએ, પંચાત કરીએ, ટી.વી. જોતા રહીએ કે છાપું વાંચતા રહીએ તેમજ જે પુસ્તકોમાં ભગવાન કે ભગવાનના અવતારો તથા ભક્તોની વાત ન હોય તેવા કચરા જેવા પુસ્તકો વાંચતા રહીએ તે બધો કુસંગનો જ પ્રકાર છે. વચનામૃતમાં શ્રીહરિએ કહેલા ચાર પ્રકારના કુસંગીનો સંગ તે પણ કુસંગ છે. ભગવાનની સ્મૃતિએ સહિત તથા શ્રીહરિની આજ્ઞાના અનુસંધાન વિનાની હરકોઈ પ્રવૃતિ કુસંગ બની રહે છે. ભગવાનના દર્શન, પૂજન, ધ્યાન, નામ સ્મરણ, કીર્તન વગેરેમાં શ્રીહરિની સહેજે સહેજે સ્મૃતિ રહે છે. ભગવાનના સંતો-ભક્તોનો સંગ કરવાથી, ભગવાનના ચરિત્રો કથા-વાર્તા વાંચવા-સાંભળવાથી તેમજ શિક્ષાપત્રીની આજ્ઞાઓનું પાલન કરવાથી તે પ્રવૃતિમાં શ્રીહરિનું સહેજે સહેજે સ્મરણ રહેવાથી તે સત્સંગની વ્યાખ્યામાં આવી જાય છે. કુસંગ છોડીને સત્સંગના રંગે જીવન રંગીને જન્મ-મરણથી છૂટીને આ જન્મે જ ભગવાનના ધામની પ્રાપ્તિ કરી લેવી. એજ મનુષ્ય જન્મની સાર્થકતા છે.

લેખના અંતમાં વનચનામૃત ગ.પ્ર.પ્ર.ના પ્રથમ વચનામૃતમાં શ્રીહરિના મુખેથી ઉચ્ચારેલા અમૃત વચનોને યાદ કરીએ તો શ્રીહરિ કહે છે. "ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃતિ રાખવી તેથી કોઈ સાધન કઠણ નથી. અને જે મનુષ્યના મનની વૃતિ ભગવાનના સ્વરૂપમાં અખંડ રહે છે તેને તેથી અધિક પ્રાપ્તિ શાસ્ત્રમાં કહી નથી. કાં જે ભગવાનની મૂર્તિ છે તે તો ચિંતામણિ તુલ્ય છે. જેમચિંતામણિ કોઈક પુરુષના હાથમાં હોય તે પુરુષ જે જે પદાર્થને ચિંતવે તે તે પ્રાપ્ત થાય છે. તેમ ભગવાનની મૂર્તિને વિષે જેના મનની અખંડ વૃતિ રહે છે તે તો જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મ એમના સ્વરૂપને જો જોવાને ઈચ્છે તો તત્કાળ દેખે છે. તથા વૈકુંઠ, ગોલોક, બ્રહ્મ-મહોલ ગે આદિક જે જે ભગવાનના ધામ છે તેને પણ દેખે છે. માટે ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃતિ રાખવી તેથી કોઈ કઠણ સાધન પણ નથી તેથી કોઈ મોટી પ્રાપ્તિ પણ નથી."

સાર એ છે કે હાલતાં, ચાલતાં, ખાતા, પીતા, કામ કરતા અને સૂતા સૂતા પણ શ્રીહરિની મૂર્તિને હૃદયમાં ધારીને અખંડ સ્વામિ.... સ્વામિનારાયણ.. બોલતા રહેવું. જન્મ-મરણ, લગ્ન કે જનોઈ વગેરે શુભ-અશુભ, સુખ-દુઃખના પ્રસંગોએ પણ શ્રીહરિ ભૂલાય નહિ !!

### આપણા ડૉ. જી.કે. પટેલે ૧૬૦ મી વાર બ્લડડોનેશન કરી વિક્રમ નોંધાવ્યો

આપણા શ્રી નરનારાયણદેવ ગાદીના નિષ્ઠાવાન અને પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના ખૂબજ કૃપાપાત્ર મહેસાણાના આપણા અગ્રગણ્ય હરિભક્ત અને ઓર્થોપેડિકના નામાંકિત ડૉ. પ.ભ. જી.કે. પટેલ વ્યવસાયે ડૉક્ટર એટલે સતત પ્રવૃતિમય જીવન છતાં પણ શ્રીજી મહારાજની શિક્ષાપત્રીની આજ્ઞા મુજબ જીવન વ્યતિત કરે છે. જેઓનું સામાજિક માનવ સેવાની પ્રવૃતિમાં ખૂબજ આગળ પડતું નામ છે. હમણાંજ તેઓએ ૧૬૦ વખત મહા કિંમતી એવું રક્તદાન કરીને વિક્રમ સ્થાપ્યો છે અને તે દ્વારા અનેક લોકોને નવજીવન મળ્યું છે. તેમનું તો એવું માનવું છે કે આવી સેવા શ્રીજી મહારાજ કરાવે છે. તેથી કરું છું. એજ ભાવના અને શ્રધ્ધા સાથે આવી પ્રવૃતિ કરે છે. આપણા પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી એ તેમની આવી માનવ સેવાની પ્રવૃતિ ને બિરદાવીને અનેકાનેક ધન્યવાદ સાથે રૂડા આશીર્વાદ પાઠવે છે.

## શ્રી સ્વામિનારાયણ મંદિર ખાણ (રાજસ્થાન) રજત જયંતી પાટોત્સવ અંગે

સંપ્રદાયના મહાન કવિ સમ્રાટ સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીના જન્મસ્થાન શ્રી સ્વામિનારાયણ મંદિર ખાણ (રાજસ્થાન)નો રજત જયંતી મહોત્સવ (૨૫ મો પાટોત્સવ) પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ પ્રેરણાથી સં. ૨૦૬૭ ફાગણ વદ-૧૨ તા. ૩૧-૩-૨૦૧૧ થી ચૈત્ર સુદ-૧ તા. ૪-૪-૨૦૧૧ પર્યન્ત શ્રીહરિયાગ, શ્રી મહાભિષેક, છપ્પનભોગ અન્નકૂટ, મહામંત્ર ધૂન, સમૂહ મહાપૂજા, સંહિતાપાઠ અને શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ પારાયણ સ.ગુ. શા.સ્વા. શ્રીજીપ્રકાશદાસજીના વક્તાપદે થશે. આ પ્રસંગ સમસ્ત ધર્મકુળની નિશ્રામાં અને ધામો ધામના સંતો અને હરિભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં ધામધૂમથી ઉજવાશે. આ પ્રસંગે સૌ સંત-હરિભક્તોને પધારવા અમારું આગ્રહ ભર્યું આમંત્રણ છે.

નિમંત્રકઃ સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીના સમસ્ત શિષ્ય મંડળ મૂળીધામ વતી, મહંત સાધુ ઓમપ્રકાશદાસ તથા રજત જયંતી મહોત્સવ સમિતિ, શ્રી સ્વામિનારાયણ મંદિર, ખાણ (રાજસ્થાન)

# શિક્ષાપત્રી એક અદ્‌ભુત અંજનશલાકા

- પ્રા. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ-કચ્છ)

શ્રી સહજાનંદ સ્વામીનો મૂળભૂત ઉદ્દેશ લોકોના ઐહિક તેમજ આધ્યાત્મિક જીવનને ઉન્નત કરવાનો હતો. તેઓના અવતારી કાળ દરમ્યાન તેમને અનેક જીવોનું કલ્યાણ કરવાનો સંકલ્પ હતો. તેઓશ્રીના ઉપદેશો, સિદ્ધાંતો અને વાતો અને વચનોમાં આ કલ્યાણની ભાવના પ્રગટ થાય છે. સમાજ કલ્યાણ, વ્યક્તિગત ઉન્નતિ તથા આત્યંતિક કલ્યાણને તેમણે એક સૂત્રમાં સાંકળ્યા. હિન્દુ ધર્મમાં બધા સંપ્રદાયોમાં અંતિમલક્ષ્ય મોક્ષ મનાયું છે. તેની પ્રાપ્તિના માર્ગો જુદા જુદા છે. મોક્ષનો માર્ગ એક દિવ્ય આધ્યાત્મ માર્ગ છે. આ માર્ગ પર ચાલનાર વ્યક્તિનું જીવન મહેકે છે. સાથે સાથે તે વ્યક્તિની આસપાસ રહેનારાઓ પણ આધ્યાત્મિક મહેક પામે છે.




તેમણે સામાન્ય જનોના આચાર, વ્યવહાર પરિશુદ્ધ કર્યા. લોકોના નૈતિક કૌવતાનો સદાચારના નિયમો દ્વારા અતિ બળવત્તર બનાવ્યું. તોઓશ્રીએ માત્ર શિખામણો કે ઉપદેશો જ નથી આપ્યા. તેમણે તો ઉપદેશો આદેશનો જીવી બતાવ્યાં.

પોતાના સ્વધામ જવાના ચાર વર્ષ અગાઉ સંવત ૧૮૮૨ ઈ.સ. ૧૮૨૬ માં વડતાલ મધ્યે મહાસુદ-૫ વસંત પંચમીના રોજ એક અપૂર્વ અંજન શલાકા રૂપ શિક્ષાપાત્રી રચી. શિક્ષાપત્રીના આપેલા આદેશો આજે સંપ્રદાયમાં ચિરંજીવ બની જવા પામ્યા છે. સત્સંગીજનો પોતાના પૂજન અર્ચનમાં પ્રતિદિન શિક્ષાપત્રીનું પૂજન કરે છે. શ્લોકોનું પઠન કરે છે. પ્રતિવર્ષ મહાસુદ-પાંચમ વસંત પંચમીના રોજ શિક્ષાપત્રી જયંતીનો મહા મહોત્સવ ઠેર ઠેર ઉજવાય છે. અભણ લોકો પણ સારી રીતે સમજી શકે તેવી ૨૧૨ શ્લોકોની ઉપદેશ શૈલી ખૂબજ સાદી છે. સંપ્રદાયની ઈમારતના પાયામાં સદાચારને સ્થાન આપ્યું છે. ધર્મની વ્યાખ્યા આપતાં જ તેઓએ વર્ણવ્યું છે કે, "શ્રુતિ સ્મૃતિ પ્રણિત સદાચાર તે ધર્મ છે. ધર્મ માણસમાં સદ્‌ગુણો પ્રેરે અને દૃઢ કરે છે. સંપ્રદાયમાં પ્રવેશનારે પ્રથમ પાંચ વ્રત

શ્રી સહજાનંદ સ્વામીના અવતારીકાળના પ્રારંભે ધર્મનું ચિત્ર ધુંધળું હતું. ઉપાસનાઓ મલિન હતી. યજ્ઞોમાં હિંસાને સ્થાન હતું. આચાર શુદ્ધતાનો અભાવ હતો. કુસંપ, વેર, વ્યભિચાર સામાન્ય હતાં. શ્રીસહજાનંદ સ્વામીના સાનિધ્યથી હજારો લોકોને ઉચ્ચતમ આધ્યાત્મિક અનુભૂતિઓનો અનુભવ થયો અને મુક્તિનો માર્ગ સરળ બન્યો. લોક હૃદયમાં પરબ્રહ્મ પરમેશ્વર તરીકે ઝીલાયેલા સહજાનંદ સ્વામીએ લોકોના રોજીંદા વ્યવહારની નાનામાં નાની બાબતોથી માંડીને તેમના આત્યંતિક શ્રેય માટે ઉપદેશો આપ્યા અને તે દ્વારા

લેવાના હોય છે. (૧) દારૂ ન પીવો (૨) માંસ ભક્ષણ ન કરવું (૩) ચોરી ન કરવી (૪) વ્યભિચાર ન કરવો (૫) વટલવું વટલાવવું નહિ. ત્યાગીઓએ અર્થાત સાધુ સંતોએ આ પાંચ વર્તમાન ઉપરાંત નિષ્કામ, નિઃસ્પ્રોહી, નિર્લોભ, નિઃસ્વાદ અને નિઃસ્નેહ એ પાંચ વર્તમાન પાળવા આવશ્યક છે.

શિક્ષાપત્રીના ૧૧માં શ્લોકથી જે આજ્ઞાઓ શરૂ થઈ છે તેમાં સૌ પ્રથમ આજ્ઞા અહિંસાની છે. નાના જીવ જંતુઓની પણ જાણીને હિંસા ન કરવી. યજ્ઞમાં કોઈપણ પ્રાણીની હિંસા ન કરવા અને સ્ત્રી, ધન કે સામ્રાજ્ય માટે કોઈપણ મનુષ્યની હિંસા ન કરવા સહજાનંદ સ્વામીનો સ્પષ્ટ આદેશ છે. કોઈપણ પ્રકારે આત્મહત્યા ન કરવા પણ તેમણે ઉપદેશ્યું છે. વાણી દ્વારા કોઈનું દીલ ન દુભાવવા આદેશ આપ્યો છે. કોઈપણ મિથ્યા દોષ આરોપણ ન કરવા તથા દેવતા, તીર્થ, સતી, સાધુ, વેદ અને બ્રાહ્મણની નિંદા ન કરવા ન સાંભળવા આદેશ આપ્યો છે.

સહજાનંદ સ્વામીની પરધર્મ સહિષ્ણુતાના દર્શન શિક્ષાપત્રીના શ્લોક ૨૩, ૪૬, ૪૭, ૭૯, ૮૪ અને ૧૪૯ માં કરાવ્યા છે. તેમણે હરિ અને હરના એકાત્મપણાની વાત કરી છે. માર્ગમાં શિવાલય-દેવાલય આવે તો તેના દર્શન કરવા. શ્રાવણમાસમાં બિલ્વપત્રાદિકે શિવજીનું પૂજન કરવા વૈદિક પંચાયતન દેવો શિવ, પાર્વતી, ગણપતિ, વિષ્ણુ અને સૂર્યને પૂજ્યપણે માનવા આજ્ઞા આપી છે. આવી પરધર્મ સહિષ્ણુતાથી પ્રેરાઈને શ્રીહરિના ઔદાર્યને કારણે અનેક મુસ્લિમો અને પારસીઓ તેમના અનુયાયી બન્યા.




શિક્ષાપત્રીના શ્લોક ૧૨૩ થી ૧૩૪ સુધી સંપ્રદાયના આચાર્યો તથા તેમના પત્નિ જે ગાદીવાળા કહેવાય છે, તેમને પાળવાના ગૃહસ્થાશ્રમના નિયમો તથા અધિક ધર્મ અંગેના નિયમો પાળવા આદેશ આપેલા છે. શિક્ષાપત્રીના શ્લોક ૧૭૫ થી ૨૦૨ સુધી સાધુ નૈષ્ઠિક બ્રહ્મચારીઓએ પાળવાના વ્રત નિયમો છે. શિક્ષાપત્રીનો અભ્યાસ કરવાથી જાણવા મળે છે કે પાણી ગાળીને પીવાની આજ્ઞાથી આરંભીને હંમેશના ખોરાકમાં લેવાની ચીજ વસ્તુઓની શુધ્ધિ માટે કાળજી સેવવા ઘી, તેલ, દૂધ કપડાંથી ગાળીનો ઉપયોગમાં લેવાની, જળ પણ કપડાંથી ગાળવાની શ્રીહરિએ ખાસ ભલામણ કરી છે. બ્રાહ્મમુહૂર્તથી રાત્રિએ સૂઈ જવા સુધીની દિનચર્યા કેવી રીતે કરવી તે પણ દર્શાવ્યું છે. ગ્રહણ સમયના આચાર-વ્યવહાર, શ્રાધ્ધ આદિક ક્રિયાઓનું વિવરણ, સૂતક અંગેના નિર્ણય, ચાતુર્માસના વિશેષ નિયમો, દીનજનો ઉપર દયા, વિધવાઓના ધર્મ, બ્રહ્મચારીઓના ધર્મ પણ આલેખ્યા છે.

શ્રી સહજાનંદ સ્વામીએ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, જીવ, માયા અને ઈશ્વરના સ્વરૂપને અતિ સ્પષ્ટ અને સંક્ષેપથી સમજાવ્યા છે. આમ સર્વાવતારી, સર્વોપરિ પરમકૃપાળુ શ્રીહરિએ સ્વહસ્તે લખેલી આ શિક્ષાપત્રી સર્વજીવના હિતાર્થે મનુષ્ય જીવનમાં અપૂર્વ અંજનશલાકારૂપ છે. શ્રી સહજાનંદ સ્વામીએ "અમારી વાણી એજ અમારૂ સ્વરૂપ છે." એમ કહીને શિક્ષાપત્રીને અનુસરવાનો પોતાનો પ્રત્યેક અનુયાયીઓને આદેશ આપ્યો છે.

# શ્રી સ્વામિનારાયણ મંદિર લોસ એન્જલસ દશાબ્દી મહોત્સવની એક ઝાંખી

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપા અને તેમનાજ અપર સ્વરૂપ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી એલ.એ. મંદિરમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજ આદિ દેવોનો ૧૦ મો પાટોત્સવ મહોત્સવ (દશાબ્દી પાટોત્સવ) તા. ૧૦-૧૨-૧૦ થી તા. ૧૯-૧૨-૧૦ પર્યન્ત પ.પૂ. મોટા મહારાજશ્રી તથા અ.સૌ. પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીના સાનિધ્યમાં પ.ભ. આનંદીબેન નટવરલાલ પટેલના મુખ્ય યજમાન પદે ધામધૂમથી ઉજવાયો. પાટોત્સવના પ્રથમ દિને શ્રી ગણપતીજી મહારાજનું આવાહ્‌ન ગાયકશ્રી વિનોદભાઈ પટેલ અને શ્રી દિનેશભાઈ ગઢવીના ભજન સંધ્યાથી થયું હતું.

તા. ૧૧-૧૨-૧૦ ના રોજ શનિવારે શ્રીહનુમાનજી દાદાને રાજી કરવા શ્રી હનુમાન વંદના કાર્યક્રમ યોજવામાં આવેલ. આ ભવ્ય પ્રસંગના ઉપલક્ષમાં મૂળી મંદિરના સુપ્રસિદ્ધ કથાકાર સ.ગુ. શા.સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (મહંતશ્રી, નારણપુરા)ના સુમધુર કંઠે ને ભાવવાહી શૈલીમાં શ્રીમદ્‌ ભાગવત સપ્તાહ પારાયણનું સુંદર આયોજન થયું હતું. જેના યજમાન પ.ભ. રોનક સતીષભાઈ પટેલ રહ્યા હતા. આ દિવસે પોથીયાત્રાનો વરઘોડો ધામધૂમથી કાઢવામાં આવ્યો હતો. જેનું લાઈવ પ્રસારણ પણ થયું હતું.

તા. ૧૨-૧૨-૧૦ના રોજ કથા પ્રારંભે દીપ પ્રાગટ્ય અત્રેના મહંત શા.સ્વા. રામાનુંજદાસજી તથા ડિટ્રોઈટ, શિકાગો અને ફ્લોરિડાના મહંત સ્વામી સાથે મુખ્ય યજમાને લાભ લીધો હતો. ભાગવતાચાર્યશ્રી યોગેન્દ્રભાઈ ભટ્ટે સમગ્ર પૂજન વિધિ વિધિવત કરાવી હતી.

તા. ૧૪-૧૨-૧૦ ના રોજ એલ.એ. અને સમસ્ત આઈ.એસ.એસ.ઓ.ના હરિભક્તો માટે સોનાથી પણ અધિક આનંદનો દિવસ હતો. જેમના દર્શનની સૌ ચાતક પક્ષીની જેમ પ્રતિક્ષા કરતા હતા. તેવા આપણા વિશ્વવંદનીય સંપ્રદાયના પ્રાણ પ્યારા પ.પૂ. મોટા મહારાજશ્રી બપોરે ૧-૦૦ કલાકે એલેક્ષ એરપોર્ટ પર પધાર્યા ત્યારે શા.સ્વા. રામાનુજદાસજી, શા. ધર્મકિશોરદાસજી તથા સર્વે હરિભક્તો તથા વડતાલ તાબાના ડાઉની મંદિરના સંતો હરિભક્તોએ ખૂબજ ઉમળકાભેર ફુલહારથી પ.પૂ. મોટા મહારાજશ્રીનું સ્વાગત સામૈયું કરીને વધાવ્યા હતા. એરપોર્ટ પર જાણે મોટી સભા થઈ હોય તેવું અલૌકિક દ્રશ્ય સર્જાયુ હતું. ત્યાંથી સીધા પ.પૂ. મોટા મહારાજશ્રી ઉતારે પધાર્યા હતા. આજે મંદિરમાં મારૂતિ યજ્ઞનું સુંદર આયોજન વેદપુરુષશ્રી યોગેન્દ્રભાઈ ભટ્ટના આચાર્ય પદે સંપન્ન થયું હતું. જેના મુખ્ય યજમાન પ.ભ. રંજનબેન ઉમાકાન્ત પટેલ રહ્યા હતા. સાંજે ૪ કલાકે પ.પૂ. મોટા મહારાજશ્રી, નિજ મંદિર પધાર્યા ત્યારે તેંઓશ્રીનું ઢોલ, ત્રાંસા અને સંગીતના તાલે અને શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનના મંગલ ધ્વનિ સાથે સંત-હરિભક્તોએ ભવ્યાતિ ભવ્ય સ્વાગત સામૈયુ કરી શ્રીહરિના અપર સ્વરૂપને વધાવ્યા હતા. જેઓશ્રીના વરદ્‌ હસ્તે મારૂતિયજ્ઞમાં શ્રીફળ હોમી પૂર્ણાહુતિ થઈ હતી. તા. ૧૫-૧૨-૧૦ ની કથામાં ભગવાનનો પાદુર્ભાવ ધામધૂમથી ઉજવ્યો હતો. જન્મોત્સવની આરતીના યજમાન શિલ્પાબેન સુરેશભાઈ પટેલ રહ્યાં હતાં. વક્તાશ્રીએ બાલ ચરિત્રની કથા આબેહૂબ વર્ણવી હતી. ધર્મકુળ પૂજનના યજમાન પ.ભ. કમળાબેન ઈશ્વરભાઈ પટેલ પરિવારના પુત્રોએ પ.પૂ. મોટા મહારાજશ્રીના ચરણ પક્ષાલન કરી પૂજન વિધિ કરી આશીર્વાદ મેળવ્યા. બહેનોને દર્શનનો લાભ આપવા પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી રોજ સભામાં પધારતા હતા.

તા. ૧૭-૧૨-૧૦ ના રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ સુરેન્દ્રનગરના હાસ્ય કલાકાર અને સાહિત્યકાર શ્રી જગદીશભાઈ ત્રિવેદીએ હાસ્ય સાથે ભજન દોહા આદિ ગાઈને સૌને આનંદિત કર્યા હતા. જેના યજમાન જાનકીબેન કેતનભાઈ શર્મા રહ્યા હતા. તા. ૧૮-૧૨-૧૦ ના રોજ મહા વિષ્ણુયાગની વિધિ શ્રી યોગેન્દ્રભાઈ ભટ્ટ કરાવતા હતા. જેની પૂર્ણાહુતિનું શ્રીફળ હોમીને પ.પૂ. મોટા મહારાજશ્રીએ યજ્ઞની પૂર્ણાહુતિ કરી હતી. જેના મુખ્ય યજમાન જ્યોતિબેન પ્રહલાદભાઈ ચૌધરી રહ્યાં હતાં.

આજ દિવસે સભામાં પ.પૂ. મોટા મહારાજશ્રીના સાનિધ્યમાં આપણા ફ્લોરિડા, શિકાગો, ડિટ્રોઈટ મંદિરથી પધારેલા વિવેક સાગર સ્વામી, શા. સ્વા

ધર્મવલ્લભદાસજી અને સ્વા. સર્વેશ્વરદાસજી એ પ્રાસંગિક ઉદ્બોધનમાં અત્રેના હરિભક્તોની શ્રધ્ધા ભાવના અને દશાબ્દી મહોત્સવ પ્રસંગમાં સેવા કરનારને બિરદાવ્યા હતા. કથામાં રૂક્ષ્મણી વિવાહ ધામધૂમથી ઉજવાયો. જેના યજમાન શિલ્પાબેન સુરેશભાઈ પટેલ (રાજપુરવાળા) રહ્યાં હતાં. દશાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા અને પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી કીર્તન પિયુષ સીડી અને ગુજરાતી અંગ્રેજી ભાષામાં કીર્તન માધુરી પુસ્તકનું વિમોચન પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે થયું. સીડીના યજમાન શ્રી યોગેશભાઈ વાડીલાલ પટેલ તથા પુસ્તકના યજમાન બનીને શ્રી સેંધાભાઈ લવજીભાઈ ચૌધરીએ લાભ લીધો હતો. આ પ્રકાશનમાં શા. ડી.કે. સ્વામી સાથે શ્રી રસિકભાઈ ચૌધરી અને શ્રી સમીર ચૌધરીએ ખૂબજ શ્રધ્ધા ભક્તિથી સેવા કરી હતી. સભા પૂર્ણ થયા બાદ પ.પૂ. મોટા મહારાજશ્રીએ ઠાકોરજીની સંધ્યા આરતી ઉતારી હતી. જેના દર્શન કરી ભક્તોએ દિવ્યાનંદ માણ્યો.

આજના દિવસે જ ભગવાનના અભિષેક માટેની જળયાત્રામાં બહેનોએ માથે કળશ મૂકી શહેરના રાજમાર્ગો પર વિશાળ શોભાયાત્રાનું આયોજન થયું હતું. જેમાં સુંદર શિખરધુમ્મટ વાળા રથમાં ઠાકોરજી સાથે પ.પૂ. મોટા મહારાજશ્રી તથા સંતો બિરાજી અલૌકિક દર્શન આપતા હતા. આ રથ બનાવવાની સેવામાં શ્રી અમૃતભાઈ ચૌધરી, શ્રી પ્રેમજીભાઈ, શ્રી જયંતભાઈ, શ્રી દશરથભાઈ ચૌધરી અને શ્રી મહેશભાઈ આદિ ઘણા હરિભક્તો જોડાયા હતા. શોભાયાત્રામાં ધૂન, કીર્તન, રાસની રમઝટ સાથે અબીલ ગુલાલની છોળો સંત-હરિભક્તો ઉડાડતા હતા. જેથી વાતાવરણ ગુલાબી ગુલાબી થઈ ગયું હતું. રસ્તામાં અનેક સ્થાનિક લોકો શોભાયાત્રામાં બિરાજમાન પ.પૂ. મોટા મહારાજશ્રીના નત મસ્તકે દર્શન કરી ધન્યતા અનુભવતા હતા.

શોભાયાત્રામાં ઈન્દ્રરાજાને પણ પધારવાનું મન થઈ ગયું. જેથી અવાર-નવાર મેઘનું ધીમી ધારે આગમન થતું હતું. હરિભક્તો એકજ સરખા ડ્રેસ સાફામાં અને બહેનો એક રંગની સાડીમાં કીર્તન ભક્તિ કરતાં વરઘોડાની શોભા વધારતા હતા. દર્શન કરનારને સહેજે કલ્યાણ થાય તેવું દ્રશ્ય વરઘોડાનું હતું.

પ.પૂ. મોટા મહારાજશ્રીની પ્રસન્ન મુદ્રામાં સૌને સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના દર્શન થતા હતા. શોભાયાત્રાની શિસ્તતા જોઈને અહીંની પોલીસ પણ શોભાયાત્રાને નત મસ્તકે વંદી રહી હતી. શોભાયાત્રાના યજમાન પદનો લાભ શ્રી રોનક પટેલ, શ્રી ધ્રુવ મહેશભાઈ પટેલ, શ્રી સુરેશભાઈ નારણભાઈ પટેલ તથા હરિ રસિકભાઈ પરીખે લીધો હતો.

આજ દિવસે રાત્રે હોલમાં એલ.એ. મંદિરના બાળકો, બાલિકાઓ, યુવક અને યુવતીઓએ ભવ્ય સાંસ્કૃતિક પ્રોગ્રામમાં રાસ, ગરબા, નાટક, પપેટશો, દશાવતાર શ્રી ઘનશ્યામજન્મોત્સવ, સ્વાગતગીત ગીત આદિ કાર્યક્રમ ભવ્ય રીતે થયા હતા. આમાં ભાગ લેનાર બાળકો-યુવાનોને પ.પૂ. મોટા મહારાજશ્રીએ અને બાલિકાઓ અને યુવતીઓને પ.પૂ. અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીએ ખૂબજ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા. જેના યજમાન પ.ભ. કોકીલાબેન નટુભાઈ પટેલ પરિવાર રહ્યાં હતાં. બાળકોને તૈયાર કરવામાં કૃતિ પટેલ, પ્રતિક વ્યાસ, ધનુબેન કેરાઈ, રોનક પટેલ અને હિરલબેને ખૂબજ લગનથી સેવા આપી હતી. આ પ્રસંગે ઠાકોરજીને સુંદર કલાત્મક વાઘા શ્રી સુધાબેન અરવિંદભાઈ પટેલ તરફથી ધરાવવામાં આવ્યા હતા. ઠાકોરજીના સિંહાસનમાં સુંદર સંગે મરમર અને સોનેરી વરખ અને હીરાના નંગ જડિત પગથીયા આદિની સેવા પ.ભ. પ્રેમજીભાઈ કેરાઈ તથા મદદમાં મહેશભાઈ, જગદીશભાઈ, સંજયભાઈ, કુમુદબેન, પારૂલબેન અને ધનુબેન રહ્યાં હતા. સિંહાસન, નિજ મંદિર, મુખ્ય પ્રવેશદ્વારને રોશનીથી ભવ્ય રીતે શણગાર્યું હતું. જે દર્શન કરતા જ દિવ્યાનુભૂતિ થતી હતી.

તા. ૧૯-૧૨-૧૦ રવિવારના પ્રાતઃ ૭-૩૦ કલાકે શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચાર વેદોક્ત મહાભિષેક, પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થયો ત્યારે આજથી દશ વર્ષ પહેલા શ્રીહરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા માગસર વદ-૧૪ને રવિવારે થઈ હતી. અને આજે યોગાનુંયોગ એજ તિથિ અને એજ વાર અને તે સમયે અભિષેક વખતે મહારાજે પ.પૂ. મોટા મહારાજશ્રીનો ખેસ પકડી લીધો હતો. જેના દર્શન ત્યાં ઉપસ્થિત હજારો ભક્તજનોને થયા હતા. ત્યારે સૌને પ્રતિતિ થઈ કે ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીમાં સાક્ષાત્ શ્રીહરિ પ્રગટ રહ્યાં છે. અભિષેક બાદ થોડા સમય પછી ઠાકોરજીની છપ્પન ભોગ આરતી પ.પૂ. મોટા મહારાજશ્રીએ ઉતારી હતી. ત્યારે ઉપસ્થિત હજારો ભાવિક ભક્તો ખૂબજ ભાવપૂર્વક દર્શન કરી પ્રસાદ ગ્રહણ કરીને દશાબ્દી મહોત્સવની દિવ્ય સ્મૃતિઓને હૃદયમાં વાગોળતા વાગોળતા સ્વસ્થાન તરફ જઈ રહ્યાં હતા. સમગ્ર ઉત્સવ દરમ્યાન અત્રેના સંતોનું મંડળ, એલ.એ.ના સમસ્ત હરિભક્તો, યુવક મંડળ, સત્સંગી બહેનો, યુવતીઓ આદિની સેવા ખરેખર ખૂબજ પ્રશંસનીય અને પ્રેરણારૂપ હતી.

# શાકોત્સવનો સમૈયો "બાપુનગરમાં"

- શાસ્ત્રી ચૈતન્યસ્વરૂપદાસ
(કોટેશ્વર)

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળની આજ્ઞા અને આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, બાપુનગર દ્વારા બાપુનગરને આંગણે દિવ્ય શાકોત્સવ ઉજવાયો.

આજથી લગભગ ૧૮૬ વર્ષ પહેલા લોયામાં રહેતા નિષ્ઠાવાન ભક્ત એટલે "સુરાખાચર" અને એ સુરા ભક્તને ત્યાં પોતાના આશ્રિતજનો ઉપર અપાર દયા કરી પ્રભુ જાતે રસોઈયા બની પોતાના આશ્રિતજનો એવા સંતો-ભક્તો માટે સ્વાદિષ્ટ એવું રીંગણાનું શાક બનાવી સૌને જાતે જમાડ્યા. આ દિવ્ય અને અલૌકિક લીલાની સ્મૃતિ આપણને તા. ૯-૧-૨૦૧૧ રવિવાર સાંજે ૭-૩૦ વાગે થઈ, જ્યારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી સભામાં પધાર્યા ત્યારે થઈ. ૬૫૦૦૦ ભક્તોની મેદની વચ્ચે ભગવાન સ્વામિનારાયણના ત્રણેય અપર સ્વરૂપ દ્વારા શાકનો વધાર થયો અને એ દર્શનનો જેને લ્હાવો પ્રાપ્ત થયો એ ભક્તો તો દિવ્ય અને ધન્ય થયા. કારણ કે જગતમાં શાકોત્સવ તો ઘણા થાય પણ જેમા સમગ્ર ધર્મકુળ પધારે તે શાકોત્સવ મટી દિવ્ય શાકોત્સવ થઈ જતો હોય છે. દિવ્ય શાકોત્સવની સભાની શરૂઆતમાં ગુજરાતનો સુપ્રસિદ્ધ બાળ કલાકાર ઋષભ બદલાણીયા અને કીર્તનકાર પૂરવભાઈ પટેલ દ્વારા મહારાજની મૂર્તિના નંદ સંતો વિરચિત કીર્તન ગાઈ ભક્તોને ભક્તિમાં તરબોળ કર્યા હતા. ત્યારબાદ શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વરના વિદ્યાર્થી દ્વારા એક કવ્વાલી નૃત્ય અને એક પંચાળાનો રાસ નૃત્ય સાથે રજુ કરવામાં આવ્યો હતો. આ દિવ્ય શાકોત્સવમાં ઘણા સંતોની ઉપસ્થિતિ હતી. તેમાંથી સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજીએ શાકોત્સવના મહિમાની કથા ભક્તોને શ્રવણ કરાવી હતી. બહેનોની સભામાં બહેનોના ગુરુ અ.સૌ. પ.પૂ. ગાદીવાળાશ્રી બહેનોને સભામાં દર્શન આપવા પધાર્યા હતા. અને ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. ભાવિ આચાર્ય મહારાજશ્રી સભામાં પધાર્યા અને યજમાન પરિવાર દ્વારા તેમનું પૂજન અર્ચન અને આરતી થઈ. ત્યાર પછી દિવ્ય લીલાની સ્મૃતિ કરાવતો શાકનો વઘાર ધર્મકુળ દ્વારા થયો. આ પ્રસંગે સભામાં ૨૦ પ્રેસ મિડિયાના પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા. જે આ દિવ્ય શાકોત્સવનું લાઈવ પ્રસારણ દરેક જુદી જુદી ચેલનોમાં કરતા હતા. સભામાં શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં ઘણા ભક્તોએ મોટી સેવા કરી તે સર્વે એ પ.પૂ. મોટા મહારાજશ્રીનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

આવો આ દિવ્ય શાકોત્સવ સંપ્રદાયમાં પહેલીવાર થતો હશે. જેમાં એક સાથે ૬૫૦૦૦ (પાંસઠ હજાર) ભક્તોએ શિસ્તબધ્ધ પ્રસાદ લીધો હોય. જેમાં ૭૫૦૦૦ પંચોતેર હજાર બાજરાના રોટલા બાપુનગરના મહિલા મંડળ દ્વારા બનાવાયા હતા. અને ૫૦૦ મણ કાઠીયાવાડી રીંગણાનો વધાર આ શાકોત્સવમાં કર્યો હતો. ભક્તો ગોળ અને માખણની તો ગણતરી થઈ શકી નથી ! આ દિવ્ય અને અદ્‌ભુત શાકોત્સવનું આયોજન શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, બાપુનગર (એપ્રોચ, હર્ષદ કોલોની, કર્મશક્તિપાર્ક, નિકોલગામ, નરોડા અને હિરાવાડી) દ્વારા થયું હતું. અને સર્વે યુવકોની સેવા પ્રંશસનીય હતી અને છે. આ સમગ્ર શાકોત્સવનું માર્ગદર્શન અને પ્રેરણા સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (મહંતશ્રી, નારાયણઘાટ) એ કરી હતી. અને આ દિવ્ય શાકોત્સવનું સંચાલન સ.ગુ.શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર ગુરુકુળ) દ્વારા થયું હતું.

નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે
જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.org
છપૈયા : www.chhapaiya.com

પ.પૂ. આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો શુભ સંકલ્પ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# ઉદ્‌ઘાટન મહોત્સવ

તા.૮-૩-૨૦૧૧૧ (ફાગણસુદ - ૩ શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ)

# આમંત્રણ

અધ્યક્ષ

પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

## તા. ૫-૩-૨૦૧૧ થી તા.૯-૩-૨૦૧૧

## કાર્યક્રમ રૂપરેખા

**તા. ૦૫/૦૩/૨૦૧૧**

| | |
|---|---|
| સવારે ૮:૦૦ | પોથીયાત્રા પ્રારંભ યજમાનશ્રીના નિવાસ સ્થાનેથી મહોત્સવ સ્થળ |
| સવારે ૮:૪૫ | મુખ્ય દ્વાર ઉદ્‌ઘાટન |
| સવારે ૯:૦૦ | મંદિર ઉદ્‌ઘાટન |
| સવારે ૯:૧૫ | અખંડ ધૂન આરંભ |
| સવારે ૯:૩૦ | મહોત્સવનું દિપ પ્રાગટ્ય - કથા પ્રારંભ |
| બપોરે ૧૨:૦૦ | કથા વિરામ |
| બપોરે૩:૩૦ | કથા આરંભ |
| સાંજે ૬:૩૦ | કથા સમાપ્તિ |
| રાત્રે ૮:૩૦ | સાંસ્કૃતિક કાર્યક્રમ |

**તા. ૦૬/૦૩/૨૦૧૧**

| | |
|---|---|
| સવારે ૬:૩૦ | રંગમહોલ અભિષેક |
| સવારે ૭:૦૦ | મહાપૂજા : મહોત્સવ સ્થળ |
| સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ | કથા |
| બપોરે ૩:૦૦ થી ૬:૦૦ | કથા રજત - સુવર્ણ તુલા વિધિ |
| રાત્રે ૮:૩૦ | સાંસ્કૃતિક કાર્યક્રમ |

**તા. ૦૭/૦૩/૨૦૧૧**

| | |
|---|---|
| સવારે ૭:૩૦ | યજ્ઞ પ્રારંભ |
| સવારે ૯:૦૦ થી ૪:૦૦ | વાસ્તુ પૂજન : મ્યુઝિયમ |

**તા. ૦૮/૦૩/૨૦૧૧**

| | |
|---|---|
| સવારે ૫:૦૦ | શ્રી નરનારાયણદેવ મંગળ આરતી |
| સવારે ૬:૩૦ | મહા અભિષેક |
| સવારે૯:૦૦ | શણગાર આરતી તથા અન્નકૂટ દર્શન |
| સાંજે ૬:૩૦ થી ૮:૦૦ | મ્યુઝિયમ ઉદ્‌ઘાટન સમારોહ સ્થળ: મ્યુઝિયમ |
| રાત્રે ૮:૩૦ | સાંસ્કૃતિક કાર્યક્રમ |

**તા. ૦૯/૦૩/૨૦૧૧**

| | |
|---|---|
| સવારે ૯:૦૦ | અખંડધૂન સમાપન |
| સવારે ૯:૩૦ | યજ્ઞ સમાપન |
| સવારે ૧૦થી ૧૨ | પ્રાસંગિક સભા તથા મહોત્સવ સમાપન |

દરરોજ સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કથા તથા યજમાનશ્રીઓનું સન્માન
બપોરે ૩:૩૦ થી ૬:૩૦ કથા તથા યજમાનશ્રીઓનું સન્માન

ઉત્સવ દરમ્યાન અખંડધૂન, બ્લડ ડોનેશન કેમ્પ, નિદાન કેમ્પ, વ્યસન મુક્તિ યજ્ઞ વિદ્યા સહાય વગેરે સમાજલક્ષી કાર્યક્રમો પણ આયોજીત કરાયા છે.



Tejendraprasadji

પ. ભ. શ્રી હરિના કૃપાપાત્ર શ્રી

અમારા છઠ્ઠી પેઢીના દાદા, સર્વાવતારી સર્વાધાર ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય પ્રેરણા, અમારા સુપુત્ર આચાર્ય મહારાજશ્રી કૌશલેન્દ્રપ્રસાદજીનું માર્ગદર્શન અને સમગ્ર સંપ્રદાયના દેશવિદેશ વસતા સૌ સંતહરિભક્તોના ઉત્સાહપૂર્ણ સહયોગ અને દૃઢ પ્રયાસના ફળસ્વરૂપ, અમારા જીવનના ઉત્તરાર્ધનો, "શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ" નિર્માણનો સંકલ્પ પરિપૂર્ણ કર્યો છે.

આપસૌને આ 'શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ'ના સત્સંગાર્પણ વિધિમાં પધારવા અને સસ્નેહ આમંત્રણ પાઠવીએ છીએ

શુભાશીર્વાદ સહ
જય શ્રી સ્વામિનારાયણ

Shree Swaminarayan Bagh Ahmedabad 380 052 Phone : (079) 27478070 Fax : (079) 27452145 Museum: (079) 2741 9597, 2749 9597

વળી અમારા અંગનું અંબરરે, બહુ સ્પરશેલ સુંદરરે।
એહ પ્રસાદિનું જેહ પટરે, મળે ટળે સર્વ સંકટ રે ॥૧૪॥
એહ અનપમ અતિરે, થાય પૂજતા પરમ પ્રાપતિરે।
અતિ મહાત્મ્ય એનું અતુલ્યરે, કહો ક્યાંથી મળે એ તુલ્યરે ॥૧૫॥
જે જે અમારા સબંધની વસ્તુરે, ન મળે ગોતતા ઉદને અસ્તરે।
જાણસ અમ સબંધીની જે જે રે, છે એ કલ્યાણકારી માની લિજેરે ॥૧૬॥
તે તો રાખી છે અમે અપારરે, સહુ જન અરથે આ વાર રે।
નખ શિખા લગી નિરધારરે રાખી સ્પરશિ વસ્તુ કરી પ્યાર રે ॥૧૭॥
સ્પરશી ચીજ જે બહુ પ્રકારે રે, અડી હોય જે અંગે અમારેરે।
તે તો સર્વે કલ્યાણકારીરે, માટે રાખી છે અમે વિચારી રે ॥૧૮॥

નિષ્કુળાનંદ સ્વામી વિરચિતે પુરૂષોત્તમપ્રકાશ મધ્યે ૪૭ અધ્યાય

મહોત્સવ સ્થળ

ગણેશ હાઉસીંગ કોર્પો.લી. સરખેજ-ગાંધીનગર રોડ, થલતેજ ચોકડીથી સોલા બ્રીજ વચ્ચે, થલતેજ, અમદાવાદ

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

ટોરેન્ટ પાવર પાછળ, ટર્ફ સ્કુલની સામે, નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩

આયોજક

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ ફોનઃ ૨૨૧૩૨૧૭૦

આપશ્રી આ આમંત્રણ પત્રિકા સમજી સહપરિવાર અવશ્ય પધારશો.

# આનંદની હેલી

- શાસ્ત્રી હરિજીવન સ્વામી (હિંમતનગર મહંતશ્રી)

## ઘૃત-ભોજન

શ્રીહરિના શરીરમાં એ વખતે ગરમી બહુ હતી, એટલે મેથાણમાં જીજીબા પાસે ઘી ગરમ કરાવીને જમી જતા. મેથાણના કાકાભાઈ તથા પુંજાભાઈ મહારાજની ખૂબ સારી સેવા કરતા.

જીજીબા દરરોજ ઘી ગરમ કરીને મહારાજ આગળ મૂકતા. અને મહારાજ બધું ઘી પી જતા. મહારાજના શરીરની બધીજ ગરમી દૂર થઈ ગઈ. પછી મહારાજ બીજીવાર મેથાણ પધાર્યા ત્યારે જુના નિયમ પ્રમાણે જીજીબાએ પ્રભુ આગળ ઘી ગરમ કરીને મૂક્યું. મહારાજે પૂછ્યું શું લાવ્યા જીજીબા ? જીજીબા કહે ઘી લાવી છું. તે જમો. મહારાજ કહે પહેલા અમારા શરીરે ગરમી હતી તેથી અમે ઘી પી જતા હવે કાંઈ સાજા શરીરે ઘી થોડું પીવાય ? છતાં ઘી આપવું હોય તો ઘીનું (થીજેલું) ઘી હોય તો લાવો.

કાકાભાઈ કહે મહારાજ ! આપના પ્રતાપે ઘી તો ઘરમાં ઘણું છે. પ્રેમથી જમો. એમ કહીને ઘીની ભરેલી બરણી મહારાજ આગળ મૂકી. તેમાં બે અઢી શેર ઘી હતું. તેમાંથી ઘી લઈને મહારાજ બે હાથે જમવા લાગ્યા. એવામાં મલુ પટેલ મહારાજના દર્શન કરવા આવ્યા. તેમના હાથમાં કપડાની પોટલી હતી. તલ કાપવા ખેતરે જતા હતા.

મહારાજે પૂછ્યું કે આ પોટલીમાં શું છે ? તો કહે મહારાજ ! તલ કાપવા ખેતરે જાઉં છું. અને પોટલીમાં રોટલા બાંધ્યા છે. રોટલા અમને આપશો ? પ્રભુએ સામેથી માગી લીધા. જરાય વાર કર્યા વગર મલુ પટેલે રોટલા મહારાજ આગળ મૂક્યા. લ્યો મહારાજ જમો. મહારાજે પોટલીની ગાંઠ છોડી. અંદરથી રોટલા કાઢી પછેડી પાછી આપી.

મહારાજે કાકાભાઈને કહ્યું, અમારે ઘી વધારે જોઈશે. કેમ કે અમે એકલા નહિ જમીએ. અમારી સાથે ઘણા સખાઓ પણ છે. મહારાજ આપના પ્રતાપે ઘી ઘણું છે તો જમો અને જમાડો.

કાકાભાઈએ ઘરમાંથી ઘીની મોટી ગોળી લાવીને મહારાજ આગળ મૂકી. મહારાજ એમાંથી ઘી લઈને બે હાથેથી જમવા લાગ્યા. જમતા જમતા સર્વ સખાઓને કહે ''લો બશેર, લો અઢી શેર'' એમ સર્વ સખાઓને ઘી પીરસતા હતા અને સ્વયં પણ જમતા હતા. ઘી ખૂબ હતું.

જમતા જમતા સુરાખાચર અલૈયાખાચરને કહે, અલ્યા મહારાજ તો રાજાધિરાજ છે ને તું તો દુબલડી (દુબળો) છે. ડુબુસ ડુબુસ કરે છે, પણ આતો ઘી છે તે સોંસરું નીકળશે. ને કપડાં બગડશે. માટે વિચારીને ખાજે. સુરાખાચરની વાત સાંભળીને મહારાજે સખાઓને પૂછ્યું, સુરાબાપુ શું કહે છે ? સખાઓ કહે મહારાજ ! કાંઈ નહિ, આપ જેમ કરતા હો તેમ કરો. છતાં મહારાજે આગ્રહ ચાલુ રાખ્યો કે જે વાત હોય તે કહો. એટલે સુરાખાચર બોલ્યા, મહારાજ ! દુબલડી અલૈયો ડુસુબ ડુબુસ કરે છે તે પચાવવું ભારે પડશે. કાગળની કોથળીમાં ઠાંસી ઠાંસીને સાટા ભરીએ તો અંદર કેટલા સમાય ? તે કેટલી ભીંસ ખમે ? એમ શરીરનું પણ એવું છે. માટે વિચારીને ખાજે, એમ કહ્યું.

સાંભળીને મહારાજ હસ્યા. અને કહ્યું કે ઘી ખાઈને કોઈ દુઃખી થાય એવું ન કરશો. એમ કહીને ઘણી રમૂજ કરી. એ વખતે કાના પટેલ મહારાજના દર્શન કરવા આવ્યા. તેમણે જોયું કે મહારાજ બન્ને હાથે ઘી જમે છે. ઘીના રેલા ગળે ઉતરે છે. અને ઘીના રેલા બંને હાથ દ્વારા કોણી સુધી ઉતરતા જાય છે. આ જોઈને મનમાં સંશય થયો કે આ ક્ષત્રિયનું વધારાનું ઘી છે ! શા માટે બગાડે છે ? જેમ તેમ જમે છે. આને કાંઈ ભગવાન કહેવાય ! એમ વિચારીને પાછા વળ્યા.

મહારાજ કહે કોણ પાછું વળ્યું ? કાકાભાઈ કહે મહારાજ ! એ તો નાના ભાઈ હતા. પાછા આવ્યા નહિ. મહારાજે સખાઓને કહ્યું, ઘી જમતા જોઈને કોઈ દુઃખી થાય એવું ન કરશો. પછી વધેલું ઘી લોટ તથા ગોળની તાસમાં કુલેર બનાવીને ઘોડાઓને રાતપ અપાવી.

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## મોક્ષનો સરળ માર્ગ

- શાસ્ત્રી હરિપ્રિયદાસજી (ગાંધીનગર)

શાંતિનો, સુખનો, મોક્ષનો માર્ગ સ્વામિનારાયણ ભગવાને સ્વયં બતાવેલો છે. અને તે માર્ગ એટલે કે તેમના પાવનકારી પુણ્યદાયી લીલા ચરિત્રોનું વાચન, શ્રવણ, મનન, સંકીર્તનો એનાથી જ શાંતિની પ્રાપ્તિ થાય છે. કારણ કે સ્વામિનારાયણ ભગવાનનાં પ્રત્યેક ચરિત્ર નોત્તમ છે. વેદ-પુરાણ ન વાંચ્યાં હોય વિધિ-વિધાન યજ્ઞ-યાગ, કર્મકાંડ કાંઈ ન કરાવ્યું હોય પણ પ્રભુનું એકાદ ચરિત્ર પણ જો સ્મરણ પથમાં રહે તો બેડો પાર થઈ જાય. પરમાત્માનું એવું એક ચરિત્ર આપણે યાદ કરીએ.

મિત્રો ! ભગવાન, ક્યાં, ક્યારે, કેવી રીતે રાજી થઈ જાય છે. તે ખબર પડતી નથી પણ જો રાજી થઈ જાય તો જલસા પડી જાય. જલસા તે કેવા જલસા કે પાતાળમાંથી કાઢી ને પકવાન જમાડે, આકાશમાંથી અમૃત વરસાવે, ધરતીમાંથી ધન કાઢે પણ ન્યાલ કરી દે. કાંઈ બાકી ન રાખે હો. વાત છે દાદાખાચરના લગ્ન પ્રસંગની.

શ્રીજી મહારાજે આ પ્રસંગે સર્વ સંતોને ગઢપુર તેડાવ્યા. ને તેમાં પાંચ પકવાન કરાવ્યાં ને સર્વ સંતોને ખૂબ જમાડ્યા. વારંવાર પંગતમાં ફરે ને સારી પેઠે તૃપ્ત કર્યા. પછી દહીં અને સાકર સારી પેઠે ફેરવ્યાં. આમ પંગતમાં પીરસતાં દહીં વધ્યું. તે લઈને શ્રીજી મહારાજ એમ બોલ્યા આજ તો દાદાખાચરનો વિવાહ છે તે માટે મહાનુભાવાનંદ સ્વામીના માત્રા ધાધલ ભાઈબંધ છે માટે એ તો વેવાઈના પક્ષવાળા છે. માટે તેમના માથે લાવો આ દહીં નાંખીએ. દહીં તો માંગલિક છે. એમ કહીને દહીં અને સાકર સારી પેઠે મહાનુભાવાનંદ સ્વામી ઉપર નાંખીને ચોળ્યું. તે જોઈને સર્વે સંતો અને હરિભક્ત હતા તે બહુ હસ્યા.

યોગાનુયોગ તે સમયે મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી ચેલા ખાચરને સ્વામિનારાયણ ભગવાનની વાત કરતા હતાં. તેથી તેમણે મહાનુભાવાનંદ સ્વામી પર થયેલા દહીં સાકરના અભિષેકની લીલા નિહાળી નહોતી તેથી તે સંતોએ મહારાજને કહ્યું જે, હે મહારાજ ! એ લીલા અમને દેખાડો. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે દેખાડશું.

એમ કહીને બીજે દિવસે સંતની પંગતમાં જલેબી આદિ પકવાન ને ફેરવતાં ફેરવતાં પોતે એમ બોલ્યા. જે જેટલી જલેબી તમે જમો એટલી અમે જમીએ. સંતને તૃપ્ત થયા પછી બોલ્યા. ત્યારે સંતોએ કહ્યું જે સારું મહારાજ. એમ કહીને પછી શ્રીજી મહારાજ એક જલેબી જમીને સંતને જમાડે. એમ કરતાં કરતાં દૂધની ત્રાંબડી લીધી અને મહાનુભાવાનંદ સ્વામીને માથે રેડીને પછી સર્વ અંગે લેપન કર્યું. તે જોઈને બ્રહ્માનંદ સ્વામી આદિ સર્વ સંતો હસ્યાં.

ત્રીજા દિવસે પંગતમાં પીરસતાં પીરસતાં બ્રહ્માનંદ સ્વામીને માથે દૂધનો ઘડો ઢોળ્યો. પ્રભુની પ્રસન્નતાની આ અમૃત વર્ષા નિહાળી સર્વે હસી પડ્યા. આવાં તો અનેકાનેક ચરિત્રો પરમાત્માનાં છે. જેનું શ્રવણ કે સંકીર્તન કરવાથી ભક્તોને પરમાનંદની પ્રાપ્તિ થાય છે. ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને આ ધરતી ઉપર પ્રગટ થઈ જે દિવ્ય લીલા ચરિત્રો કર્યા અને એ ચરિત્રોને શ્રીહરિ સમકાલિન નંદ સંતો કે જેમણે સ્વામિનારાયણ ભગવાનના ચરણમાં શરણમાં પોતાના જીવન સમર્પણ કર્યા હતા. તે સંતોએ શ્રીહરિ સાથે ફરી જે જે લીલા ચરિત્રોનાં દર્શન કર્યા, અનુભવ્યાં તેને ગ્રંથના રૂપમાં આલેખ્યાં છે.

ભાગવતમાં પણ રાજા પરિક્ષિતે શુકદેવજીને પ્રશ્ન પૂછ્યો છે કે, જેનો મૃત્યુ સમય નજીક આવ્યો હોય તેણે શું કરવું ? ત્યારે શુકદેવજીએ પણ એ જ ઉત્તર આપ્યો કે ભગવાનનાં દિવ્ય લીલાં ચરિત્રોનાં સંકીર્તનથી જ જીવને પરમાનંદની અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. એટલે જ સમાધિ સ્થિતિનો ત્યાગ કરીને સ્વયં શુકદેવજી પણ ભગવાનનાં લીલા ચરિત્રોનું સંકીર્તન કરવા લાગ્યા.

આથી જ આપણે દરરોજ બોલીએ છીએ કે,

"જન્મયાં કૌશલ દેશ વેષ બટુનો લઈ તીર્થમાંહી ફર્યા,

રામાનંદ મળ્યા સ્વધર્મ ચલાવ્યો યજ્ઞાદિ મોટા કર્યા.
મોટા ધામ રચ્યાં રહ્યાં ગઢપુરે, બે દેશ ગાદી કરી,
અંતર્ધાન થયા લીલા હરિ તણી સંક્ષેપમાં ઉચ્ચરી.''

તો આપણે પણ નિત્ય ભગવાનનાં લીલા ચરિત્રોનું વાંચન કે શ્રવણ જરૂર કરવું. તો તેમાંથી દિવ્યાનંદની પ્રાપ્તિ થાય છે. આવાં ચરિત્રોનો મહિમા ઈષ્ટદેવ શ્રીહરિએ શ્રીમુખે વચનામૃતમાં કહ્યો છે. અમારું નામ સ્મરણ અને ચરિત્રો તે સર્વે કલ્યાણકારી છે.

●

### અજાતવૈરિણે નમઃ

– સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

વહાલા ભક્તો ! જનમંગલ સ્તોત્રમાં સ્વામિનારાયણ ભગવાનનાં એકસોને આઠ પ્રભાવશાળી નામો છે. અને એ તો તમે જાણો જ છો કે પ્રત્યેક નામ અર્થવાહી છે. માણસના નામને અને કામને કોઈ લેવા દેવા હોતો નથી. નામ લક્ષ્મીચંદ્ર હોય અને ઘરમાં હાંડલાં હડીઓ કાઢતાં હોય, નામ અમરચંદ્ર હોય પણ હાલતાં હાલતાં જ મરી જતા હોય, નામ શાંતિલાલ હોય પણ અશાંતિનો પાર ન હોય, જ્યારે ભગવાનના નામોમાં એવું નથી. પ્રભુનાં નામોમાં તો નામ પ્રમાણે ગુણો છે. સ્વામિનારાયણ ભગવાનનું જનમંગલ સ્તોત્રમાં આવું જ એક નામ છે અજાતવૈરી.

''અજાતવૈરી એટલે કે જેને કોઈના પ્રતિ શત્રુભાવ જ નથી''

અજ્ઞાની જીવો માનતા હોય કે ભગવાન મારો શત્રુ છે. ઘણા અસૂરો પણ એવું માનતા હતા. પણ પરમાત્મા કોઈને શત્રુ ગણતા નથી. ભગવાન સૌના મિત્ર છે.

એકવાર શિયાળાની કડકડતી ઠંડીમાં સાંજના આઠેક વાગે એક ભગતના ઘરની સાંકળ ખખડી. અરે, આવી ટાઢમાં સંધ્યા ટાણે કોણ આવ્યું ! મારે બારણું ઉઘાડવું પડશે. દરવાજો ખોલ્યો. ત્યાં કોઈ વટેમાર્ગુ એ હાથ જોડ્યા. ભાઈ મને મહેરબાની કરીને તમારા ઘરમાં રાત રોકાવા દેશો. વટેમાર્ગુ સીતેર વર્ષની ઉંમર ધરાવતો વયોવૃદ્ધ લાગ્યો. અજાણ્યો છે. પણ વયોવૃદ્ધ જાણી આ ભગતનું હૈયું પિગળ્યું. ભલે પધારો. આવો દાદા આવો. રાત રોકાજો. બહાર તો ઘણી ટાઢ છે. ખાટલો ઢાળી ગોદડી પાથરી બેસાડ્યા. ઓઢવા માટે જાડી સાલ આપી. પછી આ ભગત નિત્યક્રમમાં લાગી ગયા. આરતી પેટાવી, સિંહાસનમાં ઠાકોરજીની આરતી ઉતારી. થાળ ધર્યા, સ્તુતિ પ્રાર્થના કરી. ત્યાં આ વયોવૃદ્ધ ડોસા ખાટલેથી ઉભા થઈ આ ભગતને બોલાવે છે. તમે અહીં તો આવો. આ બધું શું લઈ મંડ્યા છો. ફોટાને તમે દીવો કરો છો ને દીવો ગોળગોળ ફેરવો છો. ત્યાં થાળી લઈ જાવ છો. ભગવાન જેવું કંઈ છે જ નહીં. આ ભગતને તો આંચકો લાગ્યો. ત્યાં તો આ વયોવૃદ્ધે ભગવાનનાં સંદર્ભમાં અતિ કઠોર વચનો ઉચ્ચારવાનું ચાલું કર્યું. ભગતે તો ધૈર્ય ગુમાવ્યું. અરે પાપી તું ભગવાન વિષે આવી વાતો કરે છે. નીકળી જા મારા ઘરમાંથી, ઓઢવા આપેલી સાલ પાછી લઈ લીધી. અતિ તિરસ્કાર કર્યો. ''જાય છે કે ધક્કા મારીને બહાર કાઢું.'' આ નાસ્તિક ડોસાને રાત્રે રોકાવા ન દીધા. ભલે ઠંડીમાં ઠરતો. આવા પાપીને ઘરમાં ઘાલી મારૂં ઘર મેં અભડાવ્યું. નાસ્તિક ડોસાને કાઢી ઘરમાં ગંગાજળ છાંટ્યું.

ભગતનો ક્રોધ શાંત થયો. રાત્રી પડી ભગત સૂઈ ગયા. ત્યારે સ્વપ્નમાં ભગવાને ભગતને દર્શન દીધાં. ભગવાન કહે છે, ''ભક્તરાજ, તમે તે વયોવૃદ્ધને નાસ્તિક જાણીને ઘરમાં રોકાવા ન દીધા. જમવા ન દીધું. ભૂખ્યા કાઢી મૂક્યા ત્યારે જરા વિચારો તો ખરા અમે તે વયોવૃદ્ધને સીતેર વર્ષથી નિભાળીએ છીએ. તેનું ભરણ પોષણ કરીએ છીએ. અને તમે એક રાત્રી નિભાવી ન શક્યા.''

માટે જ ભગવાન અજાતવૈરી છે. બધાનું નિભાવે છે કોઈ ભગવાનને શત્રુ સમજતા હોય તેને ભગવાન મારી નાખતા નથી. ભગવાન બધાને જીવાડે જ છે.

આવા જીવો સાથે પણ પરમાત્મા વૈરબુદ્ધિ રાખતા નથી. કુહાડો કાપવાનું કામ કરે છે. અને વૃક્ષ આપવાનું કામ કરે છે. દુર્જન કે આસૂરી જીવ ગમે તેવા કૃતઘ્ની હશે પણ ભગવાન તેને કંઈ આપવાનું જ કામ કરે છે. ભગવાન કોઈના ઉપર શત્રુબુદ્ધિ રાખતા નથી. મા સ્વામિનારાયણ ભગવાનનું નામ અજાતવૈરી છે.

આવાં તો એકસોને આઠ નામો છે. એ નામો શ્રધ્ધાથી સ્મરણ કરવાથી આપણાં તો કામ થઈ જશે.

## આનંદ આપ્યો અતિ ઘણો રે....

- સાંખ્યયોગી ચંદ્રિકાબા (લીંબડી)

ગામ માનકૂવામાં એક ડોસીમાં બહું સારા હરિભક્ત હતા. તેને ત્યાં મહારાજ પધાર્યા અને મહારાજે ડોસીમાને કહ્યું કે કોઈક વળાવિયો મળશે ? ત્યારે ડોસીમાં કહે મારે એકનો એક દીકરો છે. નાથો એ નાથાને લઈ જાઓ. એ નાથાને થોડી બુદ્ધિ ઓછી. ડોસીમાં નાથાને રોજ એમ શિખવતા કે સ્વામિનારાયણ ભગવાન છે. એમ રોજ સમજાવતા. મહારાજ નાથાને સાથે લઈ ચાલતા થયા. રસ્તામાં નાથો મહારાજને કહે કે હે સ્વામિનારાયણ તમે ભગવાન છો ? ત્યારે મહારાજ કહે અમે ભગવાન નથી. વળી થોડું ચાલે, વળી, નાથો પૂછે સ્વામિનારાયણ તમે ભગવાન છો. ત્યારે મહારાજે ના પાડી. વળી થોડું ચાલી નાથો પૂછે કે, સ્વામિનારાયણ સાચું કહો ને તમે ભગવાન છો. એમ કરતા બેગડિયે પહોંચ્યા ત્યારે શ્રીજી મહારાજે નાથાને કહ્યું કે આ ઘોડીને પાણી પાતો આવ. ત્યારે નાથો કહે નોકર નથી તે પાણી પાઈએ. માણકી ઉપર બેસવા દો તો પાણી પાવા આવું. ત્યારે મહારાજ કહે હા જા. ઘોડી ઉપર બેસીને જા. અને નાથો માણકી ઉપર બેસીને પાણી પાવા ગયો. ઘોડી પાણી પીવા અંદર ગઈ. માણકીનો પગ લપસ્યો અને ઘોડી અને નાથો બે માથોડા પાણીમાં ડૂબકા ખાવા લાગ્યા. ભગવાન શ્રીહરિ ત્યાંથી દોઢસો ફૂટ દૂર બેઠા છે. મહારાજે નાથાને અને ઘોડીને દોઢસો ફૂટ હાથ લંબાવી પાણીમાંથી ઊંચકીને બહાર કાઢ્યા. અને નાથાએ માણકી ઘોડીનું ચોકડું છોડ્યું. ગોળ-ગોળ ફેરવતો-ફેરવતો મહારાજ પાસે આવ્યો અને કહ્યું સ્વામિનારાયણ સાચું બોલો તમે ભગવાન છો કે આ ચોકડાવાળી કરું ! સાચું બોલો ભગવાન છો ? ત્યારે મહારાજ કહે જાળવજે, હા નાથા અમે ભગવાન છીએ. ત્યારે નાથો કહે, લાતો કાઢે બાતો સે નહિ માનતા. કઠણ પડ્યું એટલે કહેવું પડ્યું ને !

પછી નાથાએ મહારાજને કહ્યું એક પ્રતાપ દેખાડ્યો બીજો પ્રતાપ દેખાડો તો ભગવાન હવે માનું. ત્યારે મહારાજે નાથાને કહ્યું. નાથા મારી સામે જો ! નાથાએ મહારાજ સામે જોયું, ત્યાં તો નાથાને સમાધિ થઈ ગઈ. નાથો અક્ષરધામમાં ગયો. ત્યાં મહારાજ અનંત મુક્તોથી વિંટાયા છે. આ દ્રશ્ય જોતા જ નાથાને નિશ્ચય થયો કે આજ મને જે મળ્યા એજ સર્વોપરિ ભગવાન ખરા. તેમનાથી મોટા બીજા કોઈ ભગવાન નથી.

# ભક્તિસુધા

## અમારા પર દયા રાખજો

- પટેલ નિશાબેન વિષ્ણુભાઈ (ગુલાબપુરા)

એકવાર શ્રીજી મહારાજ ભુજ પધાર્યા હતા. ભક્તોએ વાજતે ગાજતે એમનો સત્કાર કર્યો.

મહારાજે સુંદર શ્વેત વસ્ત્રો ધારણ કર્યા હતા અને અશ્વ ઉપર સવાર થયા હતા. સવારી સૂરજબાને ઘેર આવી. મહારાજે ત્યાં મુકામકર્યો. સૂરજબાએ અને સર્વ હરિભક્તોએ મહારાજની પૂજા-આરતી કરી. આરતી પછી ધૂન થઈ. તે પછી મહારાજે સભામાં કથા-વાર્તા કરી. દિવસ એમપૂરો થયો. બીજે દિવસે સૂરજબાએ ફૂલનો હિંડોળો બનાવી મહારાજને એમાં ઝુલાવ્યા. ભક્તોએ પદો ગાયાં અને ઝાંઝ, મૃદંગ વગાડીને ઉત્સવ કર્યો. આ પ્રસંગે ગામડામાંથી પણ ઘણા હરિભક્તો આવ્યા હતા. ઉત્સવ પૂરો થયા પછી ગામડાંના હરિભક્તો મહારાજનાં દર્શન કરવા અને વિદાયના આશીર્વાદ લેવા ગયા. મહારાજને દંડવત પ્રણામકરી તેમણે કહ્યું : મહારાજ, અમારા પર દયા રાખજો!

ત્યારે મહારાજે હસીને કહ્યું : "તમે પણ અમારા પર દયા રાખજો !"

તે વખતે તો હરિભક્તો મહારાજની વિદાય લઈને નીકળ્યા. પણ થોડે ગયા પછી તેઓને વિચાર આવ્યો કે આપણે મહારાજને કહ્યું કે મહારાજ, અમારા પર દયા રાખજો એ તો બરાબર, પણ મહારાજે આપણને એમકહ્યું કે તમે અમારા પર દયા રાખજો ! બધા એકદમઊભા રહી ગયા અને એક બીજા સામે જોવા લાગ્યા. ત્યારે બધા કહે ! ચાલોને, પાછા જઈ મહારાજને જ પૂછીએ ! પછી બધા હરિભક્તો પાછા મહારાજ પાસે ગયા અને કહ્યું કે મહારાજ! તમે એમ કેમ કીધું કે તમે અમારા પર દયા રાખજો !

પછી આ સાંભળી મહારાજ હસ્યા. કહે : મારે પણ દયાની જરૂર કેમ નહીં ? અને દયા તો સૌ કરી શકે છે.

હરિભક્તો વધુ ગૂંચવાયા. તેમણે કહ્યું મહારાજ, કંઈ સમજાયું નહિ ! મહારાજે કહ્યું તો સમજાવું, સાંભળો ! આ શરીર કેવડું છે ? સાડા ત્રણ હાથનું, ખરું ને ? તેમા હૃદય કેવડું છે ? ત્રણ આંગળનું, ખરુને ! એ ત્રણ આંગળના હૃદયમાં અમારે રહેવાનું ? એટલે એ ઘર ચોખ્ખું હોય તો અમને તેમાં

રહેવું ગમે. તેથી અમે કહ્યું કે અમારા પર દયા રાખજો - એ ઘર ચોખ્ખું રાખજો ! એમાં લોભ, મોહ ને કૂડકપટ સંઘરશો નહિ, સંઘરશો તો અમારાથી નહિ રહેવાય. લ્યો ! હવે તમે જ કહો તમારી આટલી દયાની મને જરૂર ખરી કે નહિ ? તમે મારી પાસે દયા માગી શકો, તો હું પણ તમારી પાસેથી દયા માગી શકું ને ?

આટલું સાંભળી ને બધા હરિભક્તો ગદ્‌ગદિત થઈ ગયા. તેમને થયું કે આટલો બધો મહારાજને આપણા પર પ્રેમ છે ! એમની આંખોમાં આસું આવી ગયા.

●

### મૂળી પ્રદેશમાં શ્રીહરિનું વિચરણ

- ભાવસાર પલ્લવીબેન વિજયકુમાર

સર્વજ્ઞાનંદ સ્વામી કહે છે હે પૃથ્વીજીત ! ભગવાન શ્રીહરિ ધ્રાંગધ્રા રાત રોકાયા. તેજ વહેલી સવારે (એટલે કે રાત દોઢ કલાક બાકી હતી) ત્યારે મેથાણના ઉત્તમ ભક્ત જીજીબા પોતે ધ્યાન કરતા હતા, ત્યારે એવા દર્શન થયા કે જાણે, શ્રીહરિ ધ્રાંગધ્રાના માર્ગથી એકલા જ ખુલ્લે પગે ચાલ્યા આવે છે. જીજીબા મેથાણ ગામના ધર્મપ્રિય ચિત્રદત્ત નામના ક્ષત્રિય રાજાના પુત્રી હતી. બાલ્યાવસ્થાથી જ સંસાર વ્યવહારનો ત્યાગ કર્યો હતો. દ્રઢ આત્મનિષ્ઠાવાળા હતા. રાત દિવસ ભગવાનનું ભજન સ્મરણ કરી, જીવન પસાર કરતા હતા. જીજીબાને તેમના બે ભાઈઓ કાકાભાઈ અને પૂંજાભાઈને દર્શનની વાત કરી. હે ભાઈઓ આપણા ઈષ્ટદેવ શ્રીજી મહારાજ અડવાણે પગે માર્ગમાં એકલા જ ચાલતા ચાલતા આવે છે. માટે તમો અશ્વ લઈને સામા જાઓ. ભગવાન શ્રીહરિ ધ્રાંગધ્રાથી પ્રાતઃ કાળે ચાલતાં ચાલતાં માર્ગમાં ગાલા ગામની સીમમાં આવ્યા. ત્યાં નદીમાં સ્નાન કરવા બેઠા. તે દરમ્યાન મેથાણથી નીકળેલા કાકાભાઈ પણ ગાલા ગામ તરફ આવતા હતા. એવામાં એમણે દૂર દૂરથી તેજના કિરણો નીકળતા જોયા. તેથી તેઓ ઉભા રહ્યા. અને મનોમન વિચારવા લાગ્યા કે આજે મને કેમ દિશા ભ્રમ થઈ ગઈ. ધ્રાંગધ્રા તો આમ આથમણું આવ્યું અને હું કેમ ઉગમણી કોર ચાલ્યો જાઉ છું. સૂરજનારાયણ ઉગવા ટાણું થઈ ગયું એમ વિચારીને પાછા ફરીને આથમણી દિશામાં પગલાં માંડ્યાં ત્યાં તો એ દિશામાં પણ સૂર્યોદય થયેલો જોતા હતા. કાકાભાઈ ભારે વિસામણમાં મૂકાઈ ગયા. વળી પાછા ફરીને મૂળ (આથમણી) દિશામાં જોયું તો જમીન ઉપર એક તેજનો સમૂહ આવતો જોયો ! થોડી ક્ષણો થઈ ત્યાં તો તેજની મધ્યમાં વર્ણીવેશધારી સુંદર મનોહર મૂર્તિના દર્શન થયા ! પોતે હર્ષથી રોમાંચિત થઈ ગયા ! જીજીબાઈ કહેતા હતા એ વાત સાચી નીકળી. કાકુજી શ્રીહરિનાં ચરણમાં પડી ગયા અને દંડવત પ્રણામ કરવા લાગ્યા. શ્રીહરિ કહે છે તમે આમ અત્યારે ક્યાં જવા નીકળ્યા છો ? કાકુજી કહે છે મારા પ્રભુ ! હું તો તમને લેવા માટે જ સામો આવ્યો છું. આ અશ્વ તમારા માટે જ લાવ્યો છું. તમે વિરાજમાન થાઓ, અને મેથાણ પધારો. પુંજાજી ભક્તતો પહેલેથી જ વધામણી દેવા દોડતા દોડતા ઘેર પહોંચી ગયા હતા.

આજુબાજુના ભક્તોને પણ ખબર પડી કે ભગવાન શ્રીહરિ પધારે છે. તેથી મંગલ પ્રભાતમાં, ગોવિંદરામ, દેવરામ, જીવરામ, જદુરામ વગેરે ભૂદેવો, કાકાજી, પુંજાજી હાલાજી વગેરે, ક્ષત્રિય ભક્તો તથા જીવાજી, કૃષ્ણજી, માવજી, હીરજી અજુભાઈ આદિક બીજા ભક્તો પોતપોતાના કુટુંબ સહિત તૈયાર થઈ ગયા. ઢોલ, નગારા, ત્રાંસા શરણાઈ જેવા વાંજિત્રો મંગાવ્યા. ધામધૂમથી સામૈયું કરી, શ્રીહરિનું સ્વાગત કર્યું. સુગંધીમાન, ચંદન પુષ્પાદિક વડે પૂજા કરી, પૂંજાજી દરબારે પોતાના રહેવાના મહેલમાં જ શ્રીહરિનો નિવાસ કરાવ્યો, પવિત્ર બ્રાહ્મણો પાસે વિવિધ પ્રકારની સ્વાદિષ્ટ રસોઈ કરાવી, પુરવાસીઓનો ભાવ જોઈને રસોઈની પ્રશંસા કરતા કરતા શ્રીહરિ જમતા હતા. જમીને તૃપ્ત થયા પછી "હરિ હરિ" એ રીતે ભગવાનનું સ્મરણ કરતા હતા.

સાંજના સમયે એક મોટી સભા થઈ, શ્રીહરિ ઉંચા આસન ઉપર વિરાજમાન થયા, ધર્મ સંબંધી થોડી વાતો કરી, પછી કહ્યું કે હે ભક્તજનો, આવતી એકાદશીનો મોટો ઉત્સવ અમારે સિધ્ધપુરમાં કરવાનો છે, કારણ કે તે ક્ષેત્રમાં કપિલદેવ ભગવાનનો પાદુર્ભાવ થયેલો છે. વળી સિધ્ધપુર સનાતન અનાદિ તીર્થ છે. હજારો સંતો, મુનિઓ, હરિભક્તો ત્યાં ભેગા થશે, તમે પણ આ વાત પ્રસિદ્ધ કરજો અને સિધ્ધપુર શહેરમાં આવજો.

સિધ્ધપુરમાં અપૂર્વ મહોત્સવ થવાનો છે એવા સમાચાર જાણવાથી ઘણા સ્ત્રી પુરુષો ત્યાં જવા માટે તૈયારી કરવા લાગ્યા. હળવદ ગામમાંથી વૈદિક કર્મને જાણનારા શિવરામશર્મા, નારાયણ જોશી, યુદરામ, હરિકૃષ્ણ, ઘેલારામ, મકનજી શુકલ, નથુરામ તથા શંભુરામ તેમજ કુબેરદાસ વણિક, રણછોડલાલ સોની, નાગરદાસ, ધરમસિંહ, વગેરે હળવદથી મેથાણ જવા નીકળતા હતા માર્ગમાં બધા નારાયણ વિપ્રને કહેતા હતા કે ભાઈ, તમને જે પ્રકારે વર્ણીરાજે દર્શન આપ્યું હતું, એવું દર્શન અમને જ

આપે તો અમે તત્કાળ એમના થઈ જઈએ. આવી પરસ્પર વાતો કરે છે. તેવામાં જ ભક્તોના કલ્પતરૂ સમાન શ્રીહરિએ તેમને તેજ રીતે દર્શન આપ્યા. સર્વ ભક્તો દર્શન કરતાં કરતાં ભાવ વિભોર બની ગયા ! ધન્ય છે પ્રભુ ! અમારા મનોરથો આપે પૂર્ણ કર્યા. આપને અમારા સાષ્ટાંગ દંડવત પ્રણામ છે. નમસ્કાર છે. એમ સ્તુતિ પ્રાર્થના કરતા હતા.

શ્રીહરિને સર્વોપરિ સાક્ષાત્ ભગવાન જાણીને તેમનો આશ્રય કરતા હતા. ત્યારબાદ શ્રીહરિ ભક્ત સમૂહ આગળ વાતો કરતા કહેતા હતા કે હે ભક્તજનો, વેદાદિક શાસ્ત્રોમાં સર્વ ધર્મ કરતાં અહિંસા ધર્મને અતિ શ્રેષ્ઠ માનેલો છે. એને સર્વ વ્રતો કરતાં બ્રહ્મચર્ય વ્રત અતિ ઉત્તમમાનેલું છે.

માટે અહિંસા અને બ્રહ્મચર્ય એ બન્નેનું ચિંતામણીની જેમજતન કરજો. વળી ગાળ્યા વિનાનું પાણી ક્યારેય ગરમન કરવું નહિ. તેમજ ગાળ્યા વિનાનું પાણી અને દૂધ પણ પીવા નહિ. કામભાવથી, પરસ્ત્રીઓ જોવી નહિ. આહાર શુદ્ધ કરવો, આહાર શુધ્ધિથી અંતઃકરણ પણ શુધ્ધ થાય છે. અંતઃકરણ શુધ્ધ હોય તો અખંડ ભગવાનની સ્મૃતિ રહે છે. ભગવાનની સ્મૃતિ રહે એટલે અહંતા, મમતા, જેવી વાસનામય ગ્રંથીઓ નાશ પામે છે.

આ પ્રમાણે શ્રીહરિએ ભગવદ્વાર્તા કરી ત્યારે પુંજાજી ભક્તે પૂછ્યું હે, મહા પ્રભુ ! જેણે કરીને ભગવાનની અખંડ સ્મૃતિ રહે છે તેવી આહાર શુદ્ધિ કેવા પ્રકારની હોય છે તે મને તમે કહો, શ્રીહરિ કહે છે હે ભક્ત, ગર્ભાધાન આદિક સંસ્કાર નિમિત્તના અન્નનો, લસણ, ડુંગળી આદિક અભક્ષ્ય વસ્તુઓનો, કુસંગ વધારે તેવા દુષ્ટ શબ્દાદિક વિષયોનો ત્યાગ કરવાથી, ઈદ્રિંયોને જીતવાથી, અને સત્પુરુષોની સેવા કરવાથી આહાર શુદ્ધિ થાય છે.

આ પ્રકારે ઘણી વાતો કરી પછી કહ્યું કે આવતી કાલે સવારે આપણે સિધ્ધપુર જાવનું છે. માટે અમારી સાથે તમે સર્વે ભક્તો તૈયાર થઈ જજો. તે પછી શ્રીહરિ પોતાના નિવાસ સ્થાને ગયા અને નિત્યક્રમવિધિ કરીને ભગવાન શ્રીહરિ પોઢી ગયા.

●

## વડનગરમાં શ્રીહરિએ કરેલી અદ્ભુત લીલા

- પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)

ઉંઝાથી મહેસાણા થઈ હીલ રેલ્વે જાય છે. તેમાં વડનગર રેલ્વે સ્ટેશન આવે છે. મહેસાણા જીલ્લાના તાલુકાનું આ શહેર પ્રાચીન કિલ્લા બંધ ઉંચાણ જમીન પર વસેલું છે.

અહીં મંદિર દક્ષિણા બારનું સુંદર અને હવેલી ઘાટનું છે. છે. સુંદર દેખાવ વાળું છે. લાલજી મહારાજ તથા હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પ્રસાદીની છે. તે મૂર્તિ પ.પૂ. આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજે સં. ૧૯૨૪ માં પૂજવા માટે આપી હતી. તે હવેલી ઘાટના મંદિરમાં છે. સં. ૨૦૧૮ ના જેઠ વદી એકાદશીના દિવસે શ્રીહરિકૃષ્ણ મહારાજની ધાતુની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ કરેલી છે. જેને આ જેઠમાસમાં ૫૦ વર્ષ પૂર્ણ થાય છે. જેથી સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવવામાં આવનાર છે.

આ ગામમાં શ્રીહરિ ઘણી વખત પધારેલા છે. તેથી આ ભૂમિઘણી પાવન છે. સ્ટેશનથી ઉતરીને શહેરમાં જતા દરવાજાની આગળ નિચાણના ભાગમાં નાગર બ્રાહ્મણનું પ્રાચીન મોટું હાટકેશ્વર મહાદેવનું દેવાલય છે. તે ઘણું ઉંચું અને કોતરણી વાળું અને જોવા લાયક છે. અને ત્યાં શ્રીહરિ ઘણી વખત પધારતા હતા. શ્રીહરિએ ત્યાં દર્શન કર્યા છે. તેથી તે હાટકેશ્વર પ્રસાદીનું છે. ઉગમણી તરફ વિશાળ ઉંડું સમિરા (શર્મિષ્ઠા) નામનું મહાન સરોવર છે. તે ગામની લગોલગ હોવાથી જેમ કાશી ગંગા તટ ઉપર શોભે છે. તેમાં શ્રીહરિએ સ્નાન કરેલું છે. તે તળાવની ઉત્તર દિશામાં ગરનાળા પાસે મોટો નાગધરો છે. તે પથ્થરથી ચારે બાજુ બાંધેલો છે. તેના કિનારે નાગદેવની દેરી છે. તેમાં શ્રીહરિએ પરમ હંસો સહિત સ્નાન કરેલું છે. તેથી તે સરોવર મહાન પ્રસાદીનું છે. તેમાં ગણપતિ, હનુમાનજી શંકર પાર્વતીની દેરીઓ છે. અહીં શ્રીહરિએ ત્રણ માસ રહી બ્રાહ્મણો જમાડેલા.

આ ગામમાં પૂર્ણ પુરુષોત્તમસ્વામિનારાયણ ભગવાન પોતાના સંતો પાર્ષદો સહિત અનેક વાર પધાર્યા છે. અને આ ભૂમિને પુણ્ય અને પવિત્ર કરેલી છે. અને સાથે અનેક લીલાઓ કરી છે. અનેક પરચાઓ આપી અધર્મનો નાશ કરી પોતાના ભક્તોની રક્ષા પણ કરી છે. જ્યારે જ્યારે પ્રભુ વિસનગર પધારતા ત્યારે વડનગર અવશ્ય પધારતા હતા. ત્યારે ભક્તોનો ભાવ પૂર્ણ કરતા હતા. વડનગરમાં આવેલા સરોવર ઉપર શ્રીહરિ ઘણીવાર સભા કરીને બેસતા. એકવાર વડનગરના ભક્તોના આમંત્રણ થી પૂર્ણ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાને વિસનગર અને વડનગર એમ બન્ને ગામના ભક્તોનો ભાવ પૂર્ણ કરી એક સાથે દર્શન દીધા હતા.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)

પ્ર. : ૧ નવ યોગેશ્વરના નામ આપો ?

પ્ર. : ૨ આઠ સિધ્ધિઓનાં નામ જણાવો ?

પ્ર. : ૩ "ભગવાનને ભગવાનના ભક્તનો કોઈ રીતે અવગુણ લેવો નહિ", એવી વાત શ્રીજી મહારાજે કહી તે સમજાવવા માટે મહારાજે જાનકીજીના જેવી સમજણ હોય તેનોજ સમાગમ કરવો તેવી વાત ક્યા વચનામૃતમાં મહારાજે કરી છે ?

પ્ર. : ૪ "ભગવાન અને ભગવાનના સંત તેને વિષે દોષ બુદ્ધિ ના આવે તેનો શો ઉપાય છે ?" ક્યા વચનામૃતમાં આ પ્રશ્ન કોણે પૂછેલ છે ?

પ્ર. : ૫ શ્રીજી મહારાજ મહેમદાવાદ ગામની ભાગોળે સભા કરી. ગામના હરિભક્તોને કહ્યું તમે બધા ઘરે જમવા જાવ સાઈઠ જેટલા સંતો સાથે હતા. એક એક સંતને ઊભા કરીને પૂછ્યું ધ્યાન કરો છો કોનું ધ્યાન કરો છો ? પછી પ્રભુએ કોનું ધ્યાન કરવાનું કહ્યું ? અને જવાબમાં સંતોએ શું કહ્યું ?

પ્ર. : ૬ ગામ લોધીકાના દરબાર જીભાઈના પુત્ર અભેસિંહજીને દુરાચાર મુકાવી ક્યા સંતે તેમને સત્સંગી બનાવ્યા?

પ્ર. : ૭ શ્રીજી મહારાજ બુધેજમાં અનેક વખત પધાર્યા છે. પરંતુ પ્રથમ વખત વર્ણીરૂપે મહારાજ કઈ સાલમાં પધાર્યા હતા ?

## જાન્યુઆરી-૨૦૧૧ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) અમદાવાદ-૩, શુકમુનિ. (૨) સ.ગુ. નિત્યાનંદ સ્વામી. (૩) "એક વાત સુણો વ્રજવાસી રે, પુરૂષોત્તમ બોલ્યા પ્રીતે, સત્ય કહું છું હૃદય તપાસી રે.... (૪) ૧. પૂર્ણ પુરુષોતમભગવાન. ૨. અક્ષરધામ. ૩. ભગવાનના અક્ષરધામમાં રહ્યા જે સેવક તે. ૪. જીવ કોટિ, ઈશ્વર કોટિના જે જીવ આ ચૈતન્ય છે અને. (૧) પંચવિષય (૨) આ લોક (૩) દેહના સંબંધી (૪) દેહ તે જડ છે. તે વિના બીજું જડ કે ચૈતન્ય ન કહેવાય. (૫) "ભગવાન જેમ છે તેમ યથાર્થ જાણવા અને ભગવાનને અર્થે જે જે કરવાનું છે તેને જાંણવું તે જ્ઞાન. (૬) દૂધ, થુલી, દહીં, કેરાનું અથાણું. (૭) સ.ગુ. મુક્તાનંદ સ્વામી.

૧. પટેલ વિનોદભાઈ પી. - વહેલાલ
૨. પટેલ અંજનાબેન મનુભાઈ - નાંદોલ
૩. પટેલ સાકરબેન નટવરલાલ - નાંદોલ
૪. પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ - નાંદોલ
૫. પટેલ માણેકબેન મણીલાલ - દહેગામ
૬. પટેલ ગંગાબેન ભક્તિભાઈ - ઝુલાસણ
૭. મોદી અમૃતલાલ ક. - સોજા
૮. પટેલ ગોરધનભાઈ શંકરદાસ - સોજા
૯. પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ - આનંદપુરા
૧૦. સાં.યો. શિલ્પાબા, શિતલબા-હવેલી અમદાવાદ
૧૧. પટેલ ભક્તિભાઈ ભોળાભઈ - રાણીપ
૧૨. સાં.યો. કોકીલાબા, ઉષાબા - સુરેન્દ્રનગર
૧૩. સા.યો. શાંતાબા, હંસાબા, રંજનબા - પાટડી
૧૪. સાં.યો. રંજબેન, નાનીબેન - વિરાટનગર
૧૫. ડાભી પ્રભાતસિંહ કેસરજી - ડાંગરવા
૧૬. સોની વર્ષા અશ્વિનભાઈ - અમદાવાદ
૧૭. ભાવસાર વીણાબેન આર. - અમદાવાદ
૧૮. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ - અમદાવાદ
૧૯. પટેલ લીલાબેન પ્રહલાદભાઈ - આનંદપુરા
૨૦. ભાવસાર અરવિંદાબેન એન. - અમદાવાદ
૨૧. સાં.યો. મંજુબા, ભારતીબા - હવેલી અમદાવાદ
૨૨. ઠક્કર હસુબેન - ઈશનપુર
૨૩. અક્ષિતાબેન - ઝુલાસણ
૨૪. પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ - સીતાપુર
૨૫. પટેલ રેખાબેન કીર્તિકુમાર - ઉંઝા
૨૬. ભાવસાર સુમિત્રાબેન નરેશકુમાર - વિસનગર
૨૭. સોની વર્ષાબેન અરવિંદભાઈ - અમદાવાદ

# સત્સંગ સમાચાર

### માણેકપુર ગામે શાકોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી એવં સમસ્ત ધર્મવંશીની આજ્ઞા આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, નારણઘાટ મંદિરના મહંત સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ.શા. નાના પી.પી. સ્વામીની પ્રેરણાથી માણેકપુર શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા સમસ્ત ચૌધરી સત્સંગ સમાજ શ્રી સ્વામિનારાયણ મંદિર તરફથી તા. ૫-૧-૧૧ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શાકોત્સવનો અલૌકિક વઘાર કરીને ભવ્ય શાકોત્સવ ઉજવ્યો હતો.

આ પ્રસંગના યજમાનો ચૌધરી મનુભાઈ રણછોડભાઈ, (અમેરિકા) ચૌધરી નટવરભાઈ બાબુભાઈ (અમેરિકા) ચૌધરી રમણભાઈ મોતીભાઈ, ચૌધરી મિતેષકુમાર અમૃતભાઈ, ચૌધરી દિનેશભાઈ અમૃતભાઈ (અમેરિકા) અને ચૌધરી દિલીપભાઈ બળદેવભાઈ રહ્યાં હતાં.

પ્રાસંગિક સભામાં સ.ગુ. મહંત શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (નારણઘાટ), બ્ર.પૂ. રાજેશ્વરાનંદજી, સ્વા. જયપ્રકાશદાસજી, સ.ગુ.શા.સ્વા. શ્રીજીપ્રકાશદાસજી (નારણપુરા મહંત), સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ), સ્વા. રામકૃષ્ણદાસજી, શા. ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા મહંત) આદિ ધામોધામના સંતો પધાર્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈ સર્વે સભાને રૂડા આશીર્વાદ આપ્યા હતા. સભા સંચાલન શા. નાના પી.પી. સ્વામીએ સંભાળ્યું હતું. માણેકપુરગામઅને આજુબાજુના ગામોના હરિભક્તોએ શાકોત્સવનો દિવ્ય લાભ લઈ છેલ્લે સૌએ પ્રસાદ લીધો હતો. હરિભક્તો તરફથી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો ફાળો ત્રણ લાખ રૂપીયા જેટલો થયો હતો. (શા. ચૈતન્યસ્વરૂપદાસજી)

### શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ ભવ્ય શાકોત્સવ ઉજવાયો

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તેમજ સમસ્ત ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તથા નારાયણઘાટ મંદિરના બન્ને મહંત સ્વામી સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી અને સ.ગુ. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (પી.પી. સ્વામી)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટના પુણ્ય પવિત્ર આંગણે તા. ૨-૧-૧૧ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો.

જેના મુખ્ય યજમાન પ.ભ. પટેલ સોમાભાઈ ભગવાનદાસ ચોકસી (વિહારવાળા) હ. વિનોદભાઈ, ઈન્દ્રવદનભાઈ, નિર્મલ તથા રાજ (નારણપુરા) આદિ પરિવારે લાભ લીધો હતો. સભાનો પ્રારંભ નંદસંતોની કીર્તન ભક્તિથી થયો હતો. ત્યારબાદ ધામોધામના પધારેલા સંતોએ શાકોત્સવનો મહિમા અને માહાત્મ્ય કહ્યું હતું. ત્યારબાદ પ.પૂ. ભાવિ આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સભામાં પધાર્યા હતા અને સ્વયં શાકનો અલૌકિક વઘાર કરી હજારો ભાવિકોને શ્રીહરિના પ્રત્યક્ષ દર્શનની અનુભૂતિ કરાવી હતી. સભામાં યજમાનશ્રીને પ્રસાદીનો પુષ્પહાર અને પ્રસાદીની ધાબળી પહેરાવી રૂડા આશીર્વાદ આપ્યા હતા. છેલ્લે સમસ્ત સભાને રૂડા આશીર્વાદ આપી સ્વસ્થાન પધાર્યા હતા.

સંતોના માર્ગદર્શન મુજબ શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર શિસ્ત બધ્ધ જમવાની વ્યવસ્થા કરાવી હતી. એકી સાથે ૧૨ હજાર ભક્તોએ પ્રસાદ લીધો હતો. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ નારાયણઘાટની સેવા પ્રેરણાદાયક હતી. આ પ્રસંગે સ.ગુ. શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજીએ (કોટેશ્વર ગુરુકુળ) સુંદર સભા સંચાલન કર્યું હતું. (પૂજારી બાલસ્વરૂપ સ્વામી)

### પ્રસાદીભૂત મોટેરા ગામે શ્રીમદ્ શિક્ષાપત્રી ભાષ્ય રાત્રિ નવાન્હ પારાયણ તથા ભવ્ય શાકોત્સવ

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મવંશીની આજ્ઞા-આશીર્વાદથી તેમજ સ.ગુ. મહંત નાના પી.પી. સ્વામી (નારાયણઘાટ)ની પ્રેરણાથી શ્રીહરિના દિવ્ય ચરણોથી અંકિત મોટેરા ગામે શ્રીમદ્ શિક્ષાપત્રી ભાષ્ય નવાન્હ પારાયણ તથા ભવ્ય શાકોત્સવ તા. ૨૫-૧૨-૧૦ થી તા. ૨-૧-૧૧ પર્યન્ત ધામધૂમથી સંપન્ન થયા.

પ.ભ. ગં.સ્વ. સાંકુબેન ભીમાભાઈ પટેલના શુભ સંકલ્પથી અને અ.નિ. ભીમાભાઈ નાથાભાઈ પટેલ હ. શામળભાઈ અને છબીલદાસભાઈ પરિવારના મુખ્ય યજમાન પદે અને સગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તાપદે સુમધુર કંઠે ભક્તિ રસ જ્ઞાન ગંગાનું રસપાન કરાવ્યું હતું. આજે ગામના મોટા ભાગ્ય ગણાય કે સૌ પ્રથમ વખત મોટેરા ગામમાં ભાવિ આચાર્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પધારીને પ્રસાદીની ભૂમિને પુનઃ પ્રસાદીની ભાગ્યવંતી ભૂમિ બનાવી હતી. ભવ્ય શાકોત્સવનો સ્વયં ઈષ્ટદેવ તેઓશ્રીના દાદાની જેમ શાકનો વઘાર કરી હરિભક્તોને અલૌકિક દર્શનની ઝાંખી કરાવી હતી. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં હરિભક્તોએ સુંદર સેવા લખાવી પ.પૂ. મોટા મહારાજશ્રીનો રાજીપો મેળવ્યો હતો. ધામોધામના પધારેલા સંતોએ આશીર્વાદ આપ્યા હતા. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ૬૦૦૦ ઉપરાંત ભાવિકોએ શાકોત્સવનો પ્રસાદ ગ્રહણ કર્યો હતો. આવું સફળ સંચાલન અને આયોજન શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર ગુરુકુળ)એ કર્યું હતું. (સ્વામી ઋષિકેશપ્રસાદદાસ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર દહેગામ(ટેબલાફળી) શાકોત્સવ ઉજવાયો

શ્રી સ્વામિનારાયણ મંદિર દહેગામ(ટેબલા ફળી) ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી એવં સમસ્ત ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, (અમદાવાદ) સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ)ની પ્રેરણા માર્ગદર્શનથી અને સમસ્ત ગામના હરિભક્તોના સાથ સહકારથી તા. ૧૨-૧-૨૦૧૧ ના શુભ દિને સાંજે ૬-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્

હસ્તે શાકનો અલૌકિક વધાર થયો ત્યારે ઉપસ્થિત હજારો હરિભક્તો દર્શન કરી ધન્ય બની ગયા.

પ્રાસંગિક સભામાં પૂ. સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંત), સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી, સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ) આદિ સંતોએ પ્રેરક વાણીનો લાભ આપેલ. અન્ય સંતોમાં બ્ર. પૂજારી સ્વામી રાજેશ્વરાનંદજી, સ્વામી જયપ્રકાશદાસજી, સ્વામી વિશ્વવિહારીદાસજી, યોગી સ્વામી આદિ ધામો ધામના સંતો પધાર્યા હતા. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન સ.ગુ. શા.સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર ગુરુકુળ) એ સંભાળ્યું હતું. સમગ્ર પ્રસંગમાં પ.ભ. કોઠારી અરવિંદભાઈ અમીન અને પ.ભ. હર્ષદભાઈ પટેલ સ્ટોર કિપર સ્વા. મંદિર કાલુપુર) આદિ ઘણા હરિભક્તો અને બહેનોની સેવા ખૂબજ પ્રેરણારૂપ હતી. હરિભક્તોએ શાકોત્સવનો પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. (સ્વામી જયપ્રકાશદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુરધામ ધનુર્માસની ભવ્ય ઉજવણી**

સર્વોપરી શ્રીહરિ જ્યાં ઘેરઘેર એકજ સમયે જમેલા. જ્યાં મહામુક્ત ગંગામાંનું નિવાસ સ્થાન અને મહારાજ જેમ ને "મા" કહી સંબોધતા એવી પુણ્ય પવિત્ર તીર્થ ભૂમિ જેતલપુર ધામમાં મહા પ્રતાપી સર્વના સંકલ્પ સિધ્ધ કરનારા બળીયા દેવ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના સાનિધ્યમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદ સહ રાજીપાથી તથા સ.ગુ. મહંત પૂ. શા.સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂજ્ય પી.પી. સ્વામીની પ્રેરણાથી અને મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી (કે.પી. સ્વામી)ના માર્ગદર્શનથી પવિત્ર ધનુર્માસમાં તા. ૧૭ ડિસેમ્બરથી ૧૫ જાન્યુઆરી પર્યન્ત સર્વોપરી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન પ્રસાદીના સભા મંડપમાં ધામધૂમથી થઈ હતી. જેમાં જેતલપુર મંદિર, સંત મંડળ, અક્ષરમહોલવાડીના સંતો, વિદ્યાર્થી બટુકો અને જેતલપુર અને આજુબાજના ગામોના હરિભક્તો કડકડતી ઠંડીમાં પણ ધૂનનો લાભ લેવા પધારતા હતા. ઘણા હરિભક્તોએ માસિક ધૂન અને દૈનિક ધૂનનો લાભ લઈ જીવના સંભારણારૂપ ભેટ પણ મેળવી હતી.

(શા. ભક્તિનંદનદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયામાં શ્રી મદ્ ભાગવત સપ્તાહ પારાયણ**

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી સ્થાપિત બાલસ્વરૂપ કષ્ટ ભંજનદેવના સાનિધ્યમાં અત્રે મંદિરના મહંત સ.ગુ. સ્વામી ગુરુપ્રસાદદાસજી તથા સ.ગુ. મહંત સ્વામી આનંદપ્રસાદદાસજીની પ્રેરણાથી નિજ મંદિરમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ પૂજ્ય સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના વક્તાપદે હજારો મુમુક્ષુઓને સર્વોપરિ ઈષ્ટદેવના ગુણગાન ગાઈને રસ તરબળ કર્યા હતા.

તા. ૧૩-૧-૧૧ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ધૂનમાં પધાર્યા હતા અને રૂડા આશીર્વાદ આપ્યા હતા. ઉત્તરાયણના દિવસે મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી અને મહંત સ્વામી આનંદપ્રસાદદાસજીએ ખીચડાનું આયોજન કરેલ. જેમાં હજારો ભાવિકોએ પ્રસાદ લીધો હતો.

કથાના પ્રારંભ દિન તા. ૧૨-૧૨-૧૦ના રોજ પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ વ્યાસપીઠ અને વક્તાશ્રીનું પૂજન કરાવીને હજારો ભાવિકોને કથાનો મહિમા અને પ્રસાદીના સ્થળનો મહિમા પોતાની આશીર્વાદરૂપી વાણીમાં કહ્યો હતો. તા. ૧૩-૧૨-૧૦ ના રોજ સમસ્ત બહેનોના ગુરુ અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ પ.પૂ. ગાદીવાળાશ્રી બહેનોને દર્શન આશીર્વાદ અને કથામૃત પાન કરવા પધાર્યા હતા. પારાયણના યજમાન પ.ભ. સાવિત્રીબેન ગોપાલદાસ પટેલ (કાંકરિયા-હાલ અમેરિકા)ને પ.પૂ. ગાદીવાળાશ્રીએ આશીર્વાદ આપી તેમના પર ખૂબજ રાજી થયા હતા. સતત સાત દિવસ પર્યન્ત સાવિત્રી બેનના પુત્રો જયેશભાઈ, સગા સ્નેહી અને ગુણવંતભાઈ પટેલે વગેરેએ કથાનો સુંદર લાભ લીધો હતો. કથામાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. ભક્તો માટે પ્રસાદની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. અત્રે ધનુર્માસ ધૂન મહોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. તા. ૯-૧-૧૧ ના રોજ સવારના વહેલા ધૂન કીર્તન કરતા સંતો સાથે હજારો હરિભક્તોએ શ્રી નરનારાયણદેવના પગપાળા યાત્રા કરીને દર્શનનો લાભ લીધો હતો. (ડૉ. હિરેન પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણપુરા**

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા મહંત સ.ગુ. શા.સ્વામી શ્રીજીપ્રકાશદાસજીની પ્રેરણાથી સ.ગુ. સ્વામી ચંદ્રપ્રકાશદાસજીના માર્ગદર્શનથી બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામમહારાજના સાનિધ્યમાં ધનુર્માસમાં પ્રાતઃ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન આખો માસ પર્યન્ત સંતોની નિશ્રામાં હજારો હરિભક્તોએ કરી હતી. મંદિર નિર્માણ થયુ ત્યારથી પ.પૂ. મોટા મહારાજશ્રી શ્રી સ્વામિનારાયણ બાગથી સૌ પ્રથમ નારાણપુરા મંદિર આરતી ઉતારવા પધારે છે. અને ત્યાંથી શ્રી નરનારાયણદેવના મંદિરે પધારે છે. નાના પૂજારી ઋષિ સ્વામી ઘનશ્યામમહારાજને અવનવા સુંદર વાઘા ધરાવી લાડ લડાવે છે. આમ નારણપુરા મંદિર ખાતે ધનુર્માસ ખૂબજ ધામધૂમથી ઉજવાયો હતો. ભાવિક ભક્તોએ આખા માસ અને દૈનિક ધૂન મોટી સંખ્યામાં લખાવી હતી. દરેકને ભીનો પ્રસાદ ખોબે ખોબે વહેંચવામાંઆવતો હતો. (ખેર ભરત)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગોમતીપુર**

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર ગોમતીપુર ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી ધનુર્માસમાં સવારે ૫-૩૦ થી ૬-૩૦ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરવામાં આવી હતી.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નાંદોલ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમસ્ત

ધર્મકુળનાં આશીર્વાદથી તથા પૂ. શા. સ્વામી હરિકેશવદાસજી, શા. સ્વા. હરિપ્રિયદાસજી અને સ્વા. શ્રીરંગદાસજી (સેક્ટર-૨૩ સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર)ની પ્રેરણાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં હરિભક્તોએ સાથે મળી શાકોત્સવની ઉજવણી કરી હતી. હરિભક્તોએ ખડે પગે સેવા બજાવી હતી. ગાંધીનગરના ૫૦૦ હરિભક્તોએ શાકોત્સવ અને પ્રસાદીના સલકી ગામે દર્શનનો લાભ લઈ ધન્ય બન્યા હતા. (કોઠારીશ્રી, નાંદોલ)

**હિંમતનગરમાં શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર ખાતે ધનુર્માસમાં શ્રી ઘનશ્યામમહારાજ સન્મુખ હરિભક્તોએ ધૂન કરી હતી. મહંત શા.સ્વા. હરિજીવનદાસજીએ આખો મહિનો સ.ગુ. નિર્ગુણદાસ સ્વામીની વાતોની કથા કરી હતી. અત્રે ભવ્ય શાકોત્સવ યોજવામાં આવ્યો હતો. હજારો સત્સંગીઓએ શાકોત્સવનો પ્રસાદ લીધો હતો. ઈડર મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી, પૂજારી સ્વામી અજયપ્રકાશદાસજીએ શ્રીહરિના શાકોત્સવની લીલાની વાતો કરી હતી. મહંત સ્વામીએ સમગ્ર આયોજન ગોઠવ્યું હતું. હરિભક્તોએ સેવા પણ સુંદર કરી હતી. (અમૃતભાઈ પટેલ)

અત્રે શ્રી ઘનશ્યામમહિલા મંડળના બહેનોએ ટોરડા મંદિરમાં સમૂહ મહાપૂજાનું આયોજન કર્યું હતું. જેમાં ૧૬૦ બહેનોએ લાભ લીધો હતો. જેનું સંચાલન લાભુબેન તથા કલ્પનાબેને કર્યું હતું. (વિણાબેન સોની)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વસઈ (ડાભલા)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં આખો ધનુર્માસ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન હરિભક્તોએ સાથે મળી કરી હતી. શ્રી ઘનશ્યામ મહિલા મંડળે ધનુર્માસમાં બપોરે ૩ થી ૪ આખો માસ ધૂન કરી હતી. (ભૂપેશભાઈ ભાવસાર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલી (જેતલપુર દેશ)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા પૂ. પી.પી. સ્વામી તથા મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજીની પ્રેરણાથી અત્રે મંદિરમાં આખો ધનુર્માસ ધૂન કરી હતી. જેતલપુર અક્ષરમહોલ વાડીના સંતોએ ધૂનમાં પધારીને કથાનો લાભ આપ્યો હતો. (જયંતીભાઈ ઠક્કર)

**ઘાટલોડીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા**

શ્રી સ્વામિનારાયણ મંદિર ઘાટલોડીયામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્‌ઘાટન મહોત્સવના ઉપલક્ષમાં છેલ્લા ઘણા સમયથી શ્રી જનમંગલના ૧૧ પાઠ દર શનિવારે હરિભક્તો સમૂહમાં કરે છે. તા. ૨૨-૧-૧૧ ને શનિવારના આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી જનમંગલના પાઠ પ્રસંગે સભામાં પધાર્યા હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને સૌ હરિભક્તો ઉપર અતિ રાજી થઈ રૂડા આશીર્વાદ આપ્યા હતા. સભામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન પ.ભ. છનાભાઈ સાહેબના સહ પરિવારે કર્યું હતું. (શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી કોટેશ્વર ગુરુકુળ)

**ઐતિહાસિક અને ધાર્મિક નગરી વડનગરમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજનો સુવર્ણ જયંતી મહોત્સવ**

**તા. ૨૭-૩-૧૧ થી ૩૧-૩-૧૧**

અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભાશીર્વાદાત્મક આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સંપૂર્ણ રાજીપાથી સુપ્રસિદ્ધ ઐતિહાસિક અને ધાર્મિક નગરી વડનગરમાં બિરાજમાન અલૌકિક મૂર્તિ શ્રી ઘનશ્યામમહારાજનો સુવર્ણ જયંતી મહોત્સવ (૫૦ વર્ષ) પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં તા. ૨૭-૩-૨૦૧૧ રવિવારથી તા. ૩૧-૩-૨૦૧૧ ગુરુવાર સુધી ધામધૂમથી ઉજવવામાં આવનાર છે. તો આ શુભ મહોત્સવ પ્રસંગે કથા પારાયણ, હરિયાગ, શ્રી ઠાકોરજીના અભિષેક દર્શન, અન્નકૂટ દર્શન, ભવ્ય પ્રદર્શન, સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા સમસ્ત ધર્મકુળનો લાભ લેવા પધારવા આપ સૌ સંતો-હરિભક્તોને હાર્દિક આમંત્રણ છે.

મહંત સ્વામી સ.ગુ. હરિસેવાદાસજી C/o. મહંત શાસ્ત્રી નારાયણવલ્લભદાસજી, શ્રી સ્વામિનારાયણ મંદિર, મુ.પો.તા. વડનગર, જિ. મહેસાણા. સંપર્ક : ૦૨૭૬૧-૨૨૨૦૮૦, ૨૨૨૮૫૧

**પ્રસાદીના કુંડળ ગામે પંચાન્હ પારાયણ**

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ઉપલક્ષમાં ભક્તરાજ કલા ભગતના પરંપરાના અ.નિ.પ.ભ. સેંધાભાઈ ભાયસંગદાસ પટેલની દિવ્ય સ્મૃતિમાં પ્રસાદીના કુંડાળ (તા. કડી) ગામે સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (પી.પી. સ્વામી) (નારાયણઘાટ મહંતશ્રી) ની પ્રેરણાથી સ.ગુ. વૈરાગ્ય મૂર્તિ નિષ્કુળાનંદ કાવ્ય અંતર્ગત ''ધીરજ આખ્યાન પંચાન્હ પારાયણ'' તા. ૩-૧-૧૧ થી તા. ૭-૧-૧૧ પર્યન્ત સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજીએ બિરાજી પોતાની આગવી સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવ્યું હતું. કથાના રસિયાઓને સતત પાંચ દિવસ ખૂબજ સુખ મળ્યું.

આ શુભ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી, અ.સૌ. પ.પૂ. ગાદીવાળાશ્રીએ પધારી ભક્તજનોને દર્શન આપી કૃતાર્થ કર્યા હતા. ધામોધામના સંતોએ પણ અમૃત વાણીનો લાભ આપ્યો હતો. પ.ભ. અમૃતભાઈ આદિ પરિવાર ઉપર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ખૂબજ રાજી થયા હતા. (શા. અભયપ્રકાશદાસ)

**પોર (ગાંધીનગર) ગામમાં શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા .ગુ. શા.સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (મહંતશ્રી, નારાયણઘાટ) ની

પ્રેરણાથી ગાંધીનગર જીલ્લાના પોર ગામે તા. ૧૯-૧-૧૧ થી તા. ૨૩-૧-૧૧ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ યોજવામાં આવેલ.

સાં.યોગી ગંગાબા (ભગત)ના શુભ સંકલ્પથી મુખ્ય યજમાન પદે તેમના પરિવારના અ.નિ. મણીભાઈ કચરાભાઈ પટેલ પરિવાર, અ.નિ. સોમાભાઈ કચરાભાઈ પરિવારે લાભ લીધો હતો. કથાના વક્તાપદે સ.ગુ.શા. સ્વામી રામકૃષ્ણદાસજીએ બિરાજીને પોર ગામ અને આજુબાજુના ગામના કથાના રસિયાઓને કથામાં રસતરબોળ કર્યા હતા. પારાયણ દરમ્યાન સમગ્ર ધર્મકુળે પધારીને રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. જેમાં બીજા દિવસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને સમસ્ત ગામને આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ પ.પૂ. અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને સમસ્ત બહેનોને દર્શન આશીર્વાદ આપી રાજી થયા હતા. પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા હતા. અને ખૂબજ પ્રસન્ન થઈ આશીર્વાદ આપ્યા હતા. સંતોમાં સ.ગુ. મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી, મહંત સ્વામી દેવપ્રકાશદાસજી આદિ સંતો પધાર્યા હતા. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્ઘાટન મહોત્સવમાં ગામના હરિભક્તો દ્વારા સુંદર સેવા થઈ હતી. સમગ્ર સભાનું સંચાલન સ.ગુ.શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ સંભાળ્યું હતું.

(સ્વા. ઋષિકેશપ્રસાદદાસજી)

**ન્યુ રાણીપમાં પ્રથમ રાત્રિય સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને સ.ગુ. શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (નારાયણઘાટ)ની પ્રેરણાથી તા. ૨૩-૧-૧૧ રવિવાર ન્યુ રાણીપ, ઓઝોન રેસીડેન્સી, ચેનપુર ગામરોડ વિસ્તાર ખાતે પ્રથમ રાત્રિય સત્સંગ સભા થઈ હતી.

સૌ પ્રથમ સભા પ્રારંભમાં કીર્તનકાર મયંક મોદીએ નંદસંતોના કીર્તન ગાયા હતા. ત્યારબાદ સંતો સાથે હરિભક્તો અને નવા મુમુક્ષુઓએ શ્રી સ્વામિનારાયણ ધૂન કરી હતી. સ.ગુ.શા. સ્વા. રામકૃષ્ણદાસજી અને સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ સર્વોપરિ શ્રીહરિના ઐશ્વર્ય પ્રતાપ અને મહિમાની દ્રષ્ટાંત સાથે કથા કરી હતી. સ.ગુ. પી.પી. સ્વામીએ મૂળ સંપ્રદાય અને શ્રી નરનારાયણદેવ ગાદીની પરંપરાની વાત સાથે આશીર્વાદ આપ્યા હતા. સભાના યજમાન પ.ભ. માધવલાલ પટેલ (મારુસણાવાળા) અને પરિવારોએ ઠાકોરજીની આરતી ઉતારી હતી. સભાના વિરામે સંતો સમક્ષ સર્વે મુમુક્ષોએ હવે નિયમિત રૂપે ઘર સભા દર માસે હરિભક્તોને ત્યાં કરીશું અને અવાર-નવાર સંતો અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની પધરામણી કરાવીશું. ન્યુ રાણીપ વસતા દરેક હરિભક્તોને સત્સંગ સભાનો લાભ લેવા આગ્રહ ભર્યો અનુરોધ છે. (સ્વામી રૃષિકેશપ્રસાદદાસજી)

**વિસનગર**

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી ધનુર્માસમાં ૨૭ થી ૨૯ ડિસેમ્બરના પટેલ વાડીમાં સત્સંગ સભા-કીર્તન સંધ્યાનું સુંદર આયોજન થયું. મૂળીના શા. રામકૃષ્ણદાસજી અને કીર્તનકાર ભજન પ્રકાશ સ્વામીએ કથાવાર્તા અને કીર્તન ભક્તિનો લાભ આપ્યો હતો. (કોઠારી કાંતિભાઈ)

**બોપલ મંદિરમાં ધનુર્માસ અને શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધનુર્માસમાં હરિભક્તોએ સાથે મળી ધૂન, કીર્તન, કથા અને પ્રસાદનો લાભ લીધો હતો.

શા.સ્વા. વ્રજવલ્લભદાસજીએ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી કૃત ધીરજ આખ્યાનની કથાનો સુંદર લાભ આપ્યો હતો. મહંત સ્વામી હરિવલ્લભદાસજી અને સંતમંડળ હરિકૃષ્ણમહારાજ સાથે હરિભક્તોને ઘેર ઘેર ઝોળી ફેરવી સૌને સુંદર લાભ આપેલ. તા. ૯-૧-૧૧ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે ભવ્ય શાકોત્સવ ધર્મકુળના નિષ્ઠાવાન પ.ભ. અરવિંદભાઈ સેંધાભાઈ પટેલ અને શ્રી નવિનભાઈ સેંધાભાઈ પટેલ, બોપલ એ.ડી.સી. બેંકના મેનેજર શ્રી રઘુવિરસિંહ ચૌહાણ તથા શ્રી બાલેશ્વર વિહાર મિત્ર મંડળના તમામ ભાઈઓએ તન, મન અને ધનથી સેવા કરી અલભ્ય લાભ લઈ પ.પૂ. મોટા મહારાજશ્રીનો રાજીપો અને બાલ સ્વરૂપશ્રી ઘનશ્યામમહારાજની પ્રસન્નતા મેળવી હતી.

(પ્રવિણભાઈ ઉપાધ્યાય)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નવા વાડજમાં ભવ્ય શાકોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સમસ્ત ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તથા નારણઘાટ મહંત શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર નવા વાડજ ખાતે તા. ૯-૧-૨૦૧૧ ને રવિવારના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો. સૌ પ્રથમસંતોએ કથાવાર્તા કરીને શાકોત્સવનો મહિમા અને માહાત્મ્ય સમજાવ્યું હતું. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને પોતાના વરદ્ હસ્તે શાકનો અલૌકિક વધાર કરીને હરિભક્તોને રાજી કર્યા હતા. હજારો ભક્તોએ પ્રસાદ લઈને ધન્ય ધન્ય બન્યા હતા.

(શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી, કોટેશ્વર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર દેલવાડામાં શાકોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સમસ્ત ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંતશ્રી)ની શુભ પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર દેલવાડા ખાતે તા. ૯-૧-૧૧ ને રવિવારના શાકોત્સવનું સુંદર આયોજન થયું હતું. સભામાં કીર્તન ભક્તિ બાદ સંતોની અમૃતવાણી બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંતો સાથે પધાર્યા હતા અને મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી સ્વયં શાકનો વધાર કરીને સમગ્ર દેલવાડા ગામને દિવ્યમય બનાવ્યું હતું. સભા સંચાલન શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજી અને શા. સ્વા. અભયપ્રકાશદાસજીએ સંભાળ્યું હતું.

(સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી, કોટેશ્વર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સાબરમતી (રામનગર)માં ભવ્ય શાકોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સમસ્ત ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ.શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર સાબરમતી રામનગરમાં તા. ૯-૧-૧૧ ને

રવિવારના રોજ હરિભક્તોએ સાથે મળી કોટેશ્વર શ્રી સહજાનંદ ગુરુકુળ ખાતે ધામધૂમથી શાકોત્સવ ઉજવ્યો હતો. પ.પૂ. મોટા મહારાજશ્રીએ સ્વયં શાકનો વઘાર કર્યો ત્યારે સમગ્ર વાતાવરણમાં દિવ્યતા પ્રસરી ગઈ હતી. પ્રાસંગિક સભામાં કીર્તનીયા હરિભક્તોએ કીર્તન ભક્તિ કરી હતી. ત્યારબાદ સંતોએ કથાવાર્તાનો લાભ આપ્યો હતો. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં ઘણા હરિભક્તોએ સેવા કરીને પ.પૂ. મોટા મહારાજશ્રીનો રાજીપો મેળવ્યો હતો. ૧૫૦૦ ઉપરાતં સાબરમતી અને આજુબાજુના ગામોના ભાવિક ભક્તોએ શાકોત્સવનો પ્રસાદ ગ્રહણ કરી ધન્ય ધન્યા બન્યા હતા. (શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી કોટેશ્વર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રાંતિજ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી આજ્ઞાથી અહીંના શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે તા. ૯-૧-૧૧ ને રવિવારના સંત-હરિભક્તોએ સાથે મળી શાકોત્સવ ઉજવ્યો હતો. કથાવાર્તા કીર્તન ધૂન આદિ કાર્યક્રમ સભામાં થયા હતા. મહંત સ્વામી માધવપ્રસાદદાસજીની પ્રેરણાથી પ.ભ. કાંતિભાઈ માધવદાસ પટેલ પરિવારે યજમાન બની લાભ લીધો હતો. ૨૦૦૦ ભાવિકોએ શાકોત્સવનો લાભ લીધો હતો.

(કોઠારી હરિભાઈ મોદી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક શાકોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમગ્ર ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. પી.પી. સ્વામી (નારણઘાટ)નીપ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર, જીવરાજપાર્ક ખાતે તા. ૨૩-૧-૧૧ ને રવિવારના રોજ સાંજના દબાદબાભેર શાકોત્સવ ઉજવાયો.

જીવરાજપાર્ક મંદિરમાં દર વર્ષે શાકોત્સવ ઉજવાય છે. આ વરસે પણ શાકોત્સવનો સ્વયં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ વઘાર કર્યો ત્યારે સમગ્ર વાતાવરણ દિવ્ય અને અલૌકિક બન્યું હતું. હરિભક્તોની મેદની મંદિરમાં સમાતી ન હતી. સૌએ શાકોત્સવને માણીને દિવ્યાનંદ અનુભવ્યો હતો. આ પ્રસંગે ધામોધામના સંતો પૈકી અમદાવાદ મંદિરના મહંત સ્વામી શા. હરિકૃષ્ણદાસજી, નારાયણઘાટ મંદિરના મહંત સ્વામી દેવપ્રકાશદાસજી, શ્રીનરનારાયણદેવના પૂજારી બ્ર. રાજેશ્વરાનંદજી આદિ અનેક સંતો પધાર્યા હતા. કોટેશ્વર ગુરુકુળના કથાકાર શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજીએ શાકોત્સવ મહિમા અને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્ઘાટન મહોત્સવની વિગતવાર માહિતી આપી હતી. જીવરાજપાર્ક શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રેરણાત્મક રહી હતી. (શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી)

**મકાખાડમાં ભવ્ય શાકોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા અ.નિ.સ.ગુ. સ્વામી ભગવતપ્રસાદદાસજી તથા અ.નિ. સ.ગુ. સ્વામી ગોપાલપ્રસાદદાસજીની દિવ્ય પ્રેરણાથી અને નારણપુરા મંદિરના યુવાન કથાકાર વિદ્વાન સ.ગુ.શા.સ્વામી શ્રીજીપ્રકાશદાસજીના સુંદર માર્ગદર્શન હેઠળ શ્રી સ્વામિનારાયણ મંદિર મકાખાડમાં તા. ૬-૧-૧૧ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ હસ્તે દિવ્યાતિ દિવ્ય શાકોત્સવ ધામધૂમથી ઉજવાયો. સમસ્ત મકાખાડ ગામ અને આજુબાજુના ગામોના હરિભક્તોએ ધામોધામના સંતોની પ્રેરક વાણી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદનું અમૃતપાન કરી શાકોત્સવનો પ્રસાદ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. (સ્વા. બાલસ્વરૂપદાસ, મૂળી)

**જેતલપુરધામના સંતો દ્વારા નીચેના ગામોમાં શાકોત્સવ ઉજવાયો**

સર્વાવતારી શ્રીહરિના દિવ્ય ચરણોથી અંકિત મહાન તીર્થભૂમિ જેતલપુરધામમાં બિરાજમાન શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજની પૂર્ણ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને જેતલપુર મંદિરના મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ.શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (પી.પી. સ્વામી)ની પ્રેરણાથી જેતલપુરધામના સંત મંડળના સહયોગથી નીચેના ગામોમાં ભવ્ય શાકોત્સવ ઉજવાયા હતા. જેમાં ઘણા હરિભક્તોએ યજમાન બની દિવ્ય લાભ લઈ અને શાકોત્સવને માણી ભાગ્યવાન બન્યા હતા.

(૧) તા. ૨૬-૧૨-૧૦ નારાયણનગર (૨) તા. ૨૬-૧૨-૧૦ ઝુલાસણ કલોલ (૨) તા. ૨-૧-૧૧ ટ્રેન્ટ (વિરમગામ) (૪) તા. ૩-૧-૧૧ શિયાળ-નળકાંઠા વિસ્તાર (૫) તા. ૯-૧-૧૧ ગામડી દશક્રોઈ (૬) તા. ૯-૧-૧૧ કોઠંબા-પંચમહાલ (૭) તા. ૨૨-૧-૧૧ જેતલપુર અક્ષરમહોલવાડી આદિ અનેક ગામોમાં શાકોત્સવનું નિમિત્તરૂપ ઘણા જીવોને સત્સંગનો રંગ લાગ્યો હતો. જેથી શાકોત્સવ પૂર્ણ રૂપે શાકોત્સવ બન્યો! (મહંત સ્વામી કે.પી. સ્વામી, જેતલપુર)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) મોરબી**

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી અને બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રીના આશીર્વાદથી શ્રીહરિના દિવ્ય ચરણોથી અંકિત પાવન પુણ્ય ભૂમિ મોરબી શહેરમાં અ.નિ. સા.ગુ. શા.સ્વા. ગોપાલચરણદાસજીની દિવ્ય પ્રેરણાથી અ.નિ. સાં. શીવુબાની ૪૦ વર્ષની કર્મભૂમિમાં અ.નિ. સાં. ધોળીબાના દિવ્ય સંકલ્પથી તેમના શિષ્ય સાં. રાજકુંવરબા તથા સાં. ઉષાબાની પ્રેરણાથી મોરબી દરબારગઢ પાસે આવેલા ૮૦ વર્ષ જુનું મંદિર જીર્ણ થતા તેના સ્થાને નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) ૨૫ વર્ષ પૂર્ણ થતા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ઉદ્ઘાટનના ઉપલક્ષમાં તા. ૪-૧૨-૧૦ થી તા. ૮-૧૨-૧૦ પર્યન્ત ભવ્ય રજત જયંતી મહોત્સવનું આયોજન કર્યું હતું.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ, ત્રિદિનાત્મક હરિયાગ તથા ૨૫ વર્ચનામૃત સહિતા પારાયણ થઈ હતી. પારાયણના વક્તા પદે સંપ્રદાયના સુપ્રસિદ્ધ યુવા કથાકાર સંત સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ) તથા સ.ગુ. શા.સ્વા. ધર્મજીવનદાસજી (મૂળી)એ સંગીતમય શૈલીમાં કથામૃત પાન કરાવ્યું હતું.

આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા. અને દર્શન આશીર્વાદનો લાભ આપ્યો હતો.

આ મહોત્સવ પ્રસંગે અમદાવાદ, છપૈયા, હરિદ્વાર, મૂળી, જેતલપુર, નારાયણઘાટ, કાંકરિયા, નાથદ્વારા, ધ્રાંગધ્રા, ચરાડવા અને મકનસર આદિ ધામોના સંતો પધાર્યા હતા. ધામોધામના સાંખ્યયોગી બાઈઓ પણ ૧૦૦ ઉપરાંત પધાર્યા હતા. આ પ્રસંગનું સુંદર સંચાલન સ.ગુ. શા.સ્વા. સૂર્યપ્રકાશદાસજી (વાંકાનેર) અને સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી (નારણઘાટ મહંતશ્રી) અને જયકૃષ્ણદાસજીએ શોભાવ્યું હતું.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં હરિભક્તોએ ઘણી સારી સેવા લખાવી હતી. મોરબી અને આજુબાજુના ગામોના હરિભક્તોને પાંચ દિવસ જમાડવાની સેવા સ્વયંસેવક ભાઈઓએ બજાવી હતી. (પ્રાણજીવન એમ. માકાસણા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) ધ્રાંગધ્રા (ઘાંચીવાડ)**

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે (બહેનોનું ઘાંચીવાડ) સાં. કંચનબા, સાં. હિરાબા અને સાં. ભગવતીબાની પ્રેરણાથી તા. ૨૬-૧૨-૧૦ ના રોજ પ્રસાદીના જોગાસર સરોવરે ભવ્ય શાકોત્સવનું સુંદર આયોજન કર્યું હતું. સાંખ્યયોગી બહેનો એ દેવ, આચાર્ય પરત્વેની નિષ્ઠા અને શિક્ષાપત્રી પ્રમાણે જીવન જીવવા ઉપર કથાવાર્તા કરી હતી. અહીંયા અ.નિ. સાં. સીતાબા, અ.નિ. સાં. ગૌરીબાનું શિષ્યમંડળ સત્સંગની ખૂબજ સારી પ્રવૃતિ કરે છે. આ જોગાસર સરોવરમાં મહારાજે ૬ માસ પર્યન્ત રહીને અનેકવાર જળક્રિડા કરીને સંતો ભક્તોને અલૌકિક સુખ આપ્યું હતું. ૫૦૦ જેટલા સત્સંગી બહેનોએ શાકોત્સવનો લાભ લીધો હતો.

(પ્રતિનિધિ અનીલભાઈ દુધરેજીયા)

**રતનપર મંદિરમાં શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રે મંદિરના વયોવૃદ્ધ સંત સ્વામી નરનારાયણદાસજીની શુભ પ્રેરણાથી રતનપર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૯-૧-૧૧ ના રોજ શાકોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે સુરેન્દ્રનગર મંદિરથી શા.સ્વા. સત્યસંકલ્પદાસજી તથા શા.સ્વા. સુવ્રતસ્વરૂપદાસજી એ કર્થા વાર્તાનો લાભ આપ્યો હતો. પાર્ષદ કાળુ ભગતની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળે પ્રેરણાત્મક સેવા બજાવી હતી. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

**વાંકાનેરમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની પધરામણી**

શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) વાંકાનેર ખાતે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી સુરેન્દ્રનગર મંદિરના સાં. કમળાબાની પ્રેરણાથી સત્સંગ સભાનું સુંદર આયોજન થયું હતું. પ્રાતઃ ૯ કલાકે ધૂન, કીર્તન સાથે બેન્ડ પાર્ટીના સુમધુર સૂર સાથે સંપ્રદાયની પ્રણાલિકા પ્રમાણે (પડદામાં) પ.પૂ. ગાદીવાળાશ્રીની બહેનોએ શોભાયાત્રા યોજી હતી. નિજ મંદિરમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ ઠાકોરજીની આરતી ઉતારીને સ્વયં શાકનો અલૌકિક વધાર કરી શાકોત્સવ ઉજવ્યો હતો. સાં. કોકીલાબા, સાં. ઉષાબા, સાં. જયાબા અને સાં. વિજયાબાએ કથાવાર્તા અને કીર્તન ભક્તિ કરીને સૌને રાજી કર્યા હતા. છેલ્લે સમસ્ત સભાને ખૂબજ રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. (હર્ષાબેન સોની)

**ભદ્રેશી ગામે મૂર્તિ પ્રતિષ્ઠા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી મૂળી શ્રીરાધાકૃષ્ણદેવ તાબાના ભદ્રેશી ગામ જ્યાં શ્રીહરિ અવાર-નવાર પધારેલા અને આ ભૂમિને તીર્થ ભૂમિ બનાવી છે. અત્રેનું મંદિર જીર્ણ થતા મૂળીના શા.સ્વા. રામકૃષ્ણદાસજી આદિ સંતોના સહયોગથી નૂતન મંદિર પૂર્ણ થતા તા. ૧-૧૨-૧૦ ને કારતક વદ-૧૦ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન આદિ સ્વરૂપોની પ્રાણ પ્રતિષ્ઠા વેદોક્ત વિધિથી સંપન્ન થઈ. આ પ્રસંગે પંચદિનાત્મક સત્સંગિજીવન કથા તથા ત્રિદિનાત્મક શ્રીહરિયાગનું આયોજન થયુ હતું. કથાના વક્તા સ્વામી રામકૃષ્ણદાસજીએ કથામૃત પાન કરાવ્યું હતું. અન્ય સામાજિક કાર્યક્રમોમાં ગામ સફાઈ અને વ્યસન મુક્તિના આયોજન સર્વાંગ રીતે સફળ થયા હતા.

સત્સંગીબહેનોના આગ્રહ ભર્યા આમંત્રણથી સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી ખાસ પધાર્યા હતા અને બહેનોને દર્શન આશીર્વાદનું સુખ આપી ખૂબજ રાજી થયા હતા. મૂળીના સ્વામી ધર્મનંદનદાસ અને સ્વામી ભક્તવત્સલદાસના માર્ગદર્શનથી ગામના સમગ્ર હરિભક્તોએ તન, મન અને ધનથી મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પરત્વેની નિષ્ઠા બજાવી હતી. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. (કોઠારીશ્રી, ભદ્રેશી)

**પ.પૂ. મોટા મહારાજશ્રીની પૂનામાં પધરામણી**

પૂના સત્સંગ સમાજની ઘણા વરસોની માગણી - આમંત્રણને સ્વીકારી આપણા પ.પૂ. મોટા મહારાજશ્રી તા. ૨૯, ૩૦ અને ૩૧ ઓકટોબરના સંત મંડળ સાથે પૂના પધાર્યા ત્યારે સૌ પ્રથમ પૂનાના કોઠારી નિર્લેપ સ્વામીએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું પુષ્પહાર પહેરાવી સ્વાગત કર્યું. ત્યારે સ્વામીએ વર્ષો પહેલાની યાદ તાજી કરાવીને કહ્યું આપશ્રીનો રાજીપો ત્યારે પણ એવો હતો જે હાલ આપ મારા પર રાજી છો.

પ્રાસંગિક સભામાં જેતલપુર ધામના પૂ. પી.પી. સ્વામી, મૂળી

મહંત સ્વામી, જુનાગઢ અને માંગરોળના પૂજ્ય સંતોએ પ.પૂ. મોટા મહારાજશ્રીના દિવ્ય સંકલ્પ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની વિગતવાર સૌને માહિતી અને સંપ્રદાયમાં અને વિશ્વમાં પણ અજોડ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ બનશે. ત્યારબાદ પ.પૂ. મોટા મહારાજશ્રીએ આશીર્વાદ આપતા કહ્યું કે અહીંના સત્સંગીઓનો પ્રેમ જોઈ ખૂબજ આનંદ થાય છે. હવે ટુંક સમયમાં શ્રીજી મહારાજની પ્રસાદીની વસ્તુઓના શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં આપ સૌને અલૌકિક દર્શન થશે.

વિશેષ વાત કરતા જણાવ્યું કે અમારા પૂ. પિતાશ્રીના લગ્ન વારાણસીમાં હતા. તે વખતે આચાર્ય મહારાજશ્રીના લગ્ન એટલે શહેરમાં ખૂબ ધામધૂમથી વરઘોડો નિકળ્યો હતો. વરઘોડામાં પાળાઓ (પાર્ષદો) હરિભક્તો તલવાર, બંધુક સજાવીને ખૂબજ આનંદથી ઉલ્લાસથી નાચતા હતા. ત્યારે લગ્નના ઘણા મૂહુર્તો હતા તેથી અન્યના પણ વરઘોડા વારાણસીમાં નિકળ્યા હતા. તેથી ખબર ન પડતા ઘણા તેઓના વરઘોડામાં નાચવા લાગ્યા. પછી ખબર પડી કે આ તો બીજાનો વરઘોડો છે ! તેમ આપણે પણ બીજાના વરઘોડામાં ન જવાય તેનું ખાસ ધ્યાન રાખવું. બીજી એક વાત કલ્યાણ માટેની કરી કે એક પ્રોફેસર ટીકીટ લઈ ટ્રેનમાં બેસી ગયા. ટીકીટ ચેકર આવ્યો પણ ટીકીટ મળે નહીં. ત્યારે ટીકીટ ચેકરે કહ્યું ગોતી રાખો હું આવું છું. પાછા આવ્યા પણ પ્રોફેસરને ટીકીટ ન મળી. ત્યારે ટીકીટ ચેકર કહે કાંઈ વાંધો નહી તમે સારા સંસ્કારી માણસ છો. તેથી ટીકીટ તો લીધી જ હશે. ત્યારે પ્રોફેસર કહે પણ ટીકીટ ઉપર ક્યા સ્ટેશને ઉતરવાનું છે તેનું નામ લખેલ માટે ગોતુ છું. તેમ આપણે પણ ક્યાંથી આવ્યા છીએ ને ક્યાં જવાનું છે તે ખાસ ધ્યાન રાખવું. બીજી એક વાત કરી કે એક કરોડપતિ શેઠે એક મોટા આર્કિટેક પાસે બંગલાનો નકશો તૈયાર કરાવ્યો. નકશો જોઈ શેઠે કહ્યું બધું જ બરાબર છે પણ એક પંખો આ જગ્યાએ મૂકો. આર્કિટેક કહે, ભલે શેઠ પંખો મુકાવું પણ નીચે પટ્ટી ચોડીને લખવું પડશે આ પંખો શેઠની સહમતીથી મૂકેલ છે. આર્કિટેકની સહમતી ન હતી. કહેવાનું તાત્પર્ય એ છે કે એક આર્કિટેક તેના નિયમમાં સિધ્ધાંતમાં ફેરફાર ન કરે તો આપણે સર્વ અવતારના અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના નિયમ કે આજ્ઞામાં ફેરફાર કેમ કરી શકીએ. છેલ્લે સૌ હરિભક્તોને શ્રી નરનારાયણદેવ અને લક્ષ્મીનારાયણદેવની ગાદી ને વફાદાર રહી સત્સંગ કરવા ભલામણ કરી હતી. ત્રણ દિવસ દરમ્યાન અનેક સત્સંગીઓ અને ધર્મપ્રેમીજનો ને ત્યાં પધરામણીઓ કરીને અતિ રાજી થઈ - સ્વયંના હસ્તાક્ષર રૂપી આશીર્વાદ આપી ખૂબજ પ્રસન્ન થયા હતા.

(જીતેન્દ્રભાઈ સોની પૂના)

## વિદેશ સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર ઈટાસ્કા શિકાગો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શિકાગોશ્રી સ્વામિનારાયણ મંદિરમા ધનુર્માસ ધામધૂમથી ઉજવાયો. મહંત શા. સ્વા. ધર્મવલ્લભદાસજી અને પૂજારી સ્વા. હરિનંદનદાસજીના માર્ગદર્શન મુજબ ઠાકોરજીની મંગળા આરતી બાદ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન અને ત્યારબાદ ઠાકોરજીની શણગાર આરતી અને રાજભોગ આરતી કરવામાં આવતી. મહંત સ્વામીએ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત શ્રીહરિગીતાની કથા હરિભક્તોને સંભળાવી હતી. મહંત સ્વામીએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીએ ઈસો. ના પ્રમુખ તરીકે શિકાગોના પ.ભ. જગદીશભાઈને નિયુક્ત કર્યા તેની જાહેરાત કરતા પૂ. હરિનંદન સ્વામીએ કહ્યું કે પ.ભ. જગદીશભાઈ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદ થી આઈ.એસ.એસ.ઓ. ની ખૂબજ સેવા કરે અને સત્સંગીઓનો પ્રેમ સંપાદન કરે તેવી શ્રીહરિને પ્રાર્થના કરી હતી. સભામાં ઉપસ્થિત શ્રી ઘનશ્યામભાઈ (મોટા ભગત) પ્રવિણભાઈ (નાના ભગત) વિષ્ણુભાઈ સોલીયા, દિનેશભાઈ જોશી, ભરતભાઈ, અમીન, ઠાકોરભાઈ પટેલ, હરિકૃષ્ણ પટેલ, વિક્રમભાઈ પટેલ, અને યુવક મંડળ તરફથી પૂર્વિશ પટેલ અને વિવેક બ્રહ્મભટ્ટે પણ જગદીશભાઈને અભિનંદન પાઠવ્યા હતા. મહંત સ્વામીએ પુષ્પહાર પહેરાવી શ્રી જગદીશભાઈનું સન્માન કર્યું હતું. આપણા મંદિરમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ.મોટા મહારાજશ્રીની કૃપાથી સત્સંગની પ્રવૃતિ સુંદર ચાલે છે.

(વિવેક બ્રહ્મભટ્ટ, યુવક મંડળ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો

ધનુર્માસમાં છેલ્લા દિવસે અન્નકૂટના દર્શન કરાવવામાં આવ્યા હતા. ડિટ્રોઈટથી સ્વામી સ્વયં પ્રકાશદાસજી પણ પધાર્યા હતા. ઉત્તરાયણના સભામાં ઝોળી ફેરવી હતી. હરિભક્તોએ પણ દાન-ધર્માદો કરી જીવનને સાર્થક કર્યું હતું.

મહંત સ્વામીની દોરવણી હેઠળ યુવા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંતો યુવાનો અને બાળકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. શા. ધર્મવલ્લભ સ્વામી, પૂજારી સ્વામી અને સ્વયં પ્રકાશ સ્વામીએ ધર્મ, નિયમ, પંચવિષય અને નિરવ પટેલે થાળ માનસી પૂજા વિશે સમજાવ્યું હતું. મિલન પટેલ, હિરેન પટેલ, મિતુલ પટેલ આદિ યુવાન હરિભક્તોએ પોતાના વ્યક્તવ્ય આપ્યા હતા. યુવા શિબિરનું સંચાલન સંજય સોની અને વિવેક બ્રહ્મભટ્ટે ગુજરાતી અને અંગ્રેજીમાં કર્યું હતું.

(વસંત ત્રિવેદી)

### વોશિંગ્ટન ડી.સી. ઈસો. ચેપ્ટર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી વોશિંગ્ટન ડી.સી. માં સત્સંગની પ્રવૃતિ સારી ચાલે છે. ૩ ડિસેમ્બર અને ૧૮ ડિસેમ્બર અને ૧૫ જાન્યુઆરીના સત્સંગ સભા નિયમિત રૂપે થઈ હતી. જેમાં ધૂન, ભજન, કીર્તન, નિત્ય નિયમ, વચનામૃત (૨૭૩) વાચન અને ઠાકોરજીને થાળ આરતી હરિભક્તોએ સમૂહમાં કર્યા હતા. સતત ૪ કલાક સભામાં અનેક હરિભક્તો સત્સંગનો લાભ લેવા પધાર્યા હતા.

(કનુભાઈ પટેલ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર છપૈયાધામ(બાયરન) જ્યોર્જીયા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પૂજ્ય મોટા મહારાજશ્રી તેમજ સમગ્ર ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી છપૈયાધામ (બાયરન) ચેપ્ટરમાં સત્સંગની પ્રવૃતિ સારી ચાલે છે. દર રવિવારે સુંદર સત્સંગ સભાનું સુંદર આયોજન થાય છે. ને સભામાં, ધૂન, કિર્તન, નિત્ય નિયમ, કથાવાર્તાનો ઠાકોરજીને સુંદર થાળ સર્વે બહેનો ઘરેથી બનાવી મહારાજનો રાજીપો મેળવે છે. તા. ૨ જાન્યુઆરી રવિવારે સુંદર શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક બહનોએ ઘરેથી બાજરીના રોટલા, રીંગણનું શાક, માખણ, મરચા, ગોળ, છાશ, મૂળા ધરાવીને મહારાજનો રાજીપો મેળવ્યો હતો. દરેક હરિભક્તોએ આજ મારે ઓરડેના પદથી ધૂન, કિર્તન, કથાવાર્તા, નિત્ય નિયમ, થાળ કરી સુંદર રીતે શાકોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આવી રીતે સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી સત્સંગની પ્રવૃતિ સારી ચાલે છે.

(મહેન્દ્રભાઈ)

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

૧૦૧/- પરમાર મુક્તાબેન બચુલાલ ધૂળકોટ-વિલેપાર્લા
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- પરમાર જગદીશ બચુલાલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે નાઈરોબી
૧૦૧/- પરમાર મીનાબેન જગદીશભાઈ નાઈરોબી
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- કાછીયા રાજુભાઈ શાંતિલાલ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- ભાવસાર ખ્યાતિ રૂપેશભાઈ નવું સ્કુટર લીધું તે નિમિત્તે ઘાટલોડીયા
૧૧૧ ચૌધરી નિશિતકુમાર અલ્કેશભાઈ ચિ. પુત્ર ને બાલવા
શ્રી નરનારાયણદેવને ચરણે લગાડ્યો
૫૧૧/- ભાવસાર અલ્પેશકુમાર સેવંતીલાલ નવાવાડજ
અ.નિ. ડાહીબાના આશીર્વાદથી ગાડી લાવ્યા તે નિમિત્તે
૨૫૧/- પરમાર રૂચિતા જગદીશ એ.સી.સી.એ. નાઈરોબી
પાર્ટ-૧ માં ફર્સ્ટક્લાસ નિમિત્તે
૨૫૧/- પરમાર જગદીશ બચુલાલ નાઈરોબી(ધૂળકોટ)
ચિ. સ્નેહાની સગાઈ નિમિત્તે
૧૦૧/- ભાવસાર ધનલક્ષ્મીબેન વિનોદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કલોલ
૨૦૧/- પટેલ ઘનશ્યામભાઈ રમેશભાઈ અમદાવાદ
નવી ગાડી લાવ્યા તે નિમિત્તે
૧૦૧/- અ.નિ. રતનશી લખમણભાઈ વરૂના સ્મરણાર્થે જીરાગઢ
૧૫૦/- પટેલ દર્શનાબેન કલ્પેશભાઈ ચિ. દેવર્ષનાં જન્મનિમિત્તે મડાસણ
૧૦૦/- વાઘેલા કિરીટસિંહ બળવંતસિંહ ધનુર્માસ નિમિત્તે ગરોડીયા
૧૦૦/- વાઘેલા વર્ષાબા કિરીટસિંહ ધનુર્માસ નિમિત્તે ગરોડીયા
૧૦૧/- મોદી દિપીકાબેન બી. શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૦૧/- પટેલ વંશ મિનેષ નારણભાઈ જન્મદિન નિમિત્તે ડાંગરવા
૧૦૦/- ચૌહાણ હર્ષદભાઈ કુંવરજીભાઈ શુભ લગ્ન પ્રસંગે નવસારી
૨૫૧/- પટેલ રમણલાલ પ્રહલાદદાસ ઝુલાસણ
ચિ. પૌત્ર જય (હરિ)ના તા. ૩૦-૧૨ ના જન્મદિને
૧૦૦/- અ.નિ. રમા લક્ષ્મીબેનના સ્મરણાર્થે બોપલ
૧૦૧/- પટેલ રોહિતકુમાર બળદેવભાઈ લગ્ન પ્રસંગે વડુ
૧૦૦/- પટેલ લક્ષ્મણભાઈ કચરદાસ વિહાર
પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ શાકોત્સવ કર્યો તે નિમિત્તે
૧૫૧/- પટેલ દેવલ મફતલાલ માણેકપુર-અમેરિકા
શ્રી નરનારાયણદેવને રસોઈ નિમિત્તે
૧૦૧/- અનીતાબેન મુકેશભાઈ ચિ. કુશલની વર્ષગાંઠ નિમિત્તે વાવોલ
૧૦૧/- ભાવસાર નરેશભાઈ રામકૃષ્ણ જન્મદિન નિમિત્તે અમદાવાદ
૫૦૧/- પટેલ હરજીવનદાસ દેવજીભાઈ એલ.આઈ.સી.માં
એમ.ડી.આર.ટી. એજન્ટ થયા તે નિમિત્તે ગોઠીબ
૧૦૧/- મહેતા જય ભરતભાઈ અમેરિકાની સીટીઝન નિમિત્તે અમદાવાદ
૧૦૧/- ડૉ. ભરતભાઈ જે. મહેતા અમદાવાદ
ચિ. ડૉ. પ્રાર્થનાના ડૉ. નિરાલી સાથે લગ્ન નિમિત્તે
૨૦૧/- ચાવડા સંજય માવજીભાઈ સીડની (બળોલભાલ)
નવી ગાડી લીધી તે નિમિત્તે
૧૦૧/- ચૌધરી કાંતાબેન મોહનભાઈના સ્મરણાર્થે પ્રતાપપુરા
તા. ૨૮-૧૨-૧૦
૧૦૦/- પટેલ કુસુમબેન મનુભાઈ નવું સ્કુટર લાવ્યા તે નિમિત્તે ઘોડાસર
૧૦૧/- અ.સૌ. અ.નિ. શાંતુબેન કે. વાધાણી ૮ મી પુણ્યતિથિ નિમિત્તે ગાંફ
૨૦૧/- સોની શૈલેન્દ્રકુમાર રમેશચંદ્ર અમદાવાદ
ચિ. સુપુત્ર નિશાંતના તા. ૨૨-૧૧-૧૦ના લગ્ન પ્રસંગે
૫૦૧/- ટાંક ખુશાલભાઈ પરસોતમભાઈ અમરેલી
ચિ. શિલ્પાબેનના શુભ લગ્ન પ્રસંગે (તા.૧૨-૧૨-૧૦)
૧૦૦/- પટેલ પુરુષોતમદાસ હરજીવનદાસ ઉત્તરાયણ નિમિત્તે વડુ
૧૦૦/- પટેલ મંગુબેન પુરુષોત્તમદાસ ઉત્તરાયણ નિમિત્તે વડુ
૧૦૧/- પટેલ ભીખાભાઈ રણછોડભાઈ અમદાવાદ
નવું સ્કુટર લાવ્યા તે નિમિત્તે
૨૦૧/- સોની વિમલ હેમેન્દ્રભાઈ જન્મપ્રસંગે નવાવાડજ
૧૧૧/- અ.નિ. રણછોડલાલ સુરચંદદાસના સ્મરણાર્થે અમદાવાદ
૨૦૧/- ગજ્જર વિધિ આલોક એમ.ડી. એનેસ્થે અમદાવાદ
થીશીયામાં પાસ થયા તે નિમિત્તે
૨૦૧/- રાસોલ વિશ્વજીતસિંહ રાજેન્દ્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ઘોડાસર
૧૦૧/- કાછીયા રાજુભાઈ શાંતિલાલ અમદાવાદ
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૫૧/- હમીરાણી પ્રકાશકુમાર દયાળભાઈ નવું બાઈક લીધું તે નિમિત્તે મુંબઈ
૧૦૧/- તલસાણીયા ભુદરભાઈ વાલજીભાઈ જન્મદિન નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પંચાલ મીતાબેન ઘનશ્યામભાઈ જન્મદિન નિમિત્તે અમદાવાદ
૧૦૦/- ખરસાણી તન્મય પ્રફુલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- પ્રો. રમણભાઈ મગનદાસ પટેલ હિંમતનગર
નવું મકાન અને નવી ગાડી લીધી તે નિમિત્તે
૧૦૧/- મોદી રતિભાઈ ડી. શ્રીજી પ્રસન્નાર્થે નારણપુરા
૧૫૧/- પટેલ તન્મય રતિલાલ અમેરિકામાં કાયમી જોબ નિમિત્તે સાબરમતી
૧૦૦/- સોની હંસાબેન ઉપેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વિરમગામ
૧૦૧/- પટેલ અજય મનુભાઈ (વીણાબેન) દહેગામ
નવી ગાડી લાવ્યા તે નિમિત્તે
૧૫૦/- કોઠારીશ્રી અરવિંદભાઈ એચ. અમીન જનમદિન નિમિત્તે દહેગામ
૧૦૦/- પટેલ જીમી રમેશભાઈ નવું બૂલેટ લીધું તે નિમિત્તે અડાલજ
૧૦૦/- પટેલ દિવ્યકુમાર મનોજભાઈ ચૌલક્રિયા નિમિત્તે વડોદરા
૧૦૦/- કાછીયા ગોવિંદભાઈ વાડીલાલ બાલાસિનોર
નવું સ્કુટી લાવ્યા તે નિમિત્તે
૧૦૦/- પટેલ જડીબેન બાબુલાલના સ્મરણાર્થે વિહાર
૧૦૧/- મહેશભાઈ અને મનોજભાઈ બાબુભાઈ ટાંક મીરારોડ
શ્રીજી પ્રસન્નાર્થે
૧૦૫/- ચાવડા સત્યેન જેઠાલાલ નવું બાઈક લીધું તે નિમિત્તે નારણપુરા
૧૦૫/- રાઘવાણી અંશ પરેશકુમાર શ્રીજી પ્રસન્નાર્થે સુરત
૧૦૧/- પટેલ રાયજીભાઈ નાથાભાઈ નવી દુકાન લીધી તે નિમિત્તે કોઠંબા
૫૦૦/- પટેલ ધેનુ રજનીકાંત જન્મદિન નિમિત્તે આંબલીયાસણ
૧૦૧/- વાઘેલા આકાશી શિવસિંહ જન્મદિન નિમિત્તે ગરોડીયા
૧૦૧/- પટેલ નરેન્દ્રકુમાર મહેન્દ્રભાઈ આનંદપુરા
નવી ગાડી લાવ્યા તે નિમિત્તે
૨૦૨/- નરસિંહભાઈ શ્રી નરનારાયણદેવની કૃપાથી જીંજવા
જીભનું ઓપરેશન અને જીભની ચંદી મટી ગઈ તે નિમિત્તે
૨૦૦/- પટેલ નરેશભાઈ પ્રભુદાસ નવી લાડી લાવ્યા તે નિમિત્તે નાંદોલ
૧૦૦/- વાઘેલા વર્ષાબેન કિરીટસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૦/- પટેલ કલ્પેશભાઈ જયંતીભાઈ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે કલોલ
૫૦૧/- પટેલ રમેશભાઈ મણીલાલ રામનગર
ચિ. સ્મિતા અને મિતેષના લગ્ન પ્રસંગે

૧૦૧/- સિંધવ કાનજીભાઈ નારણભાઈ બળોલ-ભાલ
પૌત્ર હિતેષ કેનેડા અભ્યાસાર્થે ગયો તે નિમિત્તે
૧૦૧/- ચાવડા મયુર જસુભાઈ પ્રથમપગાર નિમિત્તે બળોલ-ભાલ
૧૦૧/- પરમાર વિશાલ જસવંતરાય જન્મદિન નિમિત્તે અંધેરી
૧૦૧/- પટેલ જસુભાઈ નારણભાઈ તેમના ખેરોલ
માતુશ્રી હિરાબેનના સ્મરણાર્થે
૧૫૧/- રમલાવત ખુમાનસિંહ એમ. ગાંધીનગર
ચિ. અનિરૂદ્ધસિંહની લગ્નની વર્ષ ગાંઠ નિમિત્તે
૧૦૧/- પટેલ રમણભાઈ છગનભાઈ ભાણી અવનીબેનના વક્તાપુર
લગ્ન પ્રસંગે
૨૫૧/- પટેલ લલીતાબેન ઈશ્વરભાઈના સ્મરણાર્થે ભાત
૧૦૧/- પટેલ ભાવેશકુમાર પ્રહલાદભાઈ લગ્ન પ્રસંગે. ખેરોલ
૧૦૧/- પટેલ જનકકુમાર શામજીભાઈ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે ખેરોલ
૧૦૧/- વાઘેલા તારાબેન ઘનશ્યામસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- વાઘેલા નરેન્દ્રસિંહ ઘનશ્યામસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- પટેલ મનસુખભાઈ ઉકાભાઈ રામેશ્વર યાત્રા નિમિત્તે રતનપુર
૧૦૦/- પટેલ જસુભાઈ હીરાભાઈ આકરૂંદ (બાયડ)
નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે
૧૦૦/- પટેલ નવિનભાઈ હીરાભાઈ આકરૂંદ (બાયડ)
નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે
૧૦૦/- પટેલ ચંદ્રેશકુમાર જસુભાઈ આકરૂંદ (બાયડ)
નવું કોમ્પ્યુટર લીધું તે નિમિત્તે
૧૦૧/- અ.નિ. પટેલ પ્રદિપકુમાર મોરારભાઈના સ્મરણાર્થે ગોઠીબ
૧૫૧/- પટેલ નરેન્દ્રકુમાર રમણલાલ લગ્ન નિમિત્તે વિહારવાળા
૧૦૧/- સોનેગ્રા પ્રકાશકુમાર કિશનભાઈ અમદાવાદ
નવી નોકરી મળી તે નિમિત્તે
૧૦૧/- પટેલ ઉષાબેન આશિષકુમાર શ્રીહરિ પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- મોદી અમૃતલાલ મણીલાલ અમદાવાદ
ચિ. ભાણા મંથનની બાબરી નિમિત્તે
૫૦૦/- રાઠોડ પાર્વતીબેન વિરાજીભાઈ કાંદીવલી
નવા ફલેટમાં મહાપૂજા નિમિત્તે
૫૦૦/- પટેલ સુરેશભાઈ શાંતિલાલ ડાંગરવા
અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે
૧૦૧/- અતુલભાઈ જી. કપુપરાના મમ્મી-પપ્પા ઉપલેટા
શ્રીમતી હેમલતાબેન તથા ગોપાલભાઈના લગ્નના પચાસ
વર્ષ પુર્ણ થયે રજત સુવર્ણ જયંતી ઉજવી તે નિમિત્તે

તા. ૧૯-૧-૨૦૧૧ સુધીની યાદી

## અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**અમદાવાદ :** સ.ગુ. સ્વામી મુકુન્દજીવનદાસજી ગુરુ મુનિ સ્વામી કેશવપ્રિયદાસજી (પાટડીવાળા) (ઉ. ૧૦૦ વર્ષ) તા. ૫-૧-૧૧ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**મોટપ :** પ.ભ. જી.કે. પટેલ (વિમલ પેઈન્ટસ - સ્કીમકમિટી સભ્યશ્રી)ના માતુશ્રી પ.ભ.અ.સૌ. પુરીબેન કાશીરામદાસ પટેલ સંવત ૨૦૬૭ પોષ વદ-૧૦ને તા. ૨૮-૧-૨૦૧૧ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. તેમના અક્ષરવાસથી મોટપ અને મહેસાણામાં બહેનોના સત્સંગમાં મોટી ખોટ પડી છે. શ્રીજી મહારાજ તેમના પરિવારને ધૈર્ય અને બળ આપે તેવી પ્રાર્થના.

**પ્રતાપપુરા :** પ.ભ. જસુભાઈ અમૃતભાઈ ચૌધરીના બહેન પ.ભ. કાંતાબેન મોહનભાઈ ચૌધરી તા. ૨૮-૧૨-૧૦ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ (ગોરાસુ-ધોલેરા) :** પ.ભ. કેતનભાઈ રાવલના પિતાશ્રી પ.ભ. હરિપ્રસાદભાઈ ગિરજાશંકર રાવલ તા. ૮-૧-૨૦૧૧ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ (હાલ ન્યુજર્સી) :** આપણા મંદિરના ભૂતપૂર્વ શાસ્ત્રી પ.ભ. હરિપ્રસાદ દલસુખરામજોષીના ધર્મપત્ની લલીતાબા માગસર સુદ-૧૨ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ (બોપલ) :** પ.ભ. દેવરંગજી (ઉસ્તાદ સાહેબ)ના માતુભાઈ પ.ભ. રમા લક્ષ્મી નરહરિપ્રસાદ ભટ્ટ તા. ૯-૧૨-૨૦૧૦ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ :** પ.ભ. અશોકભાઈ ડાહ્યાભાઈ ઠક્કર (શ્રી નરનારાયણ આયુર્વેદિક ફાર્મસીવાળા) તા. ૧૫-૧-૨૦૧૧ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ધરમપુર (ગાંધીનગર) :** પ.ભ. રાણા પ્રતાપજી મોતીજી તા. ૨૫-૧૧-૨૦૧૦ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**વિહાર :** પ.ભ. જડીબેન બાબુલાલ તા. ૨૧-૧૨-૨૦૧૦ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**માણસા :** પ.ભ. ગણેશભાઈ ત્રિભોવનદાસ પટેલ તા. ૧૫-૧-૨૦૧૧ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**બાલવા :** પ.ભ. ચૌધરી પ્રેમાભાઈ ભેમાજી તા. ૨૨-૧-૨૦૧૧ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**બાલવા :** પ.ભ. ચૌધરી મોહનભાઈ ગોવાજી તા. ૧૭-૧-૨૦૧૧ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટિંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.











(૧). પૂના મંદિરમાં હાલારના હરિભક્તોના આમંત્રણથી પ.પૂ.મોટા મહારાજશ્રીની નિશ્રામાં કથા કરતા હરિૐ સ્વામી અને પૂ.આત્મપ્રકાશ સ્વામી ,મૂળી મહંત સ્વામી અને યુવક મંડળ.(૨). કાંકરિયા મંદિરમાં ધનુર્માસમાં ધૂન પ્રસંગે આશીર્વાદ આપતાં પ.પૂ. મહારાજશ્રી. (૩). પોર મંદિરમાં પારાયણ પ્રસંગે આશીર્વાદ આપતાં પ.પૂ.મહારાજશ્રી સાથે મહંત સ્વામી અને સમૂહ આરતી ઉતારતાં હરિભક્તો. (૪). જેતલપુરધામમાં ધનુર્માસમાં ધૂન કરતાં પૂ.પી.પી. સ્વામી, પૂ.આત્મપ્રકાશ સ્વામી અને સંત -હરિભક્તો. (૫). મહેસાણામાં રક્તદાન શિબિરમાં રક્તદાન કરતાં સ્વામી નારાયણપ્રસાદદાસજી (મહંતશ્રી) અને નરનારાયણદેવ ગાદીના નિષ્ઠાવાન ડો. જી.કે. પટેલ ૧૬૦ વખત રક્તદાન કરીને નવો વિક્રમ સ્થાપ્યો. આ પ્રસંગે આશીર્વાદ આપતાં શા. આત્મપ્રકાશદાસજી.

Registered under RNI-GUJGUJ/2007/20221"Permitted to post at
Ahd PSO on 11th every month under postal REG. NO. GAMC.-003/9-11 issued SSP Ahd Valid
up to 31-12-2011 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/07-08 valid up to 31/12/2011







શ્રી સ્વામિનારાયણ મંદિર લોસ એન્જલસમાં દશાબ્દી મહોત્સવ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી ના વરદ્ હસ્તે ઠાકોરજીનો અભિષેક, શણગાર-અન્નકૂટ આરતીના દર્શન




Jagdish Offset

Praful Kharsani